■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com
■ 16 July 2025, Wednesday ■ REGD.No. MCS/058/2024-26

R.N.I. No. 1563/1957 ★

# દૈનિક મુંબઈ સમાચાર

૨૦૪ વર્ષ

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68
■ Issue 167 ■ વિક્રમ સંવત ૨૦૮૧ ■ અષાઢ વદ-૬ ■ મુંબઈ

બુધવાર, ૧૬ જુલાઈ ૨૦૨૫ (૧૨ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦



# વેલ કમ બેક...




ANTARA
GOLD & DIAMONDS
DADAR | BORIVALI
TODAY'S GOLD RATE
₹ 89,640/-
PER 10 GRAMS OF 22KT
BIS HALLMARKED JEWELLERY
જુના સોનાના ઘરેણા
શ્રેષ્ઠ ભાવે ખરીદીશું
DIAMOND JEWELLERY
VVS-VS F-G QUALITY
CERTIFIED NATURAL DIAMONDS
DADAR 022 4041 5565 | BORIVALI 022 6811 5565
OPEN ON ALL DAYS

## શુભાંશુ શુકલા સ્મિત સાથે ડ્રેગન સ્પેસક્રાફ્ટમાંથી બહાર આવ્યાઃ ભારતના સમાનવ અવકાશ મિશનની દિશામાં આ એક અગત્યનું કદમ

નવી દિલ્હીઃ ભારતીય અવકાશયાત્રી શુભાંશુ શુકલા સહિત ચાર અવકાશયાત્રી ‘એક્સિઓમ-૪’ મિશનના અંતે મંગળવારે ડ્રેગન ગ્રેસ સ્પેસક્રાફ્ટમાંથી સ્મિત સાથે બહાર આવ્યા હતા.

ચાર દાયકા બાદ ભારતીય અવકાશયાત્રીની આ પ્રથમ અવકાશયાત્રા ભારતની ભાવિ સમાનવ સ્પેસફ્લાઇટ - ‘ગગનયાન’ની મહત્ત્વાકાંક્ષાની દિશામાં અગત્યનું કદમ સાબિત થશે. દેશની અવકાશી સંસ્થા ‘ઇસરો’એ શુભાંશુની આ અવકાશયાત્રા માટે અંદાજે રૂપિયા ૫૫૦ કરોડનો ખર્ચ કર્યો હતો. ભારતનો ‘ગગનયાન પ્રોજેક્ટ’ ૨૦૨૭માં હાથ ધરવાની યોજના છે.

કમર્શિયલ મિશન ‘એક્સિઓમ-૪’ના ‘ટ્રાન્સપોર્ટર’ - સ્પેસએક્સના ગ્રાઉન્ડ સ્ટાફે ૩૯ વર્ષીય શુભાંશુ શુકલા, કમાંડર પેગી વાઇટસન અને મિશનના સ્પેશિયાલિસ્ટ્સ - પોલૅન્ડના સ્લાવોઝ અઝનાન્સ્કી-વિસ્નીવસ્કી અને હંગેરીના ટિબોર કાપુને અવકાશયાનમાંથી (જુઓ પાનું ૨) ▸▸

## રખડતા શ્વાનોને તમારા ઘરમાં બોલાવી કેમ નથી ખવડાવતા?: સુપ્રીમ કોર્ટનો અરજદારને સવાલ

નવી દિલ્હી : નોઈડામાં ગલીનાં કૂતરાને ખવડાવવા અંગેની અરજી સાંભળતા સર્વોચ્ચ અદાલતે મંગળવારે અરજદારને સવાલ કર્યો હતો કે તમે તમારા ઘરમાં કેમ કૂતરાને ખવડાવતા નથી.

જસ્ટિસ વિક્રમ નાથ અને સંદીપ મહેતાની બેન્ચે અરજદારના વકીલને સવાલ કર્યો હતો કે શું આપણે દરેક ગલી, દરેક રોડ આવા દરિયાદિલના માણસો માટે છોડી દેવા જોઈએ? પ્રાણીઓ માટે બધી જગ્યા હોવી જોઈએ અને માણસો માટે નહીં ?

(જુઓ પાનું ૨) ▸▸

## અમેરિકામાં ભયંકર વરસાદ, પૂરનો કેરઃ ન્યૂ યોર્કના રસ્તા, સબવેમાં પાણી ભરાયાં



**બેહાલઃ**
ન્યૂ યૉર્કમાં ભારે વરસાદને લીધે ઘણાં રસ્તાઓ પર પાણી ભરાયાં હતાં.

ન્યૂ યોર્ક : સોમવારે રાત્રે અમેરિકાનાં ઇશાનના કેટલાક ભાગોમાં ભારે વરસાદ પડ્યો હતો, જેના કારણે ન્યૂ યોર્ક અને ન્યૂ જર્સીના કેટલાક ભાગોમાં અચાનક પૂર આવ્યું હતું અને વાહનો રસ્તા પર ફસાઈ ગયા હતા, સબવે લાઇન બંધ થઈ ગઈ હતી અને કટોકટીની સ્થિતિ જાહેર કરવામાં આવી હતી. સબવે સ્ટેશનોમાં પાણી ભરાયાં હતાં.

ધોધમાર વરસાદ ને કારણે ન્યુ જર્સી, ન્યૂ યોર્ક, પેન્સિલવેનિયા અને આસપાસના વિસ્તારોમાં અચાનક પૂરની

(જુઓ પાનું ૨) ▸▸

‘યાત્રાપ્રવાસ’
* સત્સંગ - વાંચન કાર્યક્રમ
તારીખ ૧૧ થી ૨૮ જુલાઈ, ૨૦૨૫



હું મારા આત્મસ્વરૂપમાં લીન થાઉં છું - શ્રી રાજકોટ
સાત વર્ષની ઉંમરે જાતિસ્મરણ જ્ઞાન - શ્રી વવાણિયા
ત્રણ દિવસમાં મોક્ષમાળાનું સર્જન - શ્રી મોરબી
લગ્નના ફેરા ફરવા નહીં, ભવના ફેરા ઉકેલવા - શ્રી મોરબી
આવો સોભાગભાઈ, ગલ્લામાંની કાપલી વાંચો - શ્રી જેતપર
આવો હેમરાજભાઈ, આવો માલશીભાઈ - શ્રી રાજકોટ
યુ ટ્યૂબ ચેનલ -
RAJBHAKTI - DR. DEEPAK TURAKHIA
સૌજન્ય - Dr. KETAN PANCHAMIA
CALL - 98197 71260, KANDIVALI, MUMBAI.
KParth

## યમનમાં કેરળની નર્સની ફાંસીની સજા મુલતવી

### ભારતના સુન્ની મુસ્લિમ નેતાના પ્રયાસો કામ લાગ્યા

નવી દિલ્હીઃ મૂળ કેરળની નર્સ નિમિષા પ્રિયાને યમનમાં ૧૬મી જુલાઈના રોજ મૃત્યુદંડ આપવાનું નક્કી થયું હતું. જોકે યમનના સ્થાનિક અધિકારીઓએ નિમિષા પ્રિયાની ફાંસીની સજા મુલતવી રાખી છે.

સૂત્રોએ જણાવ્યું હતું કે મામલો સંવેદનશીલ હોવાથી, ભારતીય અધિકારીઓ સ્થાનિક જેલ તંત્ર અને ફરિયાદી પક્ષના વકીલો સાથે નિયમિત સંપર્કમાં છે. હાલમાં ચાલી રહેલી (જુઓ પાનું ૨) ▸▸

## સમોસા, જલેબી, લાડુ પર હેલ્થ વૉર્નિંગનો આદેશ નથીઃ સરકારની સ્પષ્ટતા

નવી દિલ્હીઃ દેશના આરોગ્ય મંત્રાલયે મંગળવારે સ્પષ્ટતા કરી હતી કે સમોસા, જલેબી અને લાડુ જેવી ખાવાની ચીજોના પૅકેટ પર આરોગ્ય માટે હાનિકારક હોવાની ચેતવણી આપતું લેબલ લગાવવાનો કોઇ આદેશ નથી અપાયો. તેણે જણાવ્યું હતું કે અમે સ્વાસ્થ્યને લગતી જનજાગૃતિ લાવવા માટે સમોસા, જલેબી, લાડુ જેવી (જુઓ પાનું ૨) ▸▸



**એક્સ્ટ્રા અફેર**

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# લોર્ડ્સમાં હારઃ યુવા ટીમે ભૂતકાળની ભૂલ દોહરાવી

**લીડ્સમાં** રમાયેલી પહેલી ટેસ્ટમાં હાર પછી એજબેસ્ટનની બીજી ટેસ્ટમાં ભારતે શાનદાર જીત મેળવી ત્યારે લાગેલું કે, શુભમન ગિલની યુવા ભારતીય ટીમ ભૂતકાળની ટીમો કરતાં અલગ ટેમ્પરામેન્ટ ધરાવે છે. લોર્ડ્સ પર રમાયેલી ત્રીજી ટેસ્ટમાં હાર પછી લાગે છે કે, આ ટીમ પાસે ટેમ્પરામેન્ટ છે પણ આ ટેમ્પરામેન્ટનો ઉપયોગ ભૂતકાળની ભૂલોને નહીં દોહરાવવા માટે કરવાની સમજ નથી.

લોર્ડ્સમાં બોલરોના જોરદાર પ્રદર્શન પછી ભારત માટે ઐતિહાસિક જીતની તક હતી પણ ભારતીય ટીમના કહેવાતા ધુરંધરોએ બેજવાબદારીભરી બેટિંગ કરીને એ તક વેડફી નાંખી. ભૂતકાળમાં ભારતીય બેટ્સમેન ધીરજથી પિચ પર ટકી રહેવાના બદલે હીરોગીરી કરવાના ચક્કરમાં આઉટ થતા. આપણે ઘણી મેચો એ રીતે હારેલા. લોર્ડ્સમાં પણ એ જ ઈતિહાસનું પુનરાવર્તન થયું ને ૧૯૩ રન જેવો મામૂલી સ્કોર આપણી ટીમ ચેઝ ના કરી શકી. ઈંગ્લેન્ડના બોલરોએ અસામાન્ય બોલિંગ નથી કરી પણ આપણે સામાન્ય બેટિંગ પણ ના કરી શક્યા તેમાં હારી ગયા.

આપણા ગુજરાતી બાપુ રવિન્દ્ર જાડેજાએ ૪ કલાક કરતાં વધારે સમય પિચ પર ઊભા રહીને ઈંગ્લેન્ડના બોલરોના આક્રમણને ખાળીને ક્લાસિક ઈનિંગ રમી બતાવી. બાપુએ ૧૮૧ બોલમાં અણનમ ૬૧ રન કરીને સાબિત કર્યું કે, ધીરજ અને મક્કમતા હોય તો પિચ પર ઊભા રહી શકાય છે અને રન પણ કરી શકાય છે. કમનસીબે, કે. એલ. રાહુલને બાદ કરતાં બીજો કોઈ ધુરંધર બેટ્સમેન એવો ટેમ્પરામેન્ટ ના બતાવી શક્યો. આપણા ટોપ ઓર્ડરમાંથી બીજા બે બેટ્સમેને જ બાપુ જેવો ટેમ્પરામેન્ટ બતાવ્યો હોત ને કલાક-કલાક ઊભા રહીને પચાસેક રનની એક જ સારી પાર્ટનરશિપ કરી હોત તો લોર્ડ્સ ટેસ્ટ ભારતના નામે લખાઈ ગઈ હોત.

ભારતના ટોપ ઓર્ડરમાં યશસ્વી જયસ્વાલ, શુભમન ગિલ અને રિષભ પંત ત્રણેય જબરદસ્ત ફોર્મમાં રમે છે એ જોતાં ત્રણેય પાસેથી વધારે નહીં તો વીસ-પચ્ચીસ રનની આશા તો રખાય જ. તેના બદલે ત્રણેયે મળીને ૧૫ રન કર્યા. યશસ્વી જયસ્વાલ સાવ ખરાબ શોટ રમીને આઉટ થયો. ભારતે ૧૯૩ રનનો સ્કોર જ ચેઝ કરવાનો હતો એ જોતાં કોઈ ઉતાવળ કરવાની જરૂર જ નહોતી. નવા બોલ પર પુલ શોટ મારવા જાઓ એટલે બોલ પિચની આસપાસ ઉછળી જ જાય એ વાત દરેક ઓપનિંગ બેટ્સમેન જાણતો જ હોય છે છતાં જયસ્વાલ આ શોટ રમ્યો એ તેની અપરિપક્વતા કહેવાય. જયસ્વાલ ગયો પછી ગિલ, કરૂણ નાયર અને પંતે પણ મક્કમતા બતાવી હોત તો કદાચ બીજા કોઈએ બેટિંગમાં આવવાની જરૂર જ ના પડી હોત. રાહુલ એક છેડો સાચવીને રમતો જ હતો તેથી બીજા છેડે તેને સાથ આપવાની જ જરૂર હતી.

આપણા ટોપ ઓર્ડરના બેટ્સમેન કરતાં તો સાવ પૂંછડિયા નીતિશ કુમાર રેડ્ડી, જસપ્રિત બુમરાહ અને મોહમ્મદ સિરાજ વધારે દૃઢ મનોબળવાળા સાબિત થયા. રેડ્ડીએ સવા કલાક ખેંચી કાઢેલા ને ૧૪ રન કર્યા જ્યારે જસપ્રિત બુમરાહ પૂરી ૧૦૪ મિનિટ અને સિરાજ ૬૪ મિનિટ ઊભો રહ્યો. રેડ્ડી તો ઓલરાઉન્ડર છે એટલે એ ટક્યો તેનું બહુ આશ્ચર્ય નથી પણ બુમરાહ અને સિરાજે બતાવેલા ટેમ્પરામેન્ટને સલામ મારવી જોઈએ.

ભારતે ૧૧૨ રનમાં ૮ વિકેટ ખોઈ દીધેલી એટલે સવાસો રનમાં તો પડીકું થઈ જશે એવું લાગતું હતું પણ જાડેજા બાપુ બુમરાહ અને સિરાજની મદદથી છેક ૧૭૦ રન લગી ખેંચી ગયા. લંચ પછી પતી જાય એવી લાગતી મેચ ટી બ્રેક પછી પણ ખેંચાઈ ગઈ ને એક તબક્કે તો એવું લાગવા માંડેલું કે, ભારત આ મેચ જીતી શકે છે. સિરાજ જે રીતે ડગ્યા વિના બેટિંગ કરતો હતો ને જાડેજા બાપુ ઠંડે કલેજે જામેલા હતા તેના કારણે મેચ પાછી ભારતના હાથમાં આવી ગયેલી લાગતી હતી.

કમનસીબે સિરાજ આઉટ થઈ ગયો ને તક જતી રહી. સિરાજ પાછો સારા બોલમાં આઉટ થયો નથી પણ કમનસીબીભરી રીતે નજર હટી તો દુર્ઘટના ઘટીની જેમ જરાક આઉટ થયો તેથી આ હારનો વધારે અફસોસ થાય. વધારે અફસોસ એ વાતનો થાય કે, રવિન્દ્ર જાડેજાની મહેનત પર પાણી ફરી વળ્યું. રવિન્દ્ર જાડેજા બેટિંગમાં આવ્યો ત્યારે ભારતની ૫ વિકેટો ૭૧ રનમાં જતી રહેલી ને ઈંગ્લેન્ડની ટીમ જોશમાં હતી પણ બાપુએ એકલા હાથે ઈંગ્લેન્ડના જોશ પર પાણી ફેરવી દીધું એમ કહીએ તો ચાલે.

બાપુએ સાતમા નંબરે બેટિંગમાં આવીને ટીમને ઉગારી પણ જીતાડી ગયા હોત તો એક કાયમનું સંભારણું બની ગયું હોત. બાપુને લોકો કિંગ ઓફ લોર્ડ્સ તરીકે યાદ કરત પણ જાડેજાના નસીબમાં એ જશ નહીં લખાયેલો હોય. જાડેજાએ ૨૦૧૯ના વર્લ્ડકપની સેમી ફાઈનલમાં ન્યૂઝીલેન્ડ સામે આવી જ જબરદસ્ત ઈનિંગ રમીને ભારતને જીતના આરે લાવી દીધેલું પણ મહેન્દ્રસિંહ ધોની આઉટ થયો ને ભારત હારી ગયેલું. આ વખતે તો જાડેજાએ પોતે કોઈ ભૂલ ના કરી પણ બીજાની ભૂલોના કારણે ઈતિહાસ રચવાની તક છિનવાઈ ગઈ.

યોગાનુયોગ લોર્ડ્સ પર આપણે ૧૪ જુલાઈએ હાર્યા ને ઈંગ્લેન્ડના કેપ્ટન બેન સ્ટોક્સે આ હારને નેટવેસ્ટ ટ્રોફીની ફાઈનલમાં ઈંગ્લેન્ડની હાર સાથે જોડીને આપણને ચીંટિયો ભરી લીધો. ૧૩ જુલાઈ ૨૦૦૨ના રોજ લોર્ડ્સ મેદાન પર મોહમ્મદ કૈફ અને યુવરાજ સિંહની જાદુઈ ઇનિંગની મદદથી ભારતે ફાઈનલમાં ૩૨૫ રનનો તોતિંગ સ્કોર ચેઝ કરીને ઇંગ્લેન્ડને હરાવીને નેટવેસ્ટ સિરીઝ પર કબજો જમાવ્યો હતો. એ વખતે લોર્ડ્સની બાલ્કનીમાં ઊભા રહીને ગાંગુલીએ પોતાનું ટી-શર્ટ ઉતારીને હવામાં લહેરાવીને ઈંગ્લેન્ડના એન્ડ્રુ ફ્લિનટોફને જવાબ આપ્યો હતો. ફ્લિંનટોફે ૩ ફેબ્રુઆરી ૨૦૦૨ના રોજ મુંબઈના વાનખેડે સ્ટેડિયમમાં ભારતને હરાવીને પોતાનું ટી-શર્ટ કાઢીને મેદાનમાં દોડ લગાવી હતી. લોર્ડ્સની બાલ્કનીમાંથી ટી-શર્ટ લહેરાવીને ગાંગુલીએ જવાબ આપેલો.

બેન સ્ટોકે મેચ પત્યા પછી કહ્યું કે, પાંચમા દિવસની રમત શરૂ થઈ એ પહેલાં પોતે જોફ્રા આર્ચર સહિતના ટીમના ખેલાડીઓને આ મેચના ક્લિપિંગ બતાવીને કહેલું કે, ૨૩ વર્ષ પહેલાં ભારતે લોર્ડ્સ પર જીત મેળવીને કરેલા જશ્નનું પુનરાવર્તન ના થવું જોઈએ. પોતાની ટીમે આ વાતને ગંભીરતાથી લઈને ભારતને ના જીતવા દીધું. ગાંગુલીએ પોતે સ્વીકારેલું કે, લોર્ડ્સમાં જીત્યા પછી ટી-શર્ટ ઉતારીને સેલિબ્રેટ કરવું યોગ્ય નહોતું પણ ફાઈનલમાં ઝહીર ખાને વિનિંગ શોટ મારતાં જ હું મારી જાતને રોકી શક્યો નહોતો.

લોર્ડ્સ પર ભારત જીત્યું હોત તો કદાચ ફરી એ જ સેલિબ્રેશન જોવા મળી શક્યું હોત. ■

## આજનું પંચાંગ

**પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા**

દક્ષિણાયન – સૌર વર્ષાઋતુ પ્રારંભ, બુધવાર, તા. ૧૬-૭-૨૦૨૫, ભદ્રા પ્રારંભ, સૂર્ય કર્ક સંક્રાંતિ

- ભારતીય દિનાંક ૨૫, માહે અષાઢ, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૭, અષાઢ વદ-૬
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે અષાઢ, તિથિ વદ-૬
- પારસી શહેનશાહી રોજ ૬ઠ્ઠો ખોરદાદ માહે ૧૨મો સ્પેન્દાર્મદ, સને ૧૩૯૪
- પારસી ફસલી રોજ ૧લો હોરમજદ, માહે ૧લો ફરવરદીન, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૨૮મો જમીઆદ, માહે ૫મો અમરદાદ, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૨૦મો, માહે ૧લો મોહર્રમ, સને ૧૪૪૭
- મીસરી રોજ ૨૧મો, માહે ૧લો મોહર્રમ, સને ૧૪૪૭
- નક્ષત્ર ઉત્તરાભાદ્રપદા મધ્યરાત્રિ પછી ક. ૨૮-૪૯ સુધી, પછી રેવતી
- ચંદ્ર મીનમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ મીન (દ, ચ, ઝ, થ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૧૧, અમદાવાદ ક. ૦૬ મિ. ૦૫, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૯ મિ. ૧૭, અમદાવાદ ક. ૧૯ મિ. ૨૬, સ્ટા. ટા.
- -ઃ મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ ઃ-
- ભરતીઃ બપોરે ક. ૧૫-૩૫, મધ્યરાત્રિ પછી ક. ૦૪-૧૨ (તા. ૧૭)
- ઓટઃ સવારે ક. ૦૯-૦૫, રાત્રે ક. ૨૨-૦૫
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, 'અનલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ'નામ સંવત્સર, અષાઢ કૃષ્ણ - ષષ્ઠી. પંચક, સૂર્ય કર્કમાં સાંજે ક. ૧૭-૩૩, મું. ૪૫, સમર્ઘ, સંક્રાંતિ પુણ્યકાળ સૂર્યોદયથી સાંજે ક. ૧૭-૩૦. માનસપૂજા પ્રારંભ (બંગાળ), ભદ્રા પ્રારંભ રાત્રે ક. ૨૧-૦૧, સૂર્ય મહાનક્ષત્ર પુનર્વસુ, વાહન અશ્વ.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ કાર્ય વર્જ્ય છે.
- મુહૂર્ત વિશેષઃ સંક્રાંતિ પુણ્યકાળ સૂર્યોદયથી સાંજે ક. ૧૭-૩૦ સુધી છે. આ સમયમાં તીર્થમાં સ્નાન જપ તપ, દાન, બ્રાહ્મણ પૂજન, શ્રી વિષ્ણુ પૂજન, ઋષિતર્પણ, પિતૃતર્પણ, સૂય, શિવ પૂજા, પ્રાયશ્ચિત્ત સ્નાન, પ્રયાગ, હરિદ્વાર, બદ્રીનાથ, ગંગા, ગોદાવરી, વેરાવળ સંગમ તીર્થ ઈત્યાદિમાં વિશેષ સ્નાનનો મહિમા. અહિર્બુધન્ય દેવતાનું પૂજન, ધ્રુવ દેવતાનું પૂજન, શનિ-બુધ દેવતાનું પૂજન, લીમડો વાવવો, સર્વશાંતિ પૂજા, મંદિરોમાં પાટ-અભિષેક પૂજા, સૂર્યનારાયણ મંદિરોમાં વિશેષ પૂજા, ધજા-કળશ પતાકા ચઢાવવી. સર્વશાંતિ, શાંતિ પૌષ્ટિક પૂજા, પૂજા નિમિત્તે નવાં વસ્રો, આભૂષણ, લીમડો વાવવો, બુધ-શનિ ગ્રહદેવતાનું પૂજન.
- આચમનઃ ચંદ્ર-શનિ યુતિ ભયભીત મન, ચંદ્ર-નેપ્ચૂન યુતિ નિર્ણયોમાં ફળ, ચંદ્ર-ગુરુ ચતુષ્કોણ સાંપત્તિક સુખ સારું.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-શનિ યુતિ, ચંદ્ર-નેપ્ચૂન યુતિ, ચંદ્ર-ગુરુ ચતુષ્કોણ (તા. ૧૭).
- ગ્રહગોચરઃ સૂર્ય- મિથુન/ કર્ક, મંગળ-સિંહ, બુધ-કર્ક, ગુરુ-મિથુન, શુક્ર-વૃષભ, વક્રી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, માર્ગી હર્ષલ-વૃષભ, માર્ગી નેપ્ચૂન-મીન, વક્રી પ્લુટો-મકર. ■

## સમાચાર સંક્ષેપ

### મોદીના 'વાંધાજનક' કાર્ટૂન મૂકનારે માફી માગી

નવી દિલ્હીઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ)ના કાર્યકરોના 'વાંધાજનક' કાર્ટૂન્સ (વ્યંગચિત્રો) સોશિયલ મીડિયા પર મૂકનારા કાર્ટૂનિસ્ટ હેમંત માલવિયાએ આ સંબંધમાં માફી માગી અને તેને સોશિયલ મીડિયા પરથી કાર્ટૂન્સ ડિલીટ કરતા (કાઢી નાખતા) સર્વોચ્ચ અદાલતે તેમને કડક પગલાં સામે રક્ષણ આપવા મંગળવારે આદેશ આપ્યો હતો. ન્યાયાધીશ સુધાંશુ ધૂળિયા અને ન્યાયાધીશ અરવિંદ કુમારની બૅન્ચે જણાવ્યું હતું કે 'લોગ કિસી કો ભી કુછ ભી કહ દેતે હૈં' (લોકો કોઇને પણ કંઇ પણ કહી દે છે).

### તુષાર ગાંધીનું અપમાનઃ તેજસ્વી યાદવ ભડક્યા

પટણાઃ બિહાર વિધાનસભાની ચૂંટણી અગાઉ મહાગઠબંધનના સમર્થનમાં રાજ્યની મુલાકાતે ગયેલા મહાત્મા ગાંધીના પ્રપૌત્ર તુષાર ગાંધી સાથે કરવામાં આવેલી કથિત ગેરવર્તણૂકને મામલે રાષ્ટ્રીય જનતા દળ (રાજદ)ના નેતા તેજસ્વી યાદવે મંગળવારે નેશનલ ડેમોક્રેટિક અલાયન્સ (એનડીએ) પર આકરા પ્રહાર કર્યા હતા.

### બિહાર કેબિનેટમાં એક કરોડ નોકરીના પ્રસ્તાવને મંજૂરી

પટનાઃ બિહાર કેબિનેટે મંગળવારે આગામી પાંચ વર્ષમાં 'એક કરોડ નોકરી અને રોજગારની તકો'ના પ્રસ્તાવને મંજૂરી આપી હતી. મુખ્ય પ્રધાન નિતિશ કુમારની અધ્યક્ષતામાં મંગળવારે મળેલી કેબિનેટ બેઠકમાં આ સંદર્ભમાં શ્રમ વિભાગના પ્રસ્તાવને મંજૂરી આપવામાં આવી હતી.

### પાંચ ઈન્ફ્લૂઅન્સર સુપ્રીમ કોર્ટમાં હાજર

નવી દિલ્હીઃ શારીરિક ખોડખાપણથી પીડાતી વ્યક્તિઓનો ઉપહાસ કરનારાંઓ વિરુદ્ધ કાર્યવાહી કરવાની માગણી કરતા કેસને મામલે 'ઈન્ડિયા હૅઝ ગૉટ ટેલન્ટ'ના હૉસ્ટ સમય રૈના સહિત પાંચ સોશ્યલ મીડિયા ઈન્ફ્લૂઅન્સર મંગળવારે સુપ્રીમ કોર્ટ સમક્ષ હાજર થયા હતા.

### રૈનાએ મહિલા આયોગ સમક્ષ લેખિત માફી માગી

નવી દિલ્હી : યુટ્યુબર સમય રૈનાએ મંગળવારે રાષ્ટ્રીય મહિલા આયોગ (એનસીડબલ્યુ) સમક્ષ હાજર થઇને પોતાના શો ''ઇન્ડિયાઝ ગોટ લેટેન્ટ'' માં મહિલાઓ પ્રત્યે અપમાનજનક ગણાતી ટિપ્પણીઓ પર લેખિત માફી માંગી હતી. એનસીડબલ્યુ એ ઓનલાઈન પ્લેટફોર્મ પર પ્રસારિત કાર્યક્રમમાં વાંધાજનક સામગ્રી બદલ રૈનાને સમન્સ પાઠવ્યું હતું. ઉ ■

# અમેરિકા સાથે ટૅરિફ ડીલમાં ડેરી પ્રોડક્ટ અને ખેડૂતોનાં હિત મુખ્ય અડચણ

નવી દિલ્હી : ભારત અને અમેરિકા વચ્ચે વચગાળાની ટૅરિફ ડીલની મંત્રણા ચાલે છે ત્યારે ડેરી અને કૃષિ ક્ષેત્રો મોટી અડચણ બની ગયા છે. ભારત અને અમેરિકા તેમનો વેપાર ૨૦૩૦ સુધી ૫૦૦ અબજ ડૉલર સુધી પહોંચાડવાનો હેતુ ધરાવે છે. ભારત ડેરી સેક્ટર અમેરિકન આયાત માટે ન ખોલવા અડીખમ છે. ભારત એ માટે આર્થિક ચિંતાનું જ નહીં, પરંતુ ઊંડા મૂળિયા ધરાવતી સાંસ્કૃતિક અને ધાર્મિક સંવેદનાનો મુદ્દો છે.

ભારતે ડેરીની આયાત માટે કડક માપદંડ ધરાવતા પ્રમાણપત્રની માગણી કરી છે. ભારત એવી તકેદારી લજ્વા માગે છે કે પ્રાણીજન્ય વસ્તુઓ જેવી કે માંસ, લોહી કે ટેલો ખોરાક તરીકે આરોગતી ન હોય એવી જ ગાયના ડેરી ઉત્પાદનો અમને સ્વીકાર્ય હશે. ભારત દૂધનો સૌથી મોટો ઉત્પાદક દેશ છે અને તેની મોટા ભાગની વસતિ શાકાહારી છે. તેને માંસ આધારિત પેદાશ ખાતા પ્રાણીનું દૂધ કોઈ પણ રીતે સ્વીકાર્ય નથી.

ગ્લોબલ ટ્રેડ રિસર્ચ ઈનિશિયેટિવના અજય શ્રીવાસ્તવે કહ્યું હતું કે ભારત માટે ડેરી ઉત્પાદન ફક્ત ખાદ્યસામગ્રી નથી. એ દૈનિક ધાર્મિકવિધિ અને સાંસ્કૃતિક પ્રણાલીનો ભાગ છે. માંસ આધારિત ઉત્પાદનો ખાનારી ગાયનું દૂધ ભારતના મોટા ભાગના ગ્રાહકોને અસ્વીકાર્ય છે. ભારતે ડેરી આયાત પર આ અગાઉ જ ઊંચી ટૅરિફ લગાડેલી છે. ભારતમાં ચીઝ પર ૩૦ ટકા, બટર પર ૪૦ ટકા અને દૂધના પાવડર પર ૬૦ ટકા ટૅરિફ લગાડેલી છે.

ભારતના એક સિનિયર અધિકારીએ નામ ન જણાવવાની શરતે કહ્યું હતું કે ડેરીમાં સમાધાન કરવાનો સવાલ જ નથી. આ રેડ લાઈન છે. આઠ કરોડ નાના ખેડૂતોનું ગુજરાન આના પર અવલંબે છે. ■

# શસ્ત્ર આપીએ તો મૉસ્કો પર હુમલો કરશો?: ટ્રમ્પનો યુક્રેનના પ્રમુખને સીધો સવાલ

વૉશિંગ્ટન : અગાઉની બડાશથી નાટકીય રીતે બદલાવ કરીને, અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે યુક્રેનના વ્લોદિમીર ઝેલેન્સકીને ખાનગી રીતે રશિયન પ્રદેશમાં હુમલાઓ વધારવા વિનંતી કરી હતી, અને તેમને સીધું પૂછ્યું કે જો યોગ્ય શસ્ત્રો આપવામાં આવે તો શું યુક્રેન મોસ્કો અને સેન્ટ પીટર્સબર્ગ પર હુમલો કરી શકે છે?

એફટીએ અહેવાલ આપ્યો હતો કે વાતચીતની માહિતી ધરાવતા બે જણનો ઉલ્લેખ કર્યો હતો, ''વ્લોદિમીર, શું તમે મોસ્કો પર હુમલો કરી શકો છો? . . . શું તમે સેન્ટ પીટર્સબર્ગ પર પણ હુમલો કરી શકો છો?'' એમ ટ્રમ્પે ૪ જુલાઈના રોજ ઝેલેન્સકી સાથેના ફોન કોલ દરમિયાન પૂછ્યું હતું અને ઝેલેન્સકીએ જવાબ આપ્યો હતો, ''ચોક્કસ. જો તમે અમને શસ્ત્રો આપો તો અમે કરી શકીએ છીએ.''

આ ઉશ્કેરણીજનક વાતચીત, એક દિવસ પહેલા જ ટ્રમ્પ અને રશિયન રાષ્ટ્રપતિ વ્લોદિમીર પુતિન વચ્ચે થયેલા તણાવપૂર્ણ કોલ પછી થઈ હતી. ■

### ટ્રમ્પનું પુતિનને અલ્ટિમેટમઃ ૫૦ દિવસમાં યુદ્ધ રોકો નહીં તો ૧૦૦ ટકા ટૅરીફ

રશિયા અને યુક્રેન યુદ્ધને રોકવા માટે અમેરિકાના પ્રમખ ડોનલ્ડ ટ્રમ્પ પણ પ્રયાસ કરી રહ્યા છે. ત્યારે હવે અમેરિકાએ આ યુદ્ધ રોકવા માટે નવી રણનીતિ અપનાવી છે. તેમણે રશિયા પર ભારે ટૅરિફ લગાવવાની ચેતવણી આપી છે. યુદ્ધ રોકવા માટે દબાણ બનાવવા માટે ટ્રમ્પે આ નિર્ણય કર્યો છે.

અમેરિકી રાષ્ટ્રપતિ ડોનલ્ડ ટ્રમ્પે સોમવારે રશિયાને ૫૦ દિવસની અંદર યુક્રેન યુદ્ધ રોકવા માટે સંમતિ આપવાની ચેતવણી આપી હતી. એક અહેવાલ મુજબ, ટ્રમ્પે નાટો મહાસચિવ માર્ક રૂટ સાથે ઓવલ ઓફિસમાં બેઠક દરમિયાન જણાવ્યું કે જો રશિયા આ સમયગાળામાં સહમત નહીં થાય, તો તેના પર ભારે ટૅરિફ લાદવામાં આવશે. આ ટૅરિફ રશિયા અને તેના વેપારી ભાગીદારોને લક્ષ્ય બનાવશે, જેથી રશિયા પર આર્થિક દબાણ બને. ■

# બિહારની મતદારયાદીમાંથી ૩૫ લાખ નામ છેકી નાખશે ચૂંટણી પંચ

પટણા : બિહારમાં આગામી વિધાનસભા ચૂંટણી પહેલાં ચૂંટણી પંચે મતદાર યાદીના વિશેષ ગહન પુનઃનિરીક્ષણ (SIR)નું અભિયાન શરૂ કર્યું છે. આ પ્રક્રિયામાં ૩૫ લાખથી વધુ મતદારોના નામ યાદીમાંથી હટાવવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

ચૂંટણી પંચે જણાવ્યું હતું કે, બિહારના ૭.૮૯ કરોડ મતદારોમાંથી ૮૩.૬૬% એટલે કે ૬.૬૦ કરોડ મતદારોએ ગણતરી ફોર્મ જમા કર્યા છે. આમાં ૧૨.૫૫ લાખ મતદારો મૃત્યુ પામેલા, ૧૭.૩૭ લાખ સ્થળાંતરિત થયેલા અને ૫.૭૬ લાખના નામ ડુપ્લિકેટ હોવાનું જાણવા મળ્યું છે. જેમાંથી કુલ ૩૫.૬૯ લાખ નામ યાદીમાંથી હટાવવામાં આવશે. આ આંકડો હજુ વધી શકવાની શક્યતા છે, કારણ કે ફોર્મ જમા કરવાની અંતિમ તારીખ ૨૫ જુલાઈ છે.

# મુંબઈ વિદ્યાર્થીઓ માટે દેશનું શ્રેષ્ઠ શહેર

નવી દિલ્હીઃ વિદ્યાર્થીઓ માટે દેશના શ્રેષ્ઠ શહેરોમાં મુંબઈ પ્રથમ ક્રમે છે અને તે પછી દિલ્હી, બેંગલૂરુ અને ચેન્નઇનો ક્રમ આવે છે, જ્યારે વિદ્યાર્થીઓને પરવડી શકે એવા દુનિયાના શહેરોની યાદીમાં દિલ્હી પ્રથમ છે. 'ક્યુએસ બેસ્ટ સ્ટુડન્ટ સિટીઝ રેન્કિંગ ૨૦૨૬'ના અહેવાલ મુજબ વિદ્યાર્થીઓ માટેના દુનિયાના શ્રેષ્ઠ શહેરોની યાદીમાં મુંબઈએ ૧૫ સ્થાન ઉપર આવીને ૯૮મો ક્રમ મેળવ્યો છે. દિલ્હીએ સાત સ્થાન ઉપર આવીને ૧૦૪મો, બેંગલૂરુએ ૨૨ સ્થાન આગળ વધીને ૧૦૮મો અને ચેન્નઇએ ૧૨ સ્થાન આગળ આવીને ૧૨૮મો ક્રમ મેળવ્યો છે. ચાલુ વર્ષના 'સ્ટુડન્ટ સિટી રેન્કિંગ્સ'માં દક્ષિણ કોરિયાની રાજધાની સૉલે પ્રથમ સ્થાન લીધું છે. ઇંગ્લેન્ડની રાજધાની લંડનનું સ્થાન વિદ્યાર્થીઓને પરવડી શકે એવા શહેરોની યાદીમાં બહુ જ નીચે જતું રહ્યું છે. ■

## પહેલા પાનાનું ચાલુ

### વેલ કમ બૅક...

બહાર નીકળવામાં મદદ કરી હતી. દક્ષિણ કેલિફોર્નિયાના સેન ડિએગોના દરિયાકિનારાની નજીક સમુદ્રમાં મંગળવારે ભારતીય સમય મુજબ બપોરે ૩.૦૧ વાગ્યે ડ્રેગન સ્પેસક્રાફ્ટે ઉતરાણ કર્યું હતું.

ચાર અવકાશયાત્રીએ ૨૦ દિવસની અવકાશયાત્રા કરી હતી અને તેમાંના ૧૮ દિવસ તેઓ ઇન્ટરનેશનલ સ્પેસ સ્ટેશનમાં રહ્યા હતા.

અવકાશયાનમાંથી આ ચારેય અવકાશયાત્રીને 'રિકવરી શિપ શેનોન'માં લઇ જવાયા હતા. તેઓને ફરી પૃથ્વીના ગુરુત્વાકર્ષણમાં આવીને ચાલવામાં થોડી તકલીફ પડી હતી.

અવકાશયાત્રીઓનું રિકવરી વેહિકલ પર મેડિકલ ચેક-અપ કરાયું હતું અને બાદમાં તેઓને એક હેલિકૉપ્ટરમાં બેસાડીને દરિયાકિનારે લઇ જવાયા હતા.

ચારેય અવકાશયાત્રી અંદાજે સાત દિવસ સુધી રિહેબિલિટેશન કાર્યક્રમમાં ભાગ લેશે.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ સોશિયલ મીડિયા 'એક્સ' પરની પોસ્ટમાં લખ્યું હતું કે શુભાંશુ શુકલાએ પોતાના સમર્પણ, ધૈર્ય અને નવા અવકાશી-સાહસની પહેલ કરતા જુસ્સાની સાથે દેશના એક અબજ લોકોને અવકાશમાં જવાનું સ્વપ્ન જોવા માટે પ્રોત્સાહિત કર્યા છે.

તેમણે જણાવ્યું હતું કે હું દેશના અન્ય નાગરિકોની સાથે ગ્રૂપ કેપ્ટન શુભાંશુ શુકલાને અવકાશમાંના ઐતિહાસિક મિશન પરથી ધરતી પર પાછા ફરવા બદલ આવકારું છું.

મોદીએ જણાવ્યું હતું કે ભારત અવકાશમાંના પોતાના સમાનવ મિશન - 'ગગનયાન'ની દિશામાં વધુ એક કદમ આગળ વધ્યું છે. ■

### અમેરિકામાં ભયંકર વરસાદ

ચેતવણીઓ આપવામાં આવી હતી. ન્યૂ જર્સીના ગવર્નર ફિલ મર્ફીએ અચાનક પૂર અને ભારે વરસાદને કારણે કટોકટીની સ્થિતિ જાહેર કરી હતી, લોકોને ઘરની અંદર રહેવા અને બિનજરૂરી મુસાફરી ટાળવાની સલાહ આપી હતી.

સીબીએસ દ્વારા સોશિયલ મીડિયા પર પોસ્ટ કરાયેલા એક વીડિઓમાં બતાવવામાં આવ્યું છે કે પૂરના પાણી ન્યુ જર્સીના સ્કોચ પ્લેન્સમાં એક મુખ્ય માર્ગને સ્થગિત કરી દીધો છે, બસો ફસાઈ ગઈ છે.

ન્યૂ જર્સીમાં પૂરને કારણે કેટલીક બસો અને ટ્રેનો મોડી પડી હતી.

મેટ્રોપોલિટન ટ્રાન્સપોર્ટેશન ઓથોરિટીના જણાવ્યા અનુસાર, ન્યૂ યોર્ક શહેરમાં, કેટલીક સબવે સેવા સ્થગિત કરવામાં આવી હતી જ્યારે અન્ય લાઇનો પૂરને કારણે ગંભીર વિલંબ સાથે ચાલી રહી હતી.

ન્યૂ યોર્કની ઇમરજન્સી સર્વિસ એજન્સીએ સોશિયલ પ્લેટફોર્મ એક્સ પર લખ્યું છે કે શહેરના કેટલાક ભાગો અને મધ્ય હડસન અચાનક પૂરની ઝપેટમાં આવી રહ્યા છે.

પૂર અને ઓછામાં ઓછું એક વૃક્ષ ધરાશાયી થવાને કારણે ન્યૂ યોર્કના મુખ્ય રસ્તાઓ, જેમ કે સો મિલ રિવર પાર્કવે અને ક્રોસ બ્રોન્ક્સ એક્સપ્રેસવેની ઉત્તર તરફ જતી લેન અસ્થાયી રૂપે બંધ કરવામાં આવ્યા હતા. કાઉન્ટી એક્ઝિક્યુટિવના પ્રવક્તા કેરોલિન ફોર્ટિનોના જણાવ્યા અનુસાર, ન્યૂ યોર્કના વેસ્ટચેસ્ટર કાઉન્ટીના અધિકારીઓ એવા લોકોને બચાવવા માટે કામ કરી રહ્યા હતા જેમના વાહનો પાણીમાં ડૂબી ગયા હતા. સ્ટેટન આઇલેન્ડ માટે પૂરની ચેતવણી પણ જારી કરવામાં આવી હતી, જ્યાં લગભગ ચાર થી છ ઇંચ વરસાદ પડ્યો હતો.

ફાયર વિભાગ માઉન્ટ જોયના જણાવ્યા અનુસાર, સોમવારે પાંચ કલાકથી ઓછા સમયમાં સાત ઇંચથી વધુ વરસાદ પડતાં દક્ષિણપૂર્વ પેન્સિલવેનિયામાં માઉન્ટ જોયમાં આપત્તિ કટોકટી જાહેર કરવામાં આવી હતી. કેટલાક લોકોએ તેમના ઘરોમાં પાંચ ફૂટથી વધુ પાણી ભરાયાની જાણ કરી હતી અને કટોકટી પ્રતિસાદકર્તાઓએ ૧૬ વખત પાણી બચાવ કામગીરી કરી હતી, જોકે કોઈને ઈજા થઈ નથી. ■

### રખડતા શ્વાનોને

શા માટે તમે તમારા પોતાના ઘરમાં કૂતરાને ખવડાવતા નથી. આ અરજી અલાહાબાદ હાઈ કોર્ટના માર્ચ ૨૦૨૫ના ચુકાદાને સંબંધિત છે. વકીલે દલીલ કરી હતી કે મારા અસીલને કનડગતનો સામનો કરવો પડે છે અને તે પ્રાણીના જન્મ નિયંત્રણના નિયમને આધીન રહીને ગલીનાં કૂતરાને ખવડાવી શકતા નથી.

એનિમલ બર્થ કંટ્રોલ રુલ્સના વીસમા નિયમ ગલીનાં પ્રાણીઓને ખવડાવવા અંગેનો છે અને એમાં વિસ્તારમાં કે પ્રાંગણમાં રહેતાં ગલીનાં પ્રાણીઓને ખવડાવવા માટે જરૂરી વ્યવસ્થા કરવાની જવાબદારી રેસિડન્ટ વેલ્ફેર એસોસિયેશન કે સ્થાનિક વિસ્તારની સ્થાનિક બૉડીના પ્રતિનિધિ પર નાખે છે.

જોકે સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે અમે તમને તમારા પોતાના ઘરમાં કૂતરાનું આશ્રયસ્થાન ખોલવાનું સૂચન કરીએ છીએ. દરેક ગલીનાં કૂતરાને તમારા ઘરમાં ખવડાવો. વકીલે કહ્યું હતું કે નિયમોનું પાલન ગ્રેટર નોઈડામાં થાય છે પરંતુ નોઈડામાં થતું નથી. જ્યાં લોકોની અવરજવર બહુ ન હોય ત્યાં ફીડિંગ પોઈન્ટ ઊભા કરવા જોઈએ. બેન્ચે પૂછ્યું હતું કે તમે સવારે સાઈકલ પર જાઓ અને જુઓ શું થાય છે. વકીલે કહ્યું કે હું મારી મોર્નિંગ વૉક દરમિયાન અનેક કૂતરાને જોઉ છું. બેન્ચે કહ્યું હતું કે મોર્નિંગ વૉક કરનાર લોકો જોખમમાં હોય છે. સાઈકલ સવારો અને ટુ-વ્હીલર ચલાવનારાને કૂતરાનું જોખમ હોય છે. (એજન્સી) ■

### યમનમાં કેરળની

વાટાઘાટોને ધ્યાનમાં રાખીને આ સજા મુલતવી રાખવામાં આવી હોઈ શકે છે, જો કે આ અંગે કોઈ સત્તાવાર નિવેદન આપવામાં આવ્યું નથી.

એક અહેવાલ મુજબ ભારતના 'ગ્રાન્ડ મુફ્તી'ના હસ્તક્ષેપને કારણે સજા પર હાલ પૂરતી રોક લાગવવામાં આવી છે.

અહેવાલ મુજબ ભારતના સુન્ની મુસ્લિમ નેતા કંથાપુરમ એપી અબુબકર મુસલિયારએ નિમિષા પ્રિયાના કેસમાં હસ્તક્ષેપ કર્યો હતો, જેઓ 'ભારતના ગ્રાન્ડ મુફ્તી' તરીકે ઓળખવામાં આવે છે. કેરળના પલક્કડ જિલ્લાની રહેવાસી નિમિષા પ્રિયાને યમનના નાગરિક તલાલ અબ્દો મહદીની હત્યાના કેસમાં મૃત્યુદંડ સંભળાવવામાં આવ્યો હતો.

એક અહેવાલમાં કરવામાં આવેલા દાવા મુજબ મુજબ, ભારતના સુન્ની મુસ્લિમ નેતા યમનના એક સૂફી વિદ્વાન શેખ હબીબ ઉમર બિન હાફિઝની મદદથી કેરળની નર્સની ફાંસી રોકવા માટે છેલ્લી ઘડીના પ્રયાસો કરી રહ્યા છે. યમનના સૂફી નેતા શેખ હબીબ ઉમર બિન હાફિઝના પ્રતિનિધિઓ આજે મૃતક તલાલ અબ્દો મહદીના પરિવારના પ્રતિનિધિને મળશે.

નિમિષાના પરિવારે તમામ આશા છોડી દીધી હતી, એવામાં સજા મુલતવી રહેવાના સમાચાર આવતાં થોડી આશા જાગી છે. ■

### સમોસા, જલેબી,

ખાવાની ચીજોમાં વધુ પડતી ચરબી અને ખાંડ હોવાની ચેતવણી આપતા પાટિયાં લૉબી, કેન્ટીન, કૅફેટેરિયા, મીટિંગ રૂમ્સ વગેરે સ્થળે મૂકવાની માત્ર સલાહ આપી હતી. આરોગ્ય મંત્રાલયના નિવેદનમાં જણાવાયું હતું કે અમુક ખાદ્યસામગ્રીના પૅકેટ પર સ્વાસ્થ્યને લગતી ચેતવણી આપતા લેબલ લગાવવાનો આદેશ અપાયો હોવાનું કહેતા કેટલાક પ્રસારમાધ્યમનો અહેવાલ 'ગેરમાર્ગે દોરતો, ખોટો અને પાયાવિહોણો' છે.

અગાઉ, ઇન્ડિયન કાઉન્સિલ ઑફ મેડિકલ રિસર્ચના અભ્યાસમાં જણાવાયું હતું કે દેશના ૭૧ ટકાથી વધુ લોકોમાં વધુ બ્લડ શુગર, કોલેસ્ટરોલ, બ્લડ પ્રેશર જેવી આરોગ્યને લગતી વિવિધ સમસ્યા છે. માત્ર સ્થૂળ લોકોમાં જ નહિ, પણ પાતળા લોકોમાં આવી બીમારી જોવા મળે છે. દેશમાં અંદાજે વીસ ટકા લોકો સ્થૂળ છે. સ્થૂળતાનો દર મણિપુર અને કેરળના પુખ્તવયના લોકોમાં વધુ છે.

શહેરોમાંની પુખ્તવયની દર ચાર વ્યક્તિમાંની એક સ્થૂળ છે. દેશમાંની ૩૫થી ૪૯ વર્ષના વયજૂથની આશરે પચાસ ટકા મહિલાઓ સ્થૂળતાના 'જોખમી સ્તર'માં છે. (એજન્સી) ■

# આણિક આગારથી ગેટવે ઓફ ઈન્ડિયા મેટ્રો-૧૧ માટે 'દિલ્હી અભી દૂર હૈ'

મુંબઈ: મુંબઈના આકર્ષણોમાંના એક ગેટવે ઓફ ઈન્ડિયામાં અંડરગ્રાઉન્ડ મેટ્રો દ્વારા જવાનું મુંબઈકર અને પ્રવાસીઓનું સ્વપ્ન આગામી વર્ષોમાં પૂર્ણ થવા જઈ રહ્યું છે. મુંબઈ મેટ્રો રેલ કોર્પોરેશન લિમિટેડ (એમએમઆરસી) એ આણિક આગર અને ગેટવે ઓફ ઈન્ડિયા વચ્ચે અંડરગ્રાઉન્ડ મેટ્રો-૧૧ બનાવવાનો નિર્ણય લીધો છે. આ માટેનો પ્રસ્તાવ રાજ્ય સરકારને મોકલવામાં આવ્યો છે અને મંજૂરીની રાહ જોવાઈ રહી છે. રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકારની મંજૂરી મળ્યા બાદ અંડરગ્રાઉન્ડ મેટ્રો-૧૧નું કામ શરૂ કરવામાં આવશે. આ અંડરગ્રાઉન્ડ મેટ્રો ૧૭.૫૧ કિમી લાંબી હશે અને સાયન, વડાલા, શિવડી, ભાયખલા, ભીંડી બજાર જેવા વિસ્તારોને જોડશે. આનાથી ભવિષ્યમાં આ વિસ્તારમાં ટ્રાફિક જામની સમસ્યા હલ કરવામાં મદદ મળશે. એમએમઆરસી દ્વારા હાથ ધરવામાં આવેલ કોલાબા બાન્દ્રા-સીપ્ઝ-આરે મેટ્રો થ્રી લાઇનનું કામ આગામી થોડા મહિનામાં પૂર્ણ થશે. તેથી હવે એમએમઆરસી એ મેટ્રો-૧૧ લાઇનનું કામ શરૂ કરવા વિશે વિચારવાનું શરૂ કર્યું છે. રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકારની મંજૂરી પછી, આગળની કાર્યવાહી પૂર્ણ કર્યા પછી, મેટ્રો-૧૧ લાઇન માટેની ટેન્ડર પ્રક્રિયા અમલમાં મૂકવામાં આવશે.

એમએમઆરસીની દરખાસ્ત મુજબ આ ૧૭.૫૧ કિમી લાંબી લાઇનમાં ૧૪ મેટ્રો સ્ટેશનનો સમાવેશ થશે. ૧૪ માંથી ૧૩ મેટ્રો સ્ટેશન અંડરગ્રાઉન્ડ હશે અને એક સ્ટેશન જમીનની ઉપર હશે. એમએમઆરસી નો અંદાજ છે કે ૨૦૩૧ માં આ લાઇન પર દરરોજ ૫,૮૦,૦૦૦ મુસાફરો મુસાફરી કરશે અને ૨૦૫૫ સુધીમાં દૈનિક મુસાફરોની સંખ્યા વધીને ૧૦,૧૨,૦૦૦ થશે.■

# ગેટવે ઓફ ઈન્ડિયા પર નવી પેસેન્જર જેટી માટે હાઈ કોર્ટની શરતી મંજૂરી

મુંબઈ: દક્ષિણ મુંબઈના ગેટવે ઓફ ઇન્ડિયા ખાતે નવી પેસેન્જર જેટી અને ટર્મિનલના નિર્માણને બોમ્બે હાઈ કોર્ટે મંગળવારે કેટલીક શરતોને આધીન મંજૂરી આપી છે. મુખ્ય ન્યાયમૂર્તિ આલોક આરાધે અને ન્યાયમૂર્તિ સંદીપ માર્નેની ખંડપીઠે જેટી અને ટર્મિનલ બનાવવાના મહારાષ્ટ્ર સરકારના નિર્ણયને બહાલી આપી હતી.

જોકે અદાલતે કહ્યું હતું કે પ્રોજેક્ટના ભાગરૂપે જે એમ્ફિથિયેટરનું નિર્માણ કરવાની દરખાસ્ત કરવામાં આવી છે તેનો ઉપયોગ માત્ર મુસાફરો માટે બેસવાના સ્થાન તરીકે જ કરવામાં આવશે, મનોરંજનના સ્થળ તરીકે નહીં.

એ જ રીતે, સૂચિત રેસ્ટોરન્ટ અથવા કેફેનો ઉપયોગ ફક્ત મુસાફરોને પાણી અને પેક્ડ ખોરાક પૂરો પાડવા માટે જ કરવામાં આવશે, ડાઇનિંગ સુવિધા તરીકે નહીં, એમ પણ ન્યાયાધીશોએ જણાવ્યું હતું.

અદાલતે વધુમાં એમ પણ જણાવ્યું હતું કે આ પ્રોજેક્ટ પૂર્ણ થયા બાદ હાલની ચાર જેટીનો ઉપયોગ ભારતીય નૌકાદળના નિર્દેશ મુજબ તબક્કાવાર રીતે બંધ કરવામાં આવે એ જવાબદારી મહારાષ્ટ્ર મેરિટાઇમ બોર્ડની રહેશે.

પ્રોજેક્ટનો ઉદ્દેશ જૂની જેટીનો ઉપયોગ કરીને હાલના મુસાફરોને વધુ સારી સુવિધાઓ પ્રદાન કરવાનો અને ગેટવે ઓફ ઇન્ડિયાની ભીડ ઓછી કરવાનો છે, એમ હાઈકોર્ટે જણાવ્યું હતું. ■

# શ્રી કન્હૈયાલાલ ઘ. સરાફની લાયન્સ ક્લબ ઇન્ટરનેશનલ (૩૨૩૧ A3) ના મહત્ત્વપૂર્ણ સલાહકાર પદે નિમણૂક



૨૧૦ દેશો અને ભૂભાગમાં કાર્યરત વિશ્વની સૌથી મોટી સેવાભાવી સંસ્થા લાયન્સ ઇન્ટરનેશનલના આંતરરાષ્ટ્રીય અધ્યક્ષોએ તેમને તેમની ઉત્તમ માનવીય સેવાઓ બદલ અત્યાર સુધીમાં કુલ ૧૩ વખત પ્રશસ્તિપત્રો, પુરસ્કારો અને સન્માનો દ્વારા સન્માનિત કર્યા છે. વ્યક્તિગત રીતે આ એક અત્યંત દુર્લભ સિદ્ધિ છે.

ગયાં ૪૫ વર્ષોથી તેઓ લાયન્સ ઇન્ટરનેશનલ સાથે જોડાયેલા છે. ૧૯૧૪માં સ્થાપિત થયેલી રાજસ્થાની સમાજની સૌથી જૂની પ્રતિનિધિ સંસ્થા 'મારવાડી સંમેલન' ઉપરાંત તેઓ 'આર.વી.જી. એજ્યુકેશનલ ફાઉન્ડેશન'ના ટ્રસ્ટી પણ છે, જે ૧૨૦૦થી વધુ સી.એ. વિદ્યાર્થીઓને નિવાસની સુવિધા આપે છે. તેઓ મુંબઈની ટોચની ૧૦ કોમર્સ કૉલેજોમાંની એક એવી ૫૩ વર્ષથી શિક્ષણક્ષેત્રે કાર્યરત પ્રહલાદરાય ડાલમિયા લાયન્સ કૉલેજના ટ્રસ્ટી તરીકે પણ સેવા આપી રહ્યા છે.

સાંસ્કૃતિક અને સામાજિક સંકલન માટે કાર્યરત 'લોકમંગલ'ના માધ્યમથી તેમણે તેમના મોટા ભાઈ સ્વ. શ્રી રામનારાયણજી સરાફનાં માર્ગદર્શન હેઠળ ૧૧૫થી વધુ કાર્યક્રમોમાં પત્રકારો, સાહિત્યકારો અને સર્જકોને એકત્ર લાવવાનું મહત્ત્વપૂર્ણ કાર્ય કર્યું છે.

મિત્રો અને પ્રશંસકોમાં 'કે.જી.' તરીકે ઓળખાતા શ્રી સરાફ અનેક સાહિત્યિક, શૈક્ષણિક, સામાજિક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ તથા સંસ્થાઓ સાથે સક્રિય રીતે જોડાયેલા છે.

# બેસ્ટની ઈલેક્ટ્રિક ડબલડેકર બસમાં આગ: જાનહાનિ નહીં



(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: દક્ષિણ મુંબઈમાં ફોર્ટ વિસ્તારમાં મંગળવારે સવારના બૃહનમુંબઈ ઈલેક્ટ્રિક સપ્લાય ઍન્ડ ટ્રાન્સપોર્ટ (બેસ્ટ)ની ઈલેક્ટ્રિક ડબલ ડેકર બસમાં આગ લાગી હતી. સદ્નસીબે ડ્રાઈવર અને કંડકટરની સમયસૂચકતાને કારણે કોઈ પ્રવાસી જખમી થયો નહોતો.

ફોર્ટ વિસ્તારમાં છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસ નજીક આવેલા સિદ્ધાર્થ કોલેજ સિગ્નલ પાસે એ-૧૩૮ નંબરની ડબલ ડેકર ઈલેક્ટ્રિક બસ પહોંચી હતી ત્યારે સવારના ૯.૧૫ વાગે અચાનક તેમાં આગ લાગી હતી.

બેસ્ટ ઉપક્રમના પ્રવક્તાના જણાવ્યા મુજબ સ્વીચ મોબિલિટી કંપની પાસેથી લીઝ પર લીધેલી ૫૦ બસમાંની આ ડબલડેકર બસ છે. સવારના સમયે આ બસ છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસ નજીક આવેલા ભાટિયા બાગથી બૅક બે ડેપો જઈ રહી હતી ત્યારે તેમાં બસના આગળના ડાબી બાજુની ટાયર પાસે રહેલી હાઈ વોલ્ટેજ બેટરીમાં આગ ફાટી નીકળી હતી. આગ લાગવાની જાણ થતા ફાયરબ્રિગેડ તરત પહોંચીને આગ બુઝાવી હતી.

સવારના બસમાં આગ લાગી ત્યારે આખી બસ ભરેલી હતી.

બસના ડ્રાઈવરે સમયસૂચકતા વાપરીને બસને તરત એક તરફ કરીને તમામ પ્રવાસીઓને બસમાંથી ઉતારી મૂક્યા હતા, તેથી સદ્નસીબે કોઈ જખમી થયું નહોતું. આગનું ચોક્કસ કારણ જાણી શકાયું નહોતું પણ પ્રાથમિક તપાસમાં શોર્ટ સર્કિટને કારણે આગ લાગી હોવાનું માનવામાં આવે છે. છેલ્લા ત્રણ વર્ષમાં બેસ્ટની ડબલ ડેકર બસમાં આગ લાગવાનો આ પહેલો બનાવ છે. ■

# બેલેન્સ્ડ એડવાન્ટેજ ફંડ કેવી રીતે ફક્ત બેલેન્સથી વધુ ઓફર કરે છે



જયેશ સુંદર, ફંડ મેનેજર, એક્સિસ મ્યુચ્યુઅલ ફંડ

આજના ઝડપથી બદલાતા બજારના પરિદ્રશ્યમાં, રોકાણકારો પરંપરાગત, સ્થિર સંપત્તિ ફાળવણીની વ્યૂહરચનાઓથી આગળ વધી રહ્યા છે. તેના કારણે બેલેન્સ્ડ એડવાન્ટેજ ફંડ્સ (BAFs)માં રસ વધી રહ્યો છે, જે બજારના સંદર્ભને અનુરૂપ ઇક્વિટી અને ડેટ વચ્ચે ગતિશીલ પુનઃસંતુલન પ્રદાન કરે છે.

▶ બેલેન્સ્ડ એડવાન્ટેજ ફંડ્સ અલગ કેવી રીતે છે.

BAFનો મુખ્ય ફાયદો તેમની ગતિશીલ સંપત્તિ ફાળવણીની વ્યૂહરચના છે, જે તક અને જોખમ બંનેને અસરકારક રીતે સંચાલિત કરવામાં મદદ કરે છે. સ્થિર ફાળવણીવાળા પરંપરાગત બેલેન્સ્ડ ફંડ્સથી વિપરીત, BAF ગોઠવણો કરવા માટે બજારની હેડલાઇન્સની રાહ જોતા નથી - તે બજારની પરિસ્થિતિઓનું સક્રિયપણે મૂલ્યાંકન કરે છે અને જરૂરિયાત મુજબ પોર્ટફોલિયોને પુનર્ગઠિત કરે છે.

આ સતત મૂલ્યાંકન અને ગોઠવણની પ્રક્રિયા એક શિસ્તબદ્ધ, સંશોધન-સમર્થિત માળખા દ્વારા સંચાલિત છે જે ફાળવણીના નિર્ણયો પાછળ વિશ્લેષણાત્મક એન્જિન તરીકે કામ કરે છે. બજારના બહુવિધ માપદંડોનું વ્યવસ્થિત મૂલ્યાંકન કરીને, આ અભિગમ સમયસર પોર્ટફોલિયોની ગોઠવણો અંગેની જાણ કરવા માટે બજારની પરિસ્થિતિઓનો વ્યાપક દૃષ્ટિકોણ પૂરો પાડે છે.

▶ બજાર ચક્રને નેવિગેટ કરવા: સંપત્તિની ફાળવણીના નિર્ણયો પાછળનું મુખ્ય ચાલકબળ કયું છે, જ્યારે વિવિધ ફંડ હાઉસ તેમના બેલેન્સ્ડ એડવાન્ટેજ ફંડોનું સંચાલન કરવા માટે મોડેલ્સ, થીમ્સ અથવા માલિકીના સંકેતોના મિશ્રણ પર આધાર રાખી શકે છે, ત્યારે અસરકારક સંપત્તિ ફાળવણીનો સાર બજારના સંકેતો પર સતત ધ્યાન રાખવામાં રહેલો છે જે ખરેખર મહત્ત્વપૂર્ણ છે. સૂચકાંકોના સમુદ્ર વચ્ચે, નીચેના બજાર સંકેતો ગતિશીલ ફાળવણીના નિર્ણયોની જાણ કરવા માટે કેટલાક સૌથી વ્યવહારુ અને સમયાંતરે ચકાસવામાં આવેલા ટૂલ્સ તરીકે ઊભરી આવ્યા છે. આ ઇનપુટ્સ, જે સમગ્ર ઉદ્યોગમાં વિવિધ અંશે ઉપયોગમાં લેવાયા છે, તે રોકાણકારોને તક અને જોખમને સંતુલિત કરવા માટે એક પાયાનો અભિગમ પૂરો પાડે છે:

▶ નિષ્કર્ષ:

બેલેન્સ્ડ એડવાન્ટેજ ફંડ્સ ફક્ત ગતિશીલ સંપત્તિ ફાળવણી કરતાં વધુ પ્રદાન કરે છે, તેઓ એક શિસ્તબદ્ધ, ડેટા-આધારિત અભિગમથી સજ્જ છે, જે બજારના અવાજને ફિલ્ટર કરે છે અને સુસંગતતા પર ભાર મૂકે છે. રોકાણકારો માટે, ખાસ કરીને જેઓ જોખમ અને વળતરને સંતુલિત કરવા માગે છે, BAF એક અસરકારક ઉકેલ હોઈ શકે છે, જે લાંબા ગાળાના નાણાકીય લક્ષ્યાંકો સાથે જોડાય છે.

બજાર મૂલ્યાંકન, કમાણીના વલણો, મેક્રોઇકોનોમિક સૂચકાંકો, બજારની દિશા અને વૈશ્વિક પ્રવાહો સાથે સુસંગત રહીને, આ ફંડ્સ રિયલ ટાઈમ સાથે અનુકૂલન સાધે છે અને રોકાણકારોના રક્ષણ તેમજ પર્ફોર્મન્સને કેન્દ્રસ્થાને રાખે છે. ભલે તમે નવા રોકાણકાર હોવ અથવા કોઈ સીમાચિહ્ન તરફ આગળ વધી રહ્યા હોવ, BAF સ્થિરતા સાથે નાણાકીય વૃદ્ધિ તરફ વિચારપૂર્વક સંચાલિત માર્ગ પ્રદાન કરે છે.

Axis Bank Ltd. is not liable or responsible for any loss or shortfall resulting from the operation of the scheme. Mutual Fund Investments are subject to market risks, read all scheme related documents carefully.

# મુંબ્રા અકસ્માત: ટ્રેનોમાં મોટરમેનને ચેતવણી આપતા વ્હિસલ બોર્ડ બેસાડાયા

મુંબઈ : નવ જૂને મુંબ્રા અને દિવા સ્ટેશનો વચ્ચે ભીડવાળી લોકલ ટ્રેનોમાંથી પડીને પાંચ મુસાફરોના મોત થયાના લગભગ છ અઠવાડિયા પછી, સેન્ટ્રલ રેલવે (સીઆર) એ આખરે મુંબઈના ઉપનગરીય રેલ નેટવર્ક પર વધુ જાનહાનિ અટકાવવા માટે અનેક સુધારાત્મક પગલાંની જાહેરાત કરી છે.

સોમવારે બોમ્બે હાઈ કોર્ટમાં રજૂ કરાયેલા સોગંદનામામાં રેલવે સત્તાવાળાઓએ તેમના કાર્ય યોજનાની રૂપરેખા આપી હતી, જેમાં શહેરના ક્રોનિક રેલ સલામતી સંકટને પહોંચી વળવા માટે સુધારાઓ, અમલીકરણ વ્યૂહરચનાઓ અને કોમ્પ્યુટર મેનેજમેન્ટની વિગતો આપવામાં આવી હતી.

વિગતો મુજબ જોખમી પ્લેટફોર્મ-એન્ડ રેમ્પ દૂર કરવા, છેલ્લા ત્રણ વર્ષમાં ૧,૨૬૭ અતિક્રમણો તોડી પાડવા અને ૭૩ જાણીતા અતિક્રમણ-સંભવિત સ્થળોને બંધ કરવા જેવા પગલાંઓ લેવામાં આવ્યા છે.

મોટરમેનને ચેતવણી આપવા માટે ટ્રેક વળાંકો પર વ્હિસલ બોર્ડ લગાવવામાં આવ્યા છે. તેમજ દિવા સ્ટેશન પર એક હોટસ્પોટ જ્યાં દર મહિને ટ્રેક ક્રોસિંગથી પાંચથી છ મૃત્યુ થતા હતા ત્યાં દીવાલ બનાવી તે બંધ કરવામાં આવ્યો છે અને એસ્કેલેટર બેસાડવામાં આવ્યા છે. અધિકારીઓનો દાવો છે કે ઓગસ્ટ ૨૦૨૩માં આ અપગ્રેડ થયા પછી, દિવા ખાતે આવા કોઈ મૃત્યુ થયા નથી.

સોગંદનામામાં મૃત્યુદરમાં વ્યાપક ઘટાડો દર્શાવવામાં આવ્યો છે. ૨૦૧૮ માં, ટ્રેક ક્રોસિંગથી ૧,૦૨૨ મૃત્યુ નોંધાયા હતા; જે ૨૦૨૫માં, અત્યાર સુધીમાં ઘટીને ૨૯૩ થયા છે. ટ્રેનમાંથી પડી જવાથી થતા મૃત્યુ પણ ૨૦૧૮ માં ૪૮૨ થી ઘટીને આ વર્ષે મે સુધીમાં ૧૫૦ થયા છે.

છતાં તાજેતરના જીવલેણ બનાવોને કારણે ખામીઓ પ્રકાશમાં આવી છે, જેના કારણે રેલવેને લાંબા સમયથી ચાલતા સલામતી પડકારો પર ફરીથી વિચાર કરવાની ફરજ પડી છે. કલ્યાણ સ્ટેશન પર, જૂની સ્ટેશન ઇમારતોને દૂર કર્યા પછી પ્લેટફોર્મ ચાર અને પાંચ ને પહોળું કરવામાં આવ્યું છે. ■

# ફાઉન્ટન હૉટલથી ગાયમુખ ઘાટના રસ્તાનું સમારકામ કરાશે

▶ મુંબઈ-અમદાવાદ હાઈવે અને ઘોડબંદર રોડના ટ્રાફિકમાં થશે રાહત

▶ સમારકામ માટે રૅપિડ હાર્ડનિંગ કૉંક્રીટનો પ્રયોગ થશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ફાઉન્ટન હૉટલથી ગાયમુખ ઘાટ, થાણેની દિશામાં આવતા રસ્તાની હાલત એકદમ ખરાબ હોવાથી અહીં ભારે ટ્રાફિક જૅમ થતો હોય છે અને તેની અસર છેક મુંબઈ- અમદાવાદ હાઈવેથી લઈને ઘોડબંદર રોડ સુધી થતી હોય છે. તેથી આ રોડનું તાત્કાલિક ધોરણે સમારકામ કરવા માટે રૅપિડ હાર્ડનિંગ કૉંક્રિટનો પ્રયોગ કરવામાં આવવાનો છે.

ફાઉન્ટન હોટલથી થાણે તરફ આગળ કાજૂ પાડા, ચેના ગાવથી ગાયમુખ ઘાટનો રસ્તો એકદમ ખરાબ થઈ ગયો છે. રસ્તા પર ખડી નાખીને ડામરનું ગ્રાઉટીંગ કરીને પણ રસ્તો વારંવાર ઉખડી રહ્યો છે. તેથી આ પટ્ટામાં વાહનવ્યવહારને ભારે અસર થઈ રહી છે. પીક અવર્સમાં થતા ટ્રાફિકની અસર છેક મુંબઈ-અમદાવાદ હાઈવે રોડ પર ચિંચોટી સુધી વર્તાય છે. તેમ જ મીરા રોડમાં અંદર સુધી પણ ટ્રાફિકને અસર થતી હોય છે.

મંગળવારે થાણે મહાનગપાલિકા કમિશનર સૌરભ રાવે એક બેઠક કરી હતી, જેમાં ડેપ્યુટી પોલીસ કમિશનર (ટ્રાફિક) પંકજ શિરસાટ સહિત મીરા-ભાયંદર મહાપાલિકાના સાર્વજનિક બાંધકામ વિભાગના એક્ઝિક્યુટીવ એન્જિનિયર, વન વિભાગના અધિકારી, મુંબઈ મેટ્રોપોલિટન રિજન ડેવલપમેન્ટ ઓથોરિટીના અધિકારી પણ હાજર હતા. આ બેઠકમાં ગાયમુખ ઘાટના રસ્તા પર પડેલા ખાડાને હાલ ચોમાસાને ધ્યાનમાં રાખીને રૅપિડ હાર્ડનિંગ કૉંક્રિટનો ઉપયોગ કરીને ભરવાની સૂચના થાણે પાલિકા દ્વારા મીરા-ભાયંદર મહાનગરપાલિકાને આપવામાં આવી હતી.

રૅપિડ હાર્ડનિંગ કૉંક્રિટ ઓછા સમયમાં રસ્તા પર બેસી જાય છે. તેથી રસ્તો બંધ નહીં કરતા સમારકામ કરવું શક્ય બને છે. ગાયમુખના ઘાટના રસ્તા પરના ખાડાને કારણે નાગરિકોના કલાકો ટ્રાફિકમાં વેડફાઈ જતા હોવાને કારણે ખાડા પૂરવા આ ટૅક્નિકનો ઉપયોગ કરવાથી રાહત મળશે એવી સૂચના થાણે પાલિકા કમિશનરે આપી હતી. ■

# આર્થિક વિવાદમાં બે ટીનેજરને નિર્વસ્ત્ર કર્યા બાદ અનૈસર્ગિક સંભોગ કરવાની ફરજ પાડી

મુંબઈ: મુંબઈમાં ઉછીના લીધેલા રૂપિયા પાછા ન આપતાં સગીર સહિત બે ટીનેજરને નિર્વસ્ત્ર કરીને અનૈસર્ગિક સંભોગ કરવાની ફરજ પાડી હતી. આંગડિયાનો વ્યવસાય ધરાવતા આરોપીઓએ આ કૃત્યનો વીડિયો ઉતારી લીધો હતો અને તે સોશ્યલ મીડિયા પર વાયરલ કરવાની ધમકી પણ તેમને આપી હતી. બે સપ્તાહ અગાઉ આ ઘટના બની હતી અને પોલીસે મુખ્ય આરોપીની ધરપકડ કરી હતી, જ્યારે અન્ય ત્રણ જણની શોધ ચલાવવામાં આવી રહી છે. આરોપીઓએ બંને ટીનેજરને ઉછીનાં નાણાં આપ્યાં હતાં અને તેમના પર ચોરીનો આરોપ પણ કર્યો હતા. બંનેનું અપહરણ કરવામાં આવ્યું હતું અને તેમની મારપીટ કરવામાં આવી હતી. તેમને રૂમમાં બંધક બનાવી રાખવામાં આવ્યા હતા. તેમને નિર્વસ્ત્ર કરવામાં આવ્યા હતા અને સેક્સ માટે ફરજ પાડવામાં આવી હતી, એમ ફરિયાદમાં જણાવાયું હતું.

ટીનેજરોએ આ પ્રકરણે નોંધાવેલી ફરિયાદને આધારે એલ.ટી. માર્ગ પોલીસ સ્ટેશનમાં આરોપીઓ વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતા અને પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેક્સ્યુઅલ ઓફેન્સીસ (પોક્સો) એક્ટ હેઠળ ગુનો દાખલ કરાયો હતો.

પોલીસે એક આરોપીની ધરપકડ કરી હતી, જ્યારે ગુનામાં સંડોવાયેલા અન્યોની શોધ ચલાવવા પોલીસ ટીમને વિવિધ સ્થળોએ મોકલવામાં આવી છે.

સગીર વિરુદ્ધ અગાઉ કુર્લા જીઆરપી (ગવર્નમેન્ટ રેલવે પોલીસ)માં ચોરીનો ગુનો દાખલ છે. તેને કુર્લાના ચિલ્ડ્રન હોમમાં રાખવામાં આવ્યો છે. ફરિયાદમાં કરવામાં આવેલા આક્ષેપોની પોલીસ દ્વારા તપાસ કરવામાં આવી રહી છે. (પીટીઆઇ)■

# ગણેશોત્સવમાં કોંકણ જવા વધારાની પાંચ હજાર એસટી દોડાવાશે

મુંબઈ: ગણેશોત્સવ ઉત્સવ માટે કોંકણ જતા મુંબઈગરાઓ માટે રાજ્ય પરિવહન નિગમ (એસટી) એ વધારાની બસો દોડાવવાનો નિર્ણય લીધો છે. ૨૩ ઓગસ્ટથી ૭ સપ્ટેમ્બર દરમિયાન પાંચ હજાર વધારાની બસો ચલાવવાની જાહેરાત પરિવહન પ્રધાન અને એસટી નિગમના ચેરમેન પ્રતાપ સરનાઈકે કરી છે. મુંબઈમાં રહેતા કોંકણવાસીઓ માટે ગણેશોત્સવ ખૂબ જ મહત્વપૂર્ણ છે, અને ગણેશોત્સવ પ્રસંગે મોટી સંખ્યામાં નાગરિકો કોંકણમાં તેમના વતને જાય છે. તેમની મુસાફરી સરળ બનાવવા માટે આ વધારાની બસ ચલાવવામાં આવશે. ગણેશોત્સવ પ્રસંગે વધારાના ટ્રાફિકને ધ્યાનમાં રાખીને, નિગમના ઉપપ્રમુખ અને મેનેજિંગ ડિરેક્ટર ડૉ. માધવ કુસેકર અને એસટીના તમામ એકાઉન્ટ હેડની હાજરીમાં સરનાઈક દ્વારા આ જાહેરાત કરવામાં આવી હતી. ૨૩ ઓગસ્ટથી મુંબઈ, થાણે, પાલઘરના મુખ્ય બસ સ્ટેશનો પરથી વધારાની બસો શરૂ કરવામાં આવશે. ગયા વર્ષે ૪,૩૦૦ બસો શરૂ કરવામાં આવી હતી. ગણેશોત્સવ દરમિયાન વરિષ્ઠ એસટી અધિકારીઓની દેખરેખ હેઠળ બસ સ્ટેશનો અને બસ સ્ટોપ પર કર્મચારીઓ ચોવીસ કલાક કામ કરશે. ■

## કચ્છી લોહાણા મરણ

કચ્છ ગામ અંજાર હાલ માટુંગા નિવાસી પંકજ મહેન્દ્રકુમાર ઠક્કર (ઉ. ૬૩) એ તા. ૧૪-૦૭-૨૦૨૫ ના રોજ શ્રીજી ચરણ પામ્યા છે.

તે સ્વ. કમલાબેન મહેન્દ્રકુમાર તુલસીદાસ ઠક્કરના પુત્ર, સ્વ. મંગલદાસ દેવજી દાવડા ના ભાણેજ, શ્રી સુરેશ, ભરત, સ્વ. ગીરીશ, સ્વ. સંજય, સ્વ. અરવિંદ તથા, શ્રીમતી પૂર્ણિમા પ્રદીપ ભાટિયા, શ્રીમતી જયશ્રી ભવેશ શાહ તથા શ્રીમતી હંસા રાજેન રાંભિયા ના ભાઈ.

શ્રીમતી સ્મિતા સુરેશ ઠક્કર, સ્વ. ઈંદિરા ભરત ઠક્કર ના દેર, ઉમા ગીરીશ ઠક્કર તથા મિતા સંજય ઠક્કર ના જેઠ.

લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

# ડબ્બા ટ્રેડિંગ ઍપ પ્રકરણમાં ચાર સ્થળે ઈડીના દરોડા

## સવાત્રણ કરોડની રોકડ, લક્ઝુરિયસ કાર્સ અને વિદેશી ચલણ જપ્ત

મુંબઈ: ડબ્બા ટ્રેડિંગ મોબાઈલ ઍપ્લિકેશન્સ પ્રકરણે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટરેટે (ઈડી) મુંબઈમાં ચાર સ્થળે દરોડા પાડી સવાત્રણ કરોડની રોકડ, લક્ઝુરિયસ કાર્સ અને વિદેશી ચલણ સહિતની મતા જપ્ત કરવામાં આવી હતી. આ પ્રકરણમાં સંડોવાયેલા હવાલા ઑપરેટરની માહિતી પણ ઈડીને મળી હોઈ અધિકારીઓ તેની તપાસ કરી રહ્યા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

ડબ્બા ટ્રેડિંગ સંબંધી છ મોબાઈલ ઍપ પ્રકરણમાં ઈડીએ સર્ચ હાથ ધરી હતી. ઈન્દોરના લસુડિયા પોલીસ સ્ટેશનમાં દાખલ ગુનાના આધાર પર ઈડીએ આ કાર્યવાહી કરી હતી. કાર્યવાહી દરમિયાન રોકડ, કાર્સ અને વિદેશી ચલણ સાથે દાગીના તેમ જ રૂપિયાની ગણતરી કરનારું મશીન પણ જપ્ત કરવામાં આવ્યું હતું. ઍપ્લિકેશન ચલાવનારી વ્યક્તિઓને મળવનારા નફા અને હવાલા ઑપરેટરની સંડોવણી સંબંધી માહિતી પણ ઈડીને મળી હતી.

શૅરબજારની બહાર બિનસત્તાવાર રીતે કરવામાં આવતા સોદાને ડબ્બા ટ્રેડિંગ કહેવામાં આવે છે. તેમાં સરકારી યંત્રણાને અંધારામાં રાખીને ગેરકાયદે રોકડમાં સોદા કરવામાં આવે છે, જેને પગલે સરકારને વેરો ચૂકવવામાં આવતો નથી. ડબ્બા ટ્રેડિંગને કારણે સરકારને કરોડો રૂપિયાનું નુકસાન થતું હોવાનું કહેવાય છે.

અગાઉ એક નાની ડાયરીમાં ખરીદ-વેચાણની નોંધ રાખીને આ વ્યવસાય કરવામાં આવતો. બાદમાં હવાલા મારફત નાણાંની હેરફેર કરવામાં આવતી. સમયાંતરે આમાં પરિવર્તન આવ્યું એટલે લૅપટોપનો ઉપયોગ થવા લાગ્યો. હવે સીધી મોબાઈલ ઍપ્લિકેશન ચાલુ કરી દેવામાં આવી હતી. આ ઍપનો ઉપયોગ કરનારી વ્યક્તિને ઉપનામ આપવામાં આવે અને એ જ નામે બધા સોદા નોંધવામાં આવે. ઍપનો ઉપયોગ કરનારાને લૉગ ઈન આઈડી અને પાસવર્ડ આપવામાં આવે છે, એવું તપાસમાં જણાયું હતું. ■

પુણે પોર્શે કાર કેસ

# સગીર આરોપીને પુખ્ત વયનો ગણવાનો જુવેનાઇલ જસ્ટિસ બોર્ડનો ઇનકાર

પુણે: ગયા વર્ષે નશામાં પોર્શે કાર હંકારીને બે જણને કચડી નાખનારા ૧૭ વર્ષના આરોપીને આ કેસના ખટલામાં પુખ્ય વયનો ગણવામાં આવે એવી પુણે પોલીસની અરજીને જુવેનાઇલ જસ્ટિસ બોર્ડે મંગળવારે ફગાવી દીધી હતી.

પુણેના કલ્યાણીનગર વિસ્તારમાં ૧૯ મે, ૨૦૨૪ના રોજ આ અકસ્માત થયો હતો, જેમાં આઇટી પ્રોફેશનલ અનિશ અવધિયા અને અશ્વિની કોસ્ટાનાં મોત થયાં હતાં. બંને મોટરસાઇકલ પર જઇ રહ્યાં હતાં ત્યારે પોર્શે કારે તેમને કચડ્યાં હતાં. પુણે પોલીસે ગયા વર્ષે આરોપીને પુખ્ય વયનો ગણવામાં આવે એવી માગણી કરતાં જણાવ્યું હતું કે તેણે 'જઘન્ય' ગુનો કર્યો છે, જેમાં બે વ્યક્તિને કાર હેઠળ કચડી નાખવામાં આવી હતી તેમ જ પુરાવા સાથે ચેડાં કરવાનો પણ પ્રયાસ કરાયો હતો. જુવેનાઇલ જસ્ટિસ બોર્ડે મંગળવારે આરોપીને પુખ્ય વયનો ગણીને ખટલો ચલાવવાની પોલીસની અરજીને ફગાવી દીધી હતી, એમ બચાવ પક્ષના વકીલ પ્રશાંત પાટીલે કહ્યું હતું.

પાટીલે જણાવ્યું હતું કે તેમણે કેટલાક કેસનો ઉલ્લેખ કરીને ફરિયાદ પક્ષની અરજીનો વિરોધ કર્યો હતો. 'કોઇ ચોક્કસ ગુનો જઘન્ય છે એવી વ્યાખ્યા કરવા ફરિયાદ પક્ષ પાસે એક કલમ (કેસમાં દાખલ) હોવી જોઇએ જેમાં ઓછામાં ઓછી સાત વર્ષની સજા હોય. હાલના કેસમાં એક પણ કલમ એવી નથી જેમાં ઓછામાં ઓછી સાત વર્ષની સજા હોય.' આથી અમે દલીલ કરી હતી કે આ અરજી કેવી રીતે ટકી શકે, એમ તેમણે કહ્યું હતું. (પીટીઆઇ)■

# ₹૬૩ કરોડના ગુટકા જપ્ત, પરંતુ મુંબઈમાં માત્ર આઠ એફઆઈઆર

મુંબઈ: સવા કરોડથી વધુ રહેવાસીઓ સાથે મુંબઈ મહારાષ્ટ્રનું સૌથી વધુ વસ્તી ધરાવતું શહેર હોવા છતાં એપ્રિલ ૨૦૨૪ થી માર્ચ ૨૦૨૫ દરમિયાન મુંબઈમાં પ્રતિબંધિત તમાકુ - આધારિત પદાર્થોને લગતા ફક્ત આઠ ફર્સ્ટ ઇન્ફર્મેશન રિપોર્ટ્સ (એફઆઈઆર) નોંધાયા છે. આના પરથી ગુટકા કેટલી આસાનીથી મળી શકે છે એ સ્પષ્ટ થાય છે. નાગપુર (૧૦૩), છત્રપતિ સંભાજી નગર (૮૮), અમરાવતી (૫૪), નાશિક (૫૦), પુણે (૪૧) અને થાણે (૨૪) જેવા નાના વિસ્તારની તુલનામાં આ સંખ્યા નજીવી લાગે છે.

જાહેર આરોગ્ય નિષ્ણાતોએ ચેતવણી આપી છે કે આ પ્રતિબંધના અમલમાં રહેલો તફાવત મોઢાના તેમજ માથા - ગરદનના કેન્સરમાં વધારો કરી રહ્યો છે, ખાસ કરીને યુવાનોમાં. ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન (એફડીએ)ના અધિકારીઓએ સ્ટાફની અછતને જવાબદાર ઠેરવી હતી, પરંતુ નિષ્ણાતોની દલીલ છે કે આ અછતને કારણે જે પરિણામ જોવા મળી રહ્યા છે એ ધ્યાનમાં લેવા જોઈએ..

ગુટકા અને પાન મસાલાના સેવનથી સ્વાસ્થ્ય માટે ગંભીર જોખમ ધ્યાનમાં આવતા સૌ પ્રથમ ૨૦૧૨માં મહારાષ્ટ્રમાં એના પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. આ પ્રતિબંધ ૨૦૧૯માં વધારી તેના ઉત્પાદન, વેચાણ, વિતરણ અને સંગ્રહ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. જો કે, ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન (એફડીએ)ની તાજેતરની જાણકારી અનુસાર આ કાયદાનો મુંબઈ જેવા મુખ્ય પ્રદેશોમાં નબળો અમલ કરવામાં આવ્યો છે. એકંદરે આ કાયદો સેવનને અટકાવવાને બદલે પ્રતીકાત્મક નીતિ બની રહ્યો છે.

એફડીએના આંકડા દર્શાવે છે કે એપ્રિલ ૨૦૨૪થી માર્ચ ૨૦૨૫ સુધીમાં રાજ્યના સાત વિભાગોમાં ₹૬૩.૨૩ કરોડની કિંમતના ગુટકા અને પાન મસાલા જપ્ત કરવામાં આવ્યા હતા. છત્રપતિ સંભાજી નગરમાં સૌથી મોટો હિસ્સો ₹ ૪૪.૫ કરોડ હતો, ત્યારબાદ નાશિક (₹ ૩.૮૫ કરોડ) અને પુણે (₹ ૩.૦૧ કરોડ)નો નંબર આવે છે. ■

## પ્રાર્થનાસભા



CA અનુપભાઈ દેસાઈ

૧૫ ડિસેમ્બર ૧૯૪૫ - ૧૩ જુલાઈ ૨૦૨૫

ખૂબ જ દુઃખ સાથે જણાવવાનું કે સીએ અનુપભાઈ દેસાઈ ૧૩મી જુલાઈ ૨૦૨૫ના રોજ શ્રીચરણ પામ્યા છે.

: પ્રાર્થના સભા :

૧૬મી જુલાઈ ૨૦૨૫ બુધવાર
સાંજના ૫-૦૦થી ૭-૦૦

: સ્થળ :

અમૃત તારા બેન્કવેટ હોલ,
એન.એસ.એમ. સ્કૂલનો ગ્રાઉન્ડ ફ્લોર
શ્રદ્ધાનંદ રોડ, વિલે પારલે પૂર્વ
મુંબઈ, મહારાષ્ટ્ર ૪૦૦૦૫૭.

: શોકાતુર :

પત્ની : શ્રીમતી નીશાબેન અનુપભાઈ દેસાઈ
પુત્ર : સ્નેહલ, પુત્રવધૂ : મેઘા
તથા દેસાઈ પરિવાર

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# સંસ્થા સમાચાર

## શિકાગોમાં મહેશ વાઘરને જૈના રત્ન ઍવૉર્ડ અર્પણ




અમેરિકાની જૈના સંસ્થાના પૂર્વપ્રમુખ અને દાતા શ્રી મહેશ વાઘરને જૈન સમાજનો સર્વોચ્ચ પુરસ્કાર જે જૈન ધર્મ પ્રત્યેની શ્રદ્ધા, મૂલ્યો વિદેશમાં જૈન સમાજનું નેતૃત્વ અને સેવા માટે 'જૈના રત્ન ઍવૉર્ડ' જૈનાના પ્રમુખ બિંદેશ શાહ, કોકીલા દોશી, ઉપપ્રમુખ અતુલ શાહના હસ્તે શિકાગોમાં અર્પણ કરાયો હતો.

અમેરિકામાં ભણતા વિદ્યાર્થીઓને સ્કોલરશિપ માટે મનુભાઈ અને રીકાબેન શાહ, અજયભાઈ શેઠ, ઉષા મહેશ વાઘર વગેરે તરફથી માતબર રકમની ઘોષણા કરવામાં આવેલ. જૈનાના દર બે વર્ષે ભરાતા જૈના કન્વેન્શનમાં પાંચેક હજાર ભાવિકોએ હાજરી આપી હતી.

પૂ. શ્રી ધીરગુરુદેવ પ્રેરિત દંતયજ્ઞ-બત્રીસી અર્પણ યોજનામાં ઍવૉર્ડની ખુશાલીમાં મહેશ અને ઉષા વાઘરે ૨૦૦ બત્રીસીનું અનુદાન જાહેર કરેલ.

# ગુમ બાળકીનો મૃતદેહ સાસૂન ડોક નજીક દરિયામાં મળ્યો: સાવકા પિતા તાબામાં

મુંબઈ: એન્ટોપ હિલ વિસ્તારમાંથી ગુમ થયેલી ત્રણ વર્ષની બાળકીનો મૃતદેહ મંગળવારે સવારના દક્ષિણ મુંબઈના કોલાબા વિસ્તારમાં સાસૂન ડોક નજીક દરિયામાંથી મળી આવ્યો હતો. પોલીસ આ પ્રકરણે હત્યાનો ગુનો દાખલ કરીને શંકાને આધારે બાળકીના સાવકા પિતાને તાબામાં લીધો હતો, એમ સૂત્રોએ જણાવ્યું હતું. એન્ટોપ હિલમાં માતા અને સાવકા પિતા સાથે રહેતી બાળકી અમાયરા શેખ સોમવારે મોડી રાતે ગુમ થઇ હતી. બાળકીની શોધ ચલાવ્યા છતાં તેનો કોઇ પત્તો ન લાગતાં આખરે એન્ટોપ હિલ પોલીસ સ્ટેશનમાં તેના ગુમ થવાની ફરિયાદ નોંધાવી હતી, જેને આધારે પોલીસે અપહરણનો ગુનો દાખલ કરીને તપાસ આદરી હતી.

મંગળવારે સવારના કોલાબા ખાતે સાસૂન ડોક નજીક માછીમારોને દરિયામાં બાળકીનો મૃતદેહ મળી આવ્યો હતો, જેને પગલે કોલાબા પોલીસને જાણ કરવામાં આવી હતી. પોલીસે આ અંગે તપાસ કરતાં એન્ટોપ હિલ પોલીસ સ્ટેશનમાં બાળકીને ગુમ થવા અંગે ફરિયાદ નોંધાવવામાં આવી હોવાનું જાણવા મળ્યું હતું.

દરમિયાન એન્ટોપ હિલ પોલીસે ઘટનાસ્થળ તેમ જ આસપાસના વિસ્તારના સીસીટીવી કેમેરાના ફૂટેજ તપાસ્યા હતા અને બાળકી છેલ્લે તેના સાવકા પિતા ઇમરાન દસ્તગીર શેખ સાથે જોવા મળી હોવાનું જાણવા મળતાં પોલીસે તેને તાબામાં લીધો હતો.

# ટેક્નિકલ ખામીને કારણે પશ્ચિમ રેલવેમાં ચાર એસી લોકલ ટ્રેનો નોન-એસી તરીકે દોડાવવામાં આવી

મુંબઈ: મંગળવારે પશ્ચિમ રેલવેએ ચાર એર-કન્ડિશન્ડ (એસી) લોકલ ટ્રેનોને ટેકનિકલ સમસ્યાઓના કારણે નોન-એસી તરીકે દોડાવવાની જાહેરાત કરતા મુંબઈની ઉપનગરીય રેલ સેવાઓમાં અચાનક વિક્ષેપ પડ્યો હતો.

૯૪૦૧૧ મહાલક્ષ્મી - વિરાર, ૯૪૦૨૪ વિરાર - ચર્ચગેટ, ૯૪૦૨૯ ચર્ચગેટ - બોરીવલી અને ૯૪૦૪૦ બોરીવલી - ચર્ચગેટ આ ચારેય ટ્રેનો દિવસ દરમિયાન નિયમિત નોન-એસી લોકલ તરીકે કાર્યરત રહી, જેના કારણે ખાસ કરીને પીક અવર્સ દરમિયાન સુવિધાજનક અને આરામદાયક મુસાફરીને પ્રાધાન્યતા આપતા સેંકડો દૈનિક મુસાફરોને મુશ્કેલી પડી હતી.

ટેકનિકલ ખામીનું ચોક્કસ કારણ જાહેર કરવામાં આવ્યું નથી, પરંતુ રેલવે અધિકારીઓએ જણાવ્યું છે કે જાળવણી ટીમો સમસ્યાને સુધારવા અને શક્ય તેટલી વહેલી તકે સામાન્ય એસી સેવાઓ શરૂ કરવા માટે સક્રિયપણે કામ કરી રહી છે.

''ટેકનિકલ સમસ્યાઓના કારણે આ સેવાઓ મંગળવારે નોન-એસી તરીકે ચાલશે. અસુવિધા માટે અમે દિલથી માફી માંગીએ છીએ,'' પશ્ચિમ રેલ્વેના ડિવિઝનલ રેલ્વે મેનેજરે એક્સ પર પોસ્ટ કરી જાણ જ કરી હતી.

મુસાફરોને સલાહ આપવામાં આવે છે કે તેઓ અપડેટેડ ટ્રેન સમય માટે જોડાયેલ સમયપત્રકનો સંદર્ભ લે અને તે મુજબ તેમની મુસાફરીનું આયોજન કરે.

# પુણેના ઝૂમાં પાંચ દિવસમાં ૧૪ હરણનાં મૃત્યુની તપાસ હાથ ધરાઈ

પુણે: પુણેના રાજીવ ગાંધી ઝૂલૉજિકલ પાર્કમાં ચારથી પાંચ દિવસમાં અજ્ઞાત કારણોસર ૧૪ જેટલાં હરણનાં મૃત્યુ થયાં હોવાનું અધિકારીએ મંગળવારે જણાવ્યું હતું. પુણે મહાનગરપાલિકાના વેટરનરી ઑફિસરે જણાવ્યું હતું કે હરણોને શાને કારણે ઈન્ફેક્શન થયું હતું તે જાણવા માટે તેમને આપવામાં આવેલા ખાદ્ય પદાર્થ સહિત બધી શક્યતાઓ ચકાસવામાં આવી રહી છે. આ અંગે મેડિકલ રિપોર્ટ આવ્યા બાદ વિગતવાર જાણી શકાશે. અધિકારીના જણાવ્યા મુજબ છેલ્લા ચાર-પાંચ દિવસથી રોજ હરણ મરી રહ્યાં છે. જોકે મંગળવારે કોઈ હરણ મર્યું નહોતું. અત્યાર સુધીમાં ૧૪ હરણ મર્યાં હોવાનું તેમણે જણાવ્યું હતું. આ મામલે તપાસ માટે મહારાષ્ટ્ર ઝૂ ઑથોરિટી (એમઝેડએ)ના અધિકારીઓ મંગળવારે પુણે ગયા હતા.

## છેલ્લા પાનાનું ચાલુ

### બાળકોના અપહરણ માટે

થઈ રહ્યા છે, જેમાં દહાણુના કાસા પોલીસ સ્ટેશનની હદમાં આવેલા ચારોટી નાકા પાસેથી બાળકોના અપહરણનો પ્રયાસ કરાયાનો દાવો કરવામાં આવ્યો છે. સોમવારની સાંજે છ વાગ્યાની આસપાસ આ ઘટના બની હતી. કાસા, રાનશેત ખાતેની શાળામાંથી છૂટ્યા પછી બાળકો ચાલતા ઘરે જઈ રહ્યા હતા. બાળકો સારણી કરબટ પાડા સ્થિત પુલ નજીક પહોંચ્યા ત્યારે બ્લૅક કલરની સ્કોર્પિયો તેમની પાસે આવીને ઊભી રહી હતી.

કારમાંથી ઊતરેલા બેથી ત્રણ જણે મોઢા પર રૂમાલ બાંધી રાખ્યો હતો. શંકાસ્પદ વ્યક્તિઓ હિન્દીમાં બોલી રહ્યા હતા. 'ચાલો, હું તમારા ઘરે છોડી દઉં છું... મને ઓળખતા નથી? બેટા, ક્રીમ બિસ્કિટ ખાઈ લો,' એમ કહીને બાળકોને કારમાં બેસાડવાનો પ્રયાસ કરાયો હતો. જોકે ડરી ગયેલા બાળકો ત્યાંથી નાસી ગયા હતા. આ સંદર્ભેની માહિતી સોશ્યલ મીડિયા પર ફરવા લાગી હતી.

### ૩૧,૯૫૫ કરોડના

પ્રોજેક્ટ્સ રિન્યૂએબલ ઉર્જા ઉત્પાદનમાં નોંધપાત્ર યોગદાન આપશે તેમ જ રાજ્યના ઔદ્યોગિક અને સામાજિક વિકાસને વેગ આપશે તેવી અપેક્ષા છે, એમ એક નિવેદનમાં જણાવાયું છે.

'મહારાષ્ટ્ર મહત્વાકાંક્ષી નીતિ, પ્રોજેક્ટ પાઇપલાઇન અને રોકાણના દૃષ્ટિકોણ સાથે પમ્પ્ડ સ્ટોરેજ ક્ષેત્રમાં દેશમાં અગ્રણી રાજ્ય તરીકે ઉભરી આવ્યું છે,' એમ જણાવતાં ફડણવીસે કહ્યું હતું કે, રાજ્ય નેટ-શૂન્ય કાર્બન ઉત્સર્જન સાધ્ય કરવાના રાષ્ટ્રીય ધ્યેય તરફ નિર્ણાયક રીતે આગળ વધી રહ્યું છે. રાજ્ય ૨૦૩૦ સુધીમાં રિન્યૂએબલ ઊર્જા સ્રોતોમાંથી તેની ૫૦ ટકાથી વધુ વીજળી ઉત્પન્ન કરવાનું લક્ષ્ય રાખે છે, જેમાં ગ્રીડ સ્થિરતા સુનિશ્ચિત કરવા માટે સૌર ઉર્જા અને પમ્પ્ડ સ્ટોરેજ સિસ્ટમ્સ પર મજબૂત ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે, એમ તેમણે જણાવ્યું હતું.

એમઓયુ મુજબ, ગ્રીનકો એમએચ-૦૧ આઈઆરઈપી પ્રા. લિ. છત્રપતિ સંભાજીનગરના સોયગાંવ ખાતે ૯,૬૦૦ કરોડ રૂપિયાના રોકાણ સાથે પ્લાન્ટ સ્થાપશે. જેમાં ૨,૦૦૦ મેગાવોટ વીજળી ઉત્પન્ન કરશે અને ૬,૦૦૦ નોકરીઓ પૂરી પાડશે.

### વિધાનસભામાં શિવસેના

ટ્રાન્સફર કરી નથી. 'તમે કેન્દ્ર અને મહારાષ્ટ્રમાં સરકાર ચલાવો છો. તમે કેમ આગળ વધતા નથી? શું જમીન રાજ્ય સરકારને ટ્રાન્સફર કરવામાં આવશે અને શું ઝૂંપડપટ્ટીમાં રહેતા લોકોનું સ્થળાંતર કરવામાં આવશે? આ મુદ્દો ૨૦૧૭થી પેન્ડિંગ છે,' એમ સરદેસાઈએ કહ્યું હતું. રાજ્યના ગૃહનિર્માણ ખાતાના પ્રધાન એકનાથ શિંદે વતી જવાબ આપતા રાજ્યના પ્રધાન દેસાઈએ કહ્યું હતું કે, 'શિંદેએ કેન્દ્રને ચાર પત્રો મોકલ્યા હતા. તેઓ આ બાબતે આગળ વધી રહ્યા છે.'

### બીએસઇ બિલ્ડિંગને

પોલીસે આ પ્રકરણે ગુનો દાખલ કરી તપાસ આદરી હતી. બીએસઇને રવિવારે રાતે ઇમેઇલ મોકલવામાં આવ્યો હતો. જેમાં ધમકી આપવામાં આવી હતી કે બીએસઇ ઇમારતમાં ચાર આરડીએક્સ આઇઇડી પ્લાન્ટ કરાયા છે અને સોમવારે બપોરના ત્રણ વાગ્યાની આસપાસ ધડાકા થશે. દરમિયાન બીએસઇના કર્મચારીએ સોમવારે ઇમેઇલ જોયા બાદ સંબંધિત સત્તાવાળાઓને તેની જાણ કરી હતી, જેને પગલે પોલીસનો સંપર્ક સાધવામાં આવ્યો હતો. આથી પોલીસ અધિકારીઓ તથા બોમ્બ ડિટેક્શન એન્ડ ડિસ્પોઝલ સ્કવોડ (બીડીડીએસ) તાત્કાલિક બીએસઇની બહુમજલી ઇમારતમાં દોડી આવ્યા હતા અને સઘન તપાસ આદરી હતી. જોકે ત્યાંથી કોઇ પણ શંકાસ્પદ વસ્તુ મળી ન આવતાં બોમ્બની વાત અફવા સાબિત થઇ હતી.

એમઆઇએ માર્ગ પોલીસે આ પ્રકરણે અજાણી વ્યક્તિ વિરુદ્ધ ગુનો દાખલ કર્યો હતો અને ઇ-મેઇલ મોકલનારું પગેરું મેળવવાના પ્રયાસ હાથ ધર્યા હતા.

### મલેરિયા, ડેન્ગ્યૂ અને

જુલાઈથી ૧૪ જુલાઈ સુધીના સમયગાળામાં તાવના દર્દી શોધવા માટે ૬,૭૦,૦૧૩ ઘરના સર્વેક્ષણ કર્યા હતા, જેમાં ૩૨,૧૩,૯૬૭ લોકોને તપાસીને તેમાંથી ૧,૦૧,૭૧૨ લોકોના લોહીના નમૂના તપાસ માટે લેવામાં આવ્યા હતા. આ સમયગાળામાં ૧૬ જગ્યાએ હેલ્થ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

### શશિકાંત શિંદે મહારાષ્ટ્ર

ક્રાસ્ટોએ જણાવ્યું હતું. પવારે એનસીપી (એસપી)ના નેતાઓને પૂછ્યું હતું કે શું તેમનામાંથી કોઈ ચૂંટણી લડવા માગે છે અને કોઈ જવાબ ન મળતા, શિંદેનું નામ સર્વસંમતિથી પસંદ કરવામાં આવ્યું હતું, એવી માહિતી ક્રાસ્ટોએ આપી હતી.

### બિસ્કિટ અને ચૉકલેટનાં

આસપાસ ફ્લાઈટમાં દોહાથી મુંબઈ ઍરપોર્ટ પહોંચી હતી. મળેલી માહિતીને આધારે અધિકારીઓએ મહિલાને રોકી હતી અને તેની પૂછપરછ કરવામાં આવી હતી. મહિલા પાસેની બૅગની તપાસ કરવામાં આવતાં તેમાંથી બિસ્કિટનાં છ અને ચૉકલેટનાં ત્રણ બૉક્સ મળી આવ્યાં હતાં. નવેનવ બૉક્સ ખોલી અધિકારીઓએ તપાસ કરી હતી. બૉક્સમાંથી ૩૦૦ કૅપ્સ્યૂલ્સ મળી આવી હતી.

### મુલુંડમાં શનિવારે

સમયગાળામાં પાઈપલાઈનનું જોડાણનું કામ હાથ ધરવામાં આવવાનું છે. આ કામને કારણે 'ટી'વૉર્ડના મુલુંડ (પશ્ચિમ)માં અમુક વિસ્તારમાં પાણીપુરવઠો બંધ રહેશે. મુલુંડ(પશ્ચિમ)માં મલબાર હિલ રોડ, સ્વપ્નનગરી, વીણા નગર, મૉડલ ટાઉન રોડ, યોગી હિલ રોડ, ઘાટીપાડા, બી.આર. રોડ વિસ્તારમાં પાણીપુરવઠો બંધ રહેશે. સંબંધિત વિસ્તારના નાગરિકોને આગલા દિવસે પાણીનો સ્ટોક કરી રાખવાની અને પાણી જતનપૂર્વક વાપરવાની સલાહ આપવામાં આવી છે. તકેદારીના પગલારૂપે ત્રણથી ચાર દિવસ દરમ્યાન પાણી ઉકાળીને અને ગાળીને પીવાની પણ સલાહ આપવામાં આવી છે.

### મેટ્રો-ટૂએ અને મેટ્રો-૭માં

વધુ પ્રવાસીઓનો સમાવેશ કરી શકાય એ માટે નવા રેક સર્વિસમાં લાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. એમએમએમઓસીએલ દ્વારા આપવામાં આવેલી માહિતી અનુસાર આ નવી ત્રણ સર્વિસ બુધવારના એટલે કે આવતીકાલે સવારથી સેવામાં રજૂ કરવામાં આવશે. હાલમાં આ રૂટ પર ૨૧ ટ્રેન દોડાવવામાં આવે છે, પણ હવે એની સંખ્યા વધીને ૨૪ જેટલી થઈ જશે. ત્રણ નવી ગાડી દાખલ થયા બાદ મેટ્રો-ટૂએ અને મેટ્રો ૭ રૂટ પર ૨૧ સર્વિસ વધશે.

### મુંબઈમાં શોરૂમ સાથે

# 'સંજીવની અભિયાન'થી કેન્સરનું વહેલું નિદાન શક્ય

મુંબઈઃ મહારાષ્ટ્રના હિંગોલી જિલ્લામાં ચાર મહિના પહેલાં શરૂ કરવામાં આવેલા એક આરોગ્ય અભિયાને કેન્સરના ૨૦ કેસની પુષ્ટિ કરી છે, જેમાં ૧૨ મોઢાના અને સર્વાઇકલ અને સ્તન કેન્સરના ચાર-ચાર કેસનો સમાવેશ થાય છે એમ એક અધિકારીએ જણાવ્યું હતું.

વિશેષ કરીને મહિલાઓમાં કેન્સરની વહેલી તકે તપાસ અને સમયસર સારવારને પ્રોત્સાહન આપવા માટે જાગૃતિ લાવવા અને પ્રોત્સાહન આપવા માટે 'સંજીવની અભિયાન'નું આઠમી માર્ચ, ૨૦૨૫ ના આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે ઔપચારિક ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું.

આ અભિયાનનો મુખ્ય ઉદ્દેશ્ય મહિલાઓમાં કેન્સર વિશે જાગૃતિ લાવવાનો તેમજ સર્વાઇકલ, સ્તન અને મોઢાના કેન્સર પર ધ્યાન કેન્દ્રિત કરીને વહેલાસર નિદાન અને ત્વરિત સારવાર સુનિશ્ચિત કરવાનો છે એમ અધિકારીએ જણાવ્યું હતું.

આ અભિયાનના પ્રથમ તબક્કામાં એક્રેડિટેડ સોશિયલ હેલ્થ એક્ટિવિસ્ટ્સ (આશા)એ સમગ્ર હિંગોલી જિલ્લામાં ડોર-ટુ-ડોર સર્વે હાથ ધર્યો હતો. સ્થાનિક આરોગ્ય વિભાગની પદ્ધતિ અનુસરી સ્ત્રીઓમાં સામાન્ય કેન્સરથી સંબંધિત લક્ષણોને ઓળખવા માટે ખાસ તૈયાર કરવામાં આવેલી પ્રશ્નોત્તરીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. અત્યાર સુધીમાં આ ઝુંબેશમાં કેન્સરના કુલ ૯૯૬ શંકાસ્પદ કેસ (પુરુષ અને સ્ત્રી)ની ઓળખ કરવામાં આવી છે જેમાં ૬૫૯ સર્વાઇકલ કેન્સર, ૨૨૮ સ્તન કેન્સર અને ૧૦૯ મૌખિક કેન્સરના કેસ જણાયા મળ્યા છે. નિદાન થયેલા તમામ દર્દીઓ માટે સારવાર શરૂ કરવામાં આવી છે. (પીટીઆઈ) ■

**સંભાજી બ્રિગેડના નેતાની મારપીટ**

# આરોપીને બચાવવા માટે કોઈ ફોન નહોતો કર્યોઃ બાવનકુળે

મુંબઈઃ મહારાષ્ટ્રના પ્રધાન ચંદ્રશેખર બાવનકુળેએ મંગળવારે સ્પષ્ટતા કરી હતી કે સોલાપુર જિલ્લામાં સંભાજી બ્રિગેડના નેતા પ્રવીણ ગાયકવાડની મારપીટના આરોપી દીપક કાટેને બચાવવા માટે તેમણે કોઈ ફોન નહોતો કર્યો અને કહ્યું હતું કે તેમના કોલ રેકોર્ડ્સની ચકાસણી કરી શકો છો. દીપક કાટે સાથેની ઘણી તસવીરો અને વીડિયો સોશિયલ મીડિયા પર નજરમાં આવ્યા બાદ બાવનકુળેનું નામ વિવાદમાં આવી ગયું છે.

રવિવારે સોલાપુર જિલ્લાના અક્કલકોટ ગામમાં શ્રી દત્તાત્રેયના પુનર્જન્મ મનાતા સ્વામી સમર્થ પર કરેલી કથિત ટિપ્પણીને મુદ્દે ગાયકવાડની મારપીટ કરવામાં આવી હતી અને કોઈ સંગઠનના કાર્યકરોએ તેમના પર શાહી ફેંકી હતી.

રાજ્ય વિધાનસભાના પરિસરમાં સંવાદદાતાઓ સાથેની વાતચીતમાં બાવનકુળેએ કહ્યું હતું કે 'મારી વિરુદ્ધ ખોટી માહિતી ફેલાવવી જોઈએ નહીં. જો જરૂર પડે તો, મારા ફોનના કોલ ડેટા રેકોર્ડ્સની ચકાસણી કરી શકાય છે જેથી સિદ્ધ કરી શકાય કે મેં દીપક કાટેને બચાવવા માટે કોઈ કોલ કર્યો નથી. રાજ્યના મહેસૂલ પ્રધાને પણ ગાયકવાડ પરના હુમલાની નિંદા કરી જણાવ્યું હતું કે 'પ્રવિણ ગાયકવાડ સાથે અમારા મતભેદ હોઈ શકે છે, પરંતુ તેમના પર થયેલા કાયરતાપૂર્ણ હુમલાને વખોડી કાઢવામાં આવે છે. મારપીટની અમારું સમર્થન નથી. કોઈ પણ આરોપી વ્યક્તિને કાયદાકીય કાર્યવાહીથી બચાવવો એ ભાજપના સ્વભાવમાં નથી. આરોપી આરોપી હોય છે, તેના રાજકીય જોડાણને ધ્યાનમાં નથી લેવામાં આવતું. (પીટીઆઈ) ■

કવર સ્ટોરી_
નિલેશ વાઘેલા
feedback@bombaysamachar.com

# ખેંચતાણ ખેડૂતો માટે?

## લો, ભારત અને અમેરિકા વચ્ચે સોદાબાજી તો વોટબેન્ક માટે!



ભારત-અમેરિકા વેપાર વાટાઘાટોનો સુખદ ઉકેલ મૃગજળની માફક નજીક જણાય છે, પરંતુ ફરી દૂર ઠેલાઇ જાય છે! તઘલખી ટ્રમ્પ ક્યારે શું ઊંબાડિયું કરશે, એનો જબાવ તો કદાચ બ્રહ્મા પાસે જ હોઇ શકે! હવે પહેલી ઓગસ્ટે વળી નવો ધડાકો શું થશે, એનો ઇંતઝાર છે. 'ભારત પર ટ્રમ્પનો ઊભરાતો પ્રેમ વાંરવાર છલકે છે!' ભારત રશિયા પાસેથી ક્રૂડ ઓઇલ ખરીદે છે ત્યાંથી માંડીને બ્રિક્સ દેશની સદસ્યતા સુધી ટ્રમ્પને ભારત પ્રત્યે અનેક બાબતે દાઝ છે અને તેણે એ દાઝ વારંવાર વ્યક્ત પણ કરી છે.

અમેરિકા સાથેની કથિત ટ્રેડ ટશનમાં કૃષિ અને ડેરી ક્ષેત્રોને લગતી બાબત મુખ્ય છે, અમેરિકા તેના ખેડૂતોને લાભ આપવા માટે બજાર પ્રવેશ પર ભાર મૂકી રહ્યું છે, જે રાષ્ટ્રપતિ ટ્રમ્પ માટે એક મુખ્ય રાજકીય આધાર છે. આ તરફ ભારત પણ પોતાના ખેડૂતોને સસ્તી આયાતથી બચાવવા માટે છૂટછાટો આપવામાં ખચકાટ અનુભવી રહ્યું છે.

આ રીતે જોઇએ તો અન્ય બાબતો ઉપરાંત બંને દેશ વચ્ચે ખેડૂતો માટે ખેંચતાણ થઇ રહી છે. બંને નેતા પોતાની મસમોટી વોટબેન્કના હિત માટે સોદાબાજી કરી રહ્યાં છે! ભારતે વિશ્વ વ્યાપાર સંગઠનમાં ટ્રમ્પે લીધેલા અને જાહેર કરેલા નિર્ણયો સામે ફરિયાદ પણ નોંધાવી છે. જોકે, અમેરિકા ભારત પર અનેક પ્રકારે દબાણ લાવી રહ્યું છે. પાકિસ્તાન જેવા નાપાક દેશને અબજો ડોલરની લોન અપાવવા પાછળ પણ ટ્રમ્પની ભારતને સુપર પાવર બનવામાં આડખીલી ઊભી કરવાની બદ્દાનતની ઝલક જોવા મળે છે. એક ઉપલબ્ધ માહિતી અનુસાર ભારત કૃષિ ઉત્પાદનો પરની જકાતમાં છૂટછાટ આપવા સંદર્ભે કડક વલણ અપનાવી રહ્યું હોવાથી વેપાર વાટાઘાટો અવરોધાઇ રહી છે. અગાઉ જણાવ્યા અનુસાર આ સવાલ વોટ બેન્કનો છે, જે ભારત તેમ જ અમેરિકા બંને માટે મહત્ત્વપૂર્ણ છે. ભારત પોતાના ખેડૂતોના મત ગુમાવવા નથી માગતું, જ્યારે અમેરિકા તેના ખેડૂતોને પ્રોત્સાહન આપી રાજી કરવા માટે તેના કૃષિ અને ડેરી ઉત્પાદનો પર આયાત જકાત ઘટાડવા દબાણ કરી રહ્યું છે.

### અમેરિકન ખેડૂતો, એક પ્રભાવશાળી રાજકીય જૂથ

ટ્રમ્પ શાણો વેપારી અને પહોંચેલો રાજકારણી છે. અહીં નોંધવું રહ્યું કે અમેરિકામાં ખેડૂતો રાજકીય રીતે શક્તિશાળી વર્ગ છે. આ તરફ ભારત તેના ખેડૂતોને ઓછી કિંમતના અમેરિકન કૃષિ અને ડેરી ઉત્પાદનોના મારથી બચાવવા માટે આ માલ પર ટેરિફ છૂટછાટ આપવાનો પ્રતિકાર કરી રહ્યું છે. અમેરિકાના સસ્તા ઉત્પાદનો ભારતમાં ખડકાય તો ભારતીય બજારમાં કિંમતોમાં ભારે ઘટાડો થઈ શકે અને જેનાથી ગ્રાહકોને કદાચ તાત્કાલિક લાભ થાય, પરંતુ ભારતીય ખેડૂતોને ભારે નુકસાન થઇ શકે છે.

એક ટોચના રાજકીય વિશ્લેષકે કહ્યું હતું કે, વેપાર વાટાઘાટો ભાગ્યે જ ફક્ત અર્થશાસ્ત્ર આધારિત હોય છે. મોટેભાગે આવી વાટાઘાટો સ્થાનિક રાજકીય આવશ્યકતાઓ સાથે ઊંડાણપૂર્વક સંકળાયેલી હોય છે. ટ્રમ્પ વહીવટીતંત્ર હેઠળ યુએસ-ભારત વેપાર વાટાઘાટોમાં અમેરિકન ખેડૂતોનું હિત મોખરા સ્થાને છે, કારણ કે આ વર્ગનું રાજકીય વેઇટેજ ખૂબ વધારે છે. આ જ કારણસર ગ્રામીણ અમેરિકાના મજબૂત સમર્થનને કારણે ચૂંટાયેલા ટ્રમ્પે વેપાર નીતિમાં અમેરિકાના કૃષિ અને ડેરી ક્ષેત્રોના હિતોને પ્રાથમિકતા આપી છે. અમેરિકન કૃષિ અને ડેરી ઉત્પાદનો માટે ભારતમાં વધુ બજાર પ્રવેશ માટે તેમના વહીવટીતંત્રનો પ્રયાસ ફક્ત આર્થિક વ્યૂહરચના નથી. આ શક્તિશાળી ફાર્મ લોબીના પ્રભાવથી આકાર પામેલું એક ગણતરીપૂર્વકનું રાજકીય પગલું છે.

### ટ્રમ્પના રાજકીય વિજયમાં ખેડૂતોના ટેકાની ભૂમિકા મહત્ત્વની

અમેરિકન ખેડૂતો, ખાસ કરીને મિડવેસ્ટના ખેડૂતો, એક પ્રચંડ રાજકીય બળનું પ્રતિનિધિત્વ કરે છે. તેઓ ટ્રમ્પના રાજકીય પાયાનો એક મહત્ત્વપૂર્ણ ભાગ છે, જેમણે ૨૦૧૬ અને ૨૦૨૦ની ચૂંટણીમાં તેમને ભારે ટેકો આપ્યો હતો. વેપાર અને ગ્રામીણ વિકાસ પર રાષ્ટ્રીય વાતચીતને આકાર આપવામાં આ પ્રદેશોનો નોંધપાત્ર પ્રભાવ છે.

અમેરિકાની ખેતી-આધારિત કાઉન્ટીઓએ ગયા વર્ષની ચૂંટણીમાં સૌથી વધુ, સરેરાશ ૭૭.૭ ટકા મતદાનથી ટ્રમ્પને ભારે સમર્થન આપ્યું હતું. ટ્રમ્પે ખેતી-આધારિત કાઉન્ટીઓમાં પોતાનો ટેકો વધાર્યો એટલું જ નહીં, પરંતુ તેમાંથી ૧૦૦થી વધુ કાઉન્ટીઓએ તેમને ઓછામાં ઓછા ૮૦ ટકા મત સાથે તેમને ટેકો આપ્યો હતો.

માર્ચમાં કોંગ્રેસ સમક્ષ આપેલા ભાષણમાં, ટ્રમ્પે કહ્યું હતું કે તેમની નવી વેપાર નીતિઓ 'અમેરિકન ખેડૂતો માટે ઉત્તમ રહેશે', તેમ છતાં તેમણે સ્વીકાર્યું હતું કે 'થોડો સમયગાળો ગોઠવણનો હોઈ શકે છે.' ટ્રમ્પે કહ્યું, આપણા ખેડૂતોના હરિયાળા દિવસો આવશે. તેમણે એવો પણ દાવો કર્યો હતો કે ખેડૂતો સ્થાનિક રીતે વધુ વેચાણ કરીને કોઈપણ નુકસાનની ભરપાઈ કરી શકે છે. અને કોઈ એમની સાથે સ્પર્ધા નહીં કરી શકશે!

### અમેરિકન ખેડૂતો નિકાસ પર વધુ નિર્ભર

વર્ષોથી, સ્થાનિક ઉત્પાદનમાં વૃદ્ધિ અને બદલાતી વપરાશ પેટર્નને કારણે અમેરિકન ખેડૂતો નિકાસ પર વધુને વધુ નિર્ભર બન્યા છે. આયોવા, વિસ્કોન્સિન અને નેબ્રાસ્કા જેવા મુખ્ય કૃષિ રાજ્યો સોયાબીન, મકાઈ, ડેરી અને માંસ જેવી ચીજવસ્તુઓ માટે વિદેશી બજારો પર ભારે આધાર રાખે છે.

આ કારણસર, કૃષિ નિકાસને વેગ આપતા નવા અથવા વિસ્તૃત વેપાર સોદાઓ મેળવવાથી આ રાજ્યોના આર્થિક હિત અને ટ્રમ્પના રાજકીય હિત બંનેને સીધો લાભ મળે. ટ્રમ્પના પાછલા કાર્યકાળ દરમિયાન, ખેડૂતોને સરકારી ચૂકવણી ઐતિહાસિક સ્તરે પહોંચી ગઈ કારણ કે ટ્રમ્પ વહીવટીતંત્રે તેમના ટેરિફ યુદ્ધોથી થયેલા નાણાકીય નુકસાનની ભરપાઈ કરવા માટે ખેડૂતોને રોકડ રકમ આપી હતી.

### ભારત પોતાના ખેડૂતો વિશે ચિંતિત

ભારતના પોતાના રાજકીય અને આર્થિક વિચારો અને લક્ષ્યમાં, સ્થાનિક ખેડૂતોનું રક્ષણ કરવું, ખાદ્ય સુરક્ષાના ધોરણોનું પાલન કરવું અને વ્યૂહાત્મક સ્વાયત્તતા જાળવી રાખવાનો સમાવેશ થાય છે. આ લક્ષ્યો અને આદર્શને કૃષિ અને ડેરી ઉત્પાદનો પરની આયાત જકાતમાં છૂટછાટો માટેની અમેરિકન માગણીથી પારાવાર નુકસાન થઇ શકે છે. કૃષિ અને તેના સંલગ્ન ક્ષેત્રો ભારતની ૩.૯ ટ્રિલિયન અર્થવ્યવસ્થામાં માત્ર ૧૬ ટકા ફાળો આપે છે, પરંતુ દેશની ૧.૪ અબજ વસ્તીના લગભગ અડધા ભાગને આધાર આપે છે, ટકાવી રાખે છે. ભારતમાં પણ ખેડૂતો સૌથી શક્તિશાળી મતદાન જૂથ રહ્યા હોવાથી, વડા પ્રધાન નરેન્દ્ર મોદીની સરકારને ચાર વર્ષ પહેલાં વિવાદાસ્પદ કૃષિ કાયદાઓ પસાર કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો ત્યારે ભાગ્યે જ પીછેહઠ કરવાની ફરજ પડી હતી.

યુનાઇટેડ સ્ટેટ્સમાંથી સસ્તી આયાતથી સ્થાનિક ભાવમાં ભારે ઘટાડો થવાની સંભાવના છે, જેનાથી વિપક્ષને સરકાર પર હુમલો કરવાની નવી તક મળશે. નવી દિલ્હીએ પરંપરાગત રીતે કૃષિને અન્ય રાષ્ટ્રો સાથેના મુક્ત વેપાર કરારોથી દૂર રાખ્યું છે. યુએસને બજાર ઍક્સેસ આપવામાં આવે તો, ભારતને અન્ય વેપાર ભાગીદારો પણ સમાન છૂટછાટો આપવા માટે દબાણ કરી શકે છે. ભારતીય ખેડૂત સરેરાશ ફક્ત ૧.૦૮ હેક્ટર જમીન ધરાવે છે, જ્યારે યુનાઇટેડ સ્ટેટ્સમાં આ પ્રમાણ ૧૮૭ હેક્ટર જેટલું છે. ડેરી ક્ષેત્રમાં, ભારતમાં સરેરાશ ધણનું કદ પ્રતિ ખેડૂત બેથી ત્રણ પશુઓનું છે, જ્યારે યુએસમાં ખૂબ જ મોટું ૧૦૦થી ૨૦૦ કે વધુ પશુઓનું હોય છે. આ તફાવત નાના ભારતીય ખેડૂતો માટે તેમના યુએસ સમકક્ષો સાથે સ્પર્ધા કરવાનું મુશ્કેલ બનાવે છે.

અમેરિકા ભારત પર દબાણ કરી રહ્યું છે કે તે ડેરી, મરઘાં, મકાઈ, સોયાબીન, ચોખા, ઘઉં, ઇથેનોલ, સાઇટ્રસ ફળો, બદામ, પેકન્સ, સફરજન, દ્રાક્ષ, તૈયાર પીચ, ચોકલેટ, કૂકીઝ અને ફ્રોઝન ફ્રેન્ચ ફ્રાઈસ સહિત અમેરિકન ઉત્પાદનોની વિશાળ શ્રેણી માટે તેના બજારોના દરવાજા ખોલી નાંખે. જ્યારે ભારત યુએસ ડ્રાયફ્રૂટ્સ અને સફરજનને વધુ પ્રવેશ આપવા તૈયાર છે, અને મકાઈ, સોયાબીન, ઘઉં અને ડેરી ઉત્પાદનોની આયાતને મંજૂરી આપવાનું ટાળી રહ્યું છે. ભારત જિનેટીક્સને મંજૂરી આપતું નથી. હવે જોઇએ આગળ શું થશે. વાટાઘાટો હજું ચાલુ છે, પિક્ચર અભી બાકી હૈ...! ■

પ્રાસંગિક__અમૂલ દવે
feedback@bombaysamachar.com

# દોસ્ત દોસ્ત ના રહા...

## હવે પુતિન વર્સીસ ટ્રમ્પ !



એક બહુ જાણીતી અને વારંવાર ખરી ઠરેલી ઉક્તિ છે કે 'રાજકારણમાં કોઈ કાયમી મિત્ર કે દુશ્મન નથી. ફક્ત કાયમી સ્વાર્થ છે.'

અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પ અને રશિયાના સર્વેસર્વા એવા વ્લાદિમીર પુતિનનું પણ એવું જ છે. પુતિને ૨૦૧૭માં ટ્રમ્પને પ્રમુખપદની ચૂંટણી જીતવામાં મદદ કરી હતી. આ જ દોસ્તીના આધારે ટ્રમ્પ માનતા હતા કે હાં બીજી મુદતમાં પ્રમુખ બનીશ કે તરત જ રશિયા અને યુક્રેન વચ્ચેનું યુદ્ધ અટકાવી દઈશ. ટ્રમ્પે મિત્ર પુતિનના શબ્દ પર વિશ્વાસ રાખીને યુક્રેનને સહાય કરવાનું બંધ કરી દીધું. જોકે પુતિને એવો દગો દીધો કે ટ્રમ્પની આંખ ખુલી ગઈ. ટ્રમ્પ હવે પુતિનને અલ્ટિમેટમ આપે છે કે જો રશિયા ૫૦ દિવસમાં યુદ્ધ નહીં અટકાવે તો હું રશિયા સાથે વેપાર કરનાર દેશ પર ૧૦૦ ટકા ટૅરિફ ફટકારી દઈશ.. !

આવી જ દોસ્તી દુશ્મની ઈરાન અને ઈઝરાયલ વચ્ચે છે. આ બે દેશ એક સમયે દોસ્ત હતા. બન્ને વચ્ચે રોટી-બેટીનો સંબંધ હતો. ઈઝરાયલમાં ઇસ્લામિક ક્રાંતિ આવ્યા બાદ બધું બદલાઈ ગયું. બન્ને વચ્ચે બાર દિવસ યુદ્ધ ચાલ્યું. ઈઝરાયલને બચાવવા ટ્રમ્પે જબરદસ્તીથી સીઝફાયર કરાવ્યો. હવે એ જ ઈઝરાયલ- ઈરાને બે મહિનાનું અલ્ટિમેટમ આપ્યું છે.

આજે વિશ્વભરમાં 'એક સાંધો ને તેર તૂટે ' એવી સ્થિતિ છે. મિડલ ઈસ્ટમાં ઈઝરાયલ અને યમનના બળવાખોરો હિત વચ્ચે નવો મોરચો ખૂલી ગયો છે. યમને ઈઝરાયલ જતાં બે જહાજનો ખાતમો બોલાવી દીધો છે. ઈઝરાયલે આનો બદલો લેવા યમનના બંદરો પર હવાઈ હુમલા કર્યા હતા. જોકે હુથી એનાથી જરા પણ વિચલિત થયું નથી. હુથીએ ઈઝરાયલ પર હાઈપરસોનિક મિસાઈલથી હુમલો કરવાનું ચાલુ રાખ્યું છે. આનાથી હતપ્રભ થયેલા ઈઝરાયલ હાથ જોડીને અમેરિકાને કરકરી રહ્યું છે કે યમનના બળવાખોરોને વારો. નહીં તો અમે પાયમાલ થઈ જઈશું... હવે સવાલ એ છે કે જે અમેરિકાએ હુથી સામે હવાઈ હુમલા કર્યા બાદ ગુપ્ત સમજૂતી કરે છે એ ઈઝરાયલને કઈ રીતે બચાવી શકે ?

અમેરિકાએ હુથીને નિયંત્રણમાં લાવવા એક યુદ્ધવાહક જહાજ રાતા સમુદ્રમાં યમનની નજીક તૈનાત કરીને જોરદાર હવાઈ હુમલા કર્યા, પરંતુ હુથીએ અમેરિકાના જહાજને મિસાઈલ હુમલા વડે નુકસાન પહોંચાડ્યું... પેન્ટાગોને ટ્રમ્પને સમજાવ્યું કે જો હુથી સામે આટલા બધા હથિયારો ઉપયોગમાં લેવામાં આવશે તો અમેરિકા પાસે ચીન સામે યુદ્ધ જેવી પરિસ્થિતિનો સામનો કરવા માટે હથિયારો જ નહીં રહે...! આ વાત સમજીને અમેરિકાએ હુથી સામે ગુપ્ત સમજુતી કરીને ઈઝરાયલને તેના હાલ પર છોડી દીધું.

સૌથી દુ:ખની વાત તો એ છે કે ઈઝરાયલ અને હમાસ વચ્ચે સીઝફાયર થાય એવા સંકેતો મળતા હતા, પરંતુ આમાં હજી નક્કર પ્રગતિ થઈ નથી. કતારમાં વાતચીત ચાલુ જ છે. ઈઝરાયલ દ્વારા ગાઝા પટ્ટી પર અમાનવીય હુમલા ચાલુ જ છે. દરરોજ પચાસથી વધારે નિરાશ્રિતોને બોમ્બ ફેંકીને મારી નાખવામાં આવે છે. આના વીડિયો હૃદયદ્રાવક છે. એક રીતે ઇઝરાયલના વડા પ્રધાન બેન્જામિન નેત્યાનાહુ પેલેસ્ટાઈનમાં રિવેરા બનાવાની ટ્રમ્પની યોજનાને સફળ બનાવવા પ્રયાસ કરી રહ્યા છે. જે ઈરાને ઈઝરાયલ સાથે સીઝ ફાયર કરવાની ફરજ પાડી એ જ દેશ હવે ઈરાનને બે મહિનાનું અલ્ટિમેટમ આપે છે. ઈઝરાયલ કહે છે કે જો ઈરાન તેના અણુ કાર્યક્રમ અંગે અમેરિકા સાથે ડીલ નહીં કરે તો અમે ફરી ઈરાન પર આક્રમણ કરીશું.

ટ્રમ્પ પાક્કા બિઝનેસમેન છે. તે આ શસ્ત્રો સીધા યુક્રેનને નહીં પરંતુ નાટો અને યુરોપિયન યુનિયનને આપશે. પુતિને એમને બરાબરના શીશામાં ઉતારી દીધા છે. જ્યારે પુતિન સમાધાન માટે તૈયાર હતા ત્યારે યુક્રેનના પ્રમુખ ઝેલેન્સ્કી તૈયાર થયા નહોતા. ત્યાર બાદ જોકર ઝેલન્સ્કીએ રશિયાના હવાઈ મથક પર હુમલો કરીને તેના બૉમ્બરનો નાશ કર્યો હતો આને લીધે રશિયાને આઠ અબજ ડૉલરનું નુકસાન થયું હતું. આથી કોપાયમાન થયેલા પુતિને યુક્રેનને ખતમ કરવાના જ આદેશ આપી દીધા છે. રશિયા દરરોજ એક હજારની આસપાસ મિસાઈલ અને ડ્રોનથી યુક્રેન પર હુમલો કરે છે. અડધું યુક્રેન ખતમ થવાની અણી પર છે. રશિયાનું ભૂદળ યુક્રેનમાં પગપેસારો કરી રહ્યું છે જેથી અડધું યુક્રેન હડપ કરી જવાય. ટ્રમ્પે પુતિનના ક્રોધને જોઈને થોડા દિવસ રશિયાને ફ્રી હેન્ડ આપ્યો હતો. તાજેતરમાં પુતિન જોડે ટ્રમ્પે વાતચીત કરી તો પુતિને કહી દીધું કે જ્યાં સુધી અમારા લક્ષ્ય સિદ્ધ નહીં થાય ત્યાં સુધી રશિયા યુદ્ધ નહીં અટકાવે. અકળાયેલા ટ્રમ્પે જાણીબૂઝીને ચૂંટણી પ્રચાર વખતનો એક વીડિયો વાઈરલ કર્યો છે. જેમાં ટ્રમ્પ દાવો કરે છે કે મેં પુતિન અને શી જિનપિંગ સાથે વાતચીત કરીને તેમના પર બૉમ્બ ફેંકવાની ધમકી આપી છે. પહેલાં તો એ માન્યા નહીં, પરંતુ પછી એ ગંભીર થયા. ટ્રમ્પ જે યુદ્ધ માટે યુક્રેનને પણ ૫૦ ટકા જવાબદાર માનતા હતા. હવે ટ્રમ્પ કહે છે કે પુતિન સવારે સારી વાતો કરે છે, પરંતુ સાંજે યુક્રેન પર ભયંકર બૉમ્બમારો કરે છે!

નવી રણનીતિ પ્રમાણે 'નાટો' કે યુરોપિયન યુનિયનના દેશો અમેરિકા પાસેથી હથિયાર ખરીદશે. ટ્રમ્પે રશિયા પર વધુ પ્રતિબંધ લાદવાની પણ વાત કરી છે. રશિયાના ભીષણ હુમલાથી યુક્રેન સરેન્ડર કરે એવા ડરથી પ્રેરાઈને યુરોપ અને અમેરિકા તેની વહારે આવ્યું છે. અમેરિકા તેની પેટ્રિયટ એર ડિફેન્સ સિસ્ટમ યુક્રેનને આપવા તૈયાર થઈ રહ્યું છે. યુક્રેનને હથિયારો આપવાનું બંધ કરનાર ટ્રમ્પે યુ ટર્ન લીધો છે. ટ્રમ્પે ડિપ્લોમસી છોડીને યુદ્ધનો માર્ગ અપનાવ્યો છે. ચીન ઈચ્છતું નથી કે અમેરિકા અને યુરોપના દેશો મળીને રશિયાને હરાવી દે. જો આમ થાય તો અમેરિકા પછી ચીનનો વારો કાઢે. બીજી બાજુ યુરોપના દેશો યુક્રેન રશિયા સામે હારી જાય એમ ઇચ્છતા નથી. જો યુક્રેન હારી જાય તો પુતિન યુરોપના બીજા દેશોને ટાર્ગેટ કરશે. ફ્રાન્સ અને ઈંગ્લેન્ડના લશ્કરના વડા કહે છે કે યુરોપને રશિયાથી ખતરો છે. રશિયામાં હથિયારનું મોટા પ્રમાણમાં ઉત્પાદન ચાલુ છે તો બીજી બાજુ નાટો દેશ પાસે લોન્ગ રેન્જ મિસાઈલ જ નથી. અમેરિકા યુદ્ધમાં સીધું ઉતરવા માગતું નથી, પરંતુ બ્રિટન, ફ્રાન્સ અને જર્મનીને યુદ્ધમાં ઉતારશે. પુતિનને ખબર છે કે નાટો અને યુરોપિયન યુનિયનના દેશો સામે રશિયા લડી શકે નહીં. આથી તેઓએ એટમ બૉમ્બનો સિદ્ધાંત બનાવ્યો છે. પુતિન કહે છે કે મોસ્કોને બચાવવા હું અણુબૉમ્બનો ઉપયોગ કરતા પણ અચકાઈશ નહીં. એટોમિક વૉર હવે દૂર લાગતું નથી. ■

# આ તો સ્કેમ છે... સ્કેમ છે..!

પ્રફુલ શાહ
feedback@bombaysamachar.com

# તપાસનો ચુકાદો ૨૪ દિવસમાં ને મુંદડાને સજા ૨૨ વર્ષની!

સરકાર ખરેખર, દિલથી ઈચ્છે તો ગમે તેવા અને મોટા કૌભાંડમાં ય ગુનેગારને સજા અપાવી શકે છે. શર્ત એટલી જ કે સરકાર ઈચ્છે તો - શાસક પક્ષના જ સાંસદ અને જવાહરલાલ નહેરુના એકના એક જમાઈ ફિરોઝ ગાંધીએ પર્દાફાશ કરેલું મુંદડાનું એલ.આઈ.સી. કૌભાંડ ખૂબ ગાજ્યું. કહી શકાય કે તપાસ સમિતિ નીમી દઈને નહેરુએ મામલો ઠંડો પાડી દીધો, પરંતુ હકીકતમાં એવું નહોતું જ.

વડા પ્રધાન જવાહરલાલ નહેરુએ મુંબઈની વડી અદાલતના ભૂતપૂર્વ નિવૃત્ત મુખ્ય ન્યાયાધીશ એમ. સી. ચાગલાની અધ્યક્ષતામાં તપાસ સમિતિ રચીને આ કૌભાંડની સચ્ચાઈ બહાર લાવવાની જાહેરાત કરી. આપણે તાજેતરના ઈતિહાસમાં ઘણાં તપાસ પંચની મુદત સતત લંબાતી જોઈ છે. મુદત પૂરી થયા બાદ એનો અહેવાલ જાહેર કરવામાં અક્ષમ્ય વિલંબના સાક્ષી બન્યા છીએ. વિલંબ અંગે હોબાળો મચે ત્યારે નાછુટકે સરકાર અહેવાલ જાહેર કરે, કાં અહેવાલ સ્વીકારવાનો ઈનકાર કરી દે. પોતે જ નીમેલા પંચના તારતમ્ય પર અવિશ્વાસ વિશે શું કહી શકાય?

પરંતુ એ ગાંધી અને નહેરુ યુગ હતો. સાથોસાથ ગુજરાતી ખોજા પરિવારના મોહમ્મદ કરીમ ચાગલાની શાખ એવી કે સમ ખાઈ શકાય. આગળ જતાં ભારતના શિક્ષણ પ્રધાન બનેલા ચાગલાસાહેબે હેગની આંતરરાષ્ટ્રીય અદાલતમાં અસ્થાયી ન્યાયાધીશ તરીકે ય ફરજ બજાવી હતી. તેઓ બ્રિટનમાં ભારતના દૂત બન્યા હતા ને પછી વિદેશ પ્રધાનનો હોદ્દો ય શોભાવ્યો હતો. ૧૯૬૦માં રાજકારણને તિલાંજલિ આપીને તેમણે વકીલ તરીકે પ્રેક્ટિસને પ્રાધાન્ય આપ્યું હતું.

આવા એમ. સી. ચાગલાએ પૂરેપૂરી ગંભીરતા, નિષ્ઠા અને તટસ્થતાથી તપાસ હાથ ધરી. વરસોનો કાયદાનો અનુભવ અને ન્યાયાધીશ તરીકે સફળતાપૂર્વક નિભાવેલી દૈદિપ્યમાન જવાબદારી છોગામાં. આ એક વ્યક્તિના તપાસ પંચે કોઈની શેહમાં તણાયા વગર પોતાનો ચુકાદો આપ્યો.

ચાગલા તપાસ પંચે સૂચવેલા ઘણાં મુદ્દા આજે પણ એટલાં જ કે કદાચ વધુ પ્રાસંગિક છે, અનિવાર્ય છે.

એક, સરકારે સ્વાયત્ત સંસ્થા કે નિગમોની કામગીરીમાં હસ્તક્ષેપ કરવો ન જોઈએ.

બે, (જરૂર હોય ત્યાં) વ્યાપારિક અને નાણાકીય અનુભવ ધરાવતી વ્યક્તિઓમાંથી નિગમના અધ્યક્ષની પસંદગી કરવી જોઈએ.

ત્રણ, સિવિલ સર્વિસના અમલદારોની નિગમમાં મહત્ત્વના હોદ્દા પર નિમણૂક વખતે કહેવાવું જોઈએ કે તેમણે કોઈ સિનિયર સરકારી અમલદારની શેહમાં તણાવાનું નથી કે પોતાની નિર્ણય અને વિવેક-શક્તિ તેમને સમર્પિત કરી દેવાની નથી.

ચાર, જીવન વીમા નિગમના ભંડોળનો ઉપયોગ માત્ર એલ.આઈ.સી.ના પોલિસીધારક માટે થવાં જોઈએ. કદાચ આ સિવાય ભંડોળનો ઉપયોગ થાય તો એ દેશના વ્યાપક હિતમાં હોવું જોઈએ.

પાંચ, સંસદીય પદ્ધતિની સરકારમાં સંબંધિત પ્રધાન-સાંસદને દરેક તબક્કે વિશ્વાસમાં લેવી જોઈએ અને ગૃહમાં દરેક જરૂરી દસ્તાવેજો રજૂ કરવા જોઈએ.

છ, એક પ્રધાને પોતાના સહયોગીના દરેક પગલાંની જવાબદારી લેવી જોઈએ. સહયોગીનું પગલું પોતાની નીતિનું પ્રતિબિંબ નથી અને તે મનફાવે વર્ત્યો એમ પ્રધાન કહી ન શકે.



હરિદાસ મુંદડા



મોહમ્મદ કરીમ ચાગલા

આ ભલામણો છેક ૧૯૫૮ના ફેબ્રુઆરીમાં કરાઈ હતી. એમાં કંઈ ખોટું છે? ના, ના, ના. છતાં જો પછીની કોઈ સરકારે એનો અમલ કર્યો નથી.

કદાચ ભારતમાં કોઈ તપાસ પંચે આપેલો સૌથી ઝડપી ચુકાદો ચાગલા પંચનો હતો. આમાં કોઈ પર સીધેસીધો દોષારોપણ મુકાયો નહોતો. છતાં ઘણું ઘણું કહેવાતું હતું. આને લીધે નેહરુ પોતાની નિકટના સાથી અને નાણાપ્રધાન ટી.કૃષ્ણમ્માચારીને મુંદડા - એલ.આઈ.સી. કૌભાંડની જવાબદારી લેવા માટે જણાવ્યા સિવાય છુટકો નહોતો. પંચના અહેવાલે કૃષ્ણમ્માચારીએ રાજીનામું આપવું પડ્યું હતું.

ચાગલા પંચની સૌથી મોટી વિશિષ્ટતા એ હતી કે એની સુનાવણી જાહેરમાં થઈ હતી. કોર્ટ રૂમની બહાર મોટા લાઉડ સ્પીકર લગાડાયા હતા કે જેથી અંદર આવી ન શકનારાઓ પણ કાર્યવાહી સાંભળી શકે. અહિં લાઉડ સ્પીકરમાં પ્રધાનો, અધિકારીઓ અને અન્ય મોટા માથાની થતી ટીકાઓને શ્રોતાઓ તાળીઓથી વધાવી લેતા હતા. ચાગલાના અહેવાલમાં હરિદાસ મુંદડાને છેતરપિંડી માટે દોષિત ગણીને કેસની સજા સંભળાવાઈ હતી. તેમણે તો નાણાં પ્રધાન કૃષ્ણમ્માચારી, નાણાં સચિવ એચ. એમ. પટેલ અને એલ.આઈ.સી.ના અમુક હોદ્દેદારો વિરુદ્ધ ખટલો ચલાવવાની અને હોદ્દા પરથી હટાવવાની ભલામણ કરી હતી.

આઝાદ ભારતમાં આ મુંદડા એલ.આઈ.સી. કૌભાંડ એક નહિં પણ અનેક રીતે ઉદાહરણરૂપ હતું. ફિરોઝ ગાંધી અને એમ.સી. ચાગલાને લીધે સરકારે પગલાં ભરવા પડ્યા એ નાનીસુની બાબત નહોતી, પરંતુ પછી એ પરંપરાને અનુસરનારા કેટલાં નીકળ્યાં?

હવે એવા માણસો નથી રહ્યાં કે સમય બદલાઈ ગયો છે? આપણે વધુ ભ્રષ્ટ અને જડ બની ગયા હોય એવું લાગતું નથી? નહિતર ગોટાળા પર ગોટાળા થતાં રહે? અને તપાસ કરવાની ય પરવા ય બંધ થઈ ચૂકી છે?

(સંપૂર્ણ)■

ઔર યે મૌસમ હંસીં...
દેવલ શાસ્ત્રી
feedback@bombaysamachar.com

# કોર્પોરેટ્સમાં SWOT એનાલિસિસ આઉટડેટેડ થઇ ગયું છે?




૧૯૬૦ના દાયકામાં બજારોમાં મોટી હિલચાલ થતી ન હતી અને ટેક્નોલોજી સહિત દુનિયાનો વિકાસ પ્રમાણમાં ધીમો હતો. મોટાભાગના પ્રોજેક્ટ પરંપરાગત શૈલીથી ચાલતા હતા એ સમયે વિશ્વભરમાં SWOT એનાલિસિસ એક સુપરહીરોની જેમ ઊભરી આવ્યું.

દુનિયામાં ટેક્નોલોજીનો ધડાકો કે ઇન્ટરનેટની દુનિયા હજુ દૂરનું સ્વપ્ન હતું ત્યારે આલ્બર્ટ હમ્ફ્રેના મગજમાંથી જન્મેલું આ સાધન ચાર સરળ શબ્દો Strengths, Weaknesses, Opportunities, Threats (SWOT)ની તાકાતે વ્યવસાયોને તેમની સ્થિતિ સમજવામાં અને ભવિષ્યનો રોડમેપ ઘડવામાં મદદ કરતું હતું. SWOT એનાલીસીસની શરૂઆત ૧૯૬૦ના દાયકામાં સ્ટેનફોર્ડ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ (SRI)માં થઈ હતી. આલ્બર્ટ હમ્ફ્રે અને એમની ટીમે 'ફોર્ચ્યુન ૫૦૦' કંપનીઓની નિષ્ફળ યોજનાઓનું મૂળ કારણ શોધવાનો પ્રયાસ કર્યો હતો.

આ કંપનીઓ અચાનક શા માટે નિષ્ફળ જતી હતી એનો અભ્યાસ દરમિયાન swot પદ્ધતિ અમલમાં આવી. એક સરળ ૨x૨ મેટ્રિક્સ જે આંતરિક (શક્તિ- નબળાઈ) અને બાહ્ય (તક- જોખમ) પરિબળોને વ્યવસ્થિત રીતે કંપની અને વ્યક્તિગત રીતે ગોઠવવામાં આવે પછી જે જવાબ આવે એના પરથી કોર્પોરેટ કેસ સ્ટડી કરવામાં આવતા હતા. SWOT એનાલિસિસથી વ્યક્તિગત અથવા કોર્પોરેટનું આંતરિક અને બાહ્ય પરિબળોનું વ્યવસ્થિત વિશ્લેષણ કરવામાં આવતું હતું. એની શક્તિ અને તકનો ઉપયોગ કેવી રીતે કરવો અને નબળાઈ તેમજ જોખમને કેવી રીતે ઘટાડવા તે અંગે અભ્યાસ કરી શકતો હતો. સ્પર્ધકોની સરખામણીમાં પોતાની સ્થિતિ મજબૂત કરવા માટે આ પદ્ધતિ કામ લાગતી હતી.

૧૯૭૦ અને ૮૦ના દાયકામાં SWOT એ વૈશ્વિક બજારોમાં ઝંડો લહેરાવ્યો. મોટાં કોર્પોરેટ્સથી માંડીને નાના વ્યવસાયો સુધી આ ટૂલનું એકચક્રી શાસન ચાલતું હતું. સમય અને જરૂરિયાત મુજબ નાના- મોટા સુધારા એમાં થતાં રહ્યા.

કાળક્રમે SWOT એક એવું સાધન બની ગયું, જે બોર્ડરૂમથી લઈને બિઝનેસ સ્કૂલ્સ સુધી ગુંજતું હતું. જેમ જેમ વિશ્વ બદલાયું તથા બજારો ગતિશીલ બન્યા અને નવી નવી ટેકનોલોજીએ પોતાનો ડંકો વગાડતાં SWOT ની ચમક ઝાંખી પડવા લાગી.

૨૦૨૫ના આધુનિક ડિજિટલ યુગમાં જ્યારે AI અને ડેટાની દુનિયામાં દુનિયા પ્રતિપળ બદલાઈ રહી છે ત્યારે SWOT એક એવો હીરો છે જેની સમય સાથે ચમક ઝાંખી પડી રહી છે. કોર્પોરેટ્સમાં પૂછાતો પ્રશ્ન છે કે શું SWOT ખરેખર આઉટડેટેડ થઈ ગયું છે?

આજનો યુગ ડેટાનો છે, જ્યાં ટેસ્લા,એમેઝોન કે ગૂગલ જેવી જાયન્ટ કંપનીઓ બિગ ડેટા અને AI નો ઉપયોગ કરીને ગ્રાહકના વર્તનની આગાહીઓ અને વ્યૂહરચનાઓ ઘડે છે. બીજી તરફ, SWOT ચર્ચાઓ અને વ્યક્તિગત અભિપ્રાયો પર આધારિત છે. એ આ ડેટા-આધારિત રેસમાં પાછળ રહી જાય છે. SWOT તો એસીના દાયકામાં બનેલા સ્ટીલ -સ્થિર ફોટોગ્રાફ જેવું છે ને આજની દુનિયા તો વીડિયોગ્રાફીની છે. એમાં SWOT ઘણું પાછળ પડી ગયું છે. વ્યક્તિ પોતાની ખામી- ખૂબીઓ શોધે એ પહેલા સોશિયલ મીડિયા કે ગૂગલ જેવા જાયન્ટ પાસે પડેલા ડેટા પરથી વ્યક્તિ કે કોર્પોરેટ્સને વધુ વિશ્વસનીય રીતે જજ કરી શકો છો.

દુનિયાના જાયન્ટ્સ કોર્પોરેટનું પ્લાનિંગ AI-આધારિત ગ્રાહક ડેટા પર ચાલે છે, જ્યાં SWOT જેવું ટૂલ નજીવું લાગે છે. 'માઈક્રોસોફ્ટ'ના વડા સત્ય નાડેલાના કથન મુજબ આજે ડેટા એ આધુનિક યુગનું સોનું છે એમાં SWOT તો પિત્તળ જેવું લાગે! ઇ-કોમર્સના યુગમાં ઝડપી વિકાસના સમયમાં જો તમે ઝડપથી બદલાવ નહીં તો પછી બજાર તમને બદલી નાખશે.

SWOT આજે પણ બિઝનેસ અને મેનેજમેન્ટ અભ્યાસક્રમોમાં કોર્પોરેટ્સના વ્યુહની વિચારસરણી સમજવા કામ લાગી શકે છે. સ્ટુડન્ટ્સને કંપનીઓની પરિસ્થિતિનું મૂલ્યાંકન સમજવા મદદરૂપ થઇ શકે, પણ ભવિષ્યની નીતિ બનાવવામાં હવે તેનો ઉપયોગ ખાસ ફાયદાકારક રહ્યો નથી. આજે દુનિયા ડિઝાઈનનું માર્કેટ બનવા લાગ્યું છે.

ડિઝાઇન થિંકિંગ એક વિશાળ વિષય છે, જે ગ્રાહકનો પ્રોડક્ટ માટેનો અનુભવ અને તેમાં રહેલી ખામીઓના ઉકેલો પર કેન્દ્રિત છે. આજના ગ્રાહક-કેન્દ્રિત બજારોમાં વધુ અસરકારક છે. લેટેસ્ટ મોબાઈલની ડિઝાઇન થિંકિંગનો ઉપયોગ પ્રોડક્ટ ડેવલપમેન્ટમાં ગ્રાહક અનુભવને પ્રાથમિકતા આપવા માટે કરે છે.

આધુનિક ટેક્નોલોજીમાં રિયલ ટાઇમ ડેટા એનાલિટીક્સ ડેશબોર્ડ્સ બજારના ટ્રેન્ડ્સ, સ્પર્ધકોની ગતિવિધિઓ અને કોર્પોરેટ્સની આંતરિક કામગીરીનું સતત મૂલ્યાંકન કરતું રહે છે.

ઝડપી ડેશબોર્ડ્સ માટે SWOT તો શાંત અને ધીમું છે. સતત અપડેટ થતા ડેટા-આધારિત કોર્પોરેટ્સ પાસે ધીમી ગતિએ મૂલ્યાંકન કરવાનો સમય જ નથી. એક માર્ગ બંધ હોય અથવા સિગ્નલ ચુકી ગયા તો ગૂગલ મેપ સેકંડના સોમાં ભાગમાં નવો માર્ગ બતાવે છે. એ જ રીતે ઇ-કોમર્સ કંપનીઓ રિયલ ટાઇમ- ડેશબોર્ડનો ઉપયોગ ગ્રાહક ખરીદીના ટ્રેન્ડ્સ, ઇન્વેન્ટરી અને સ્પર્ધકોની કિંમતોનું નિરીક્ષણ કરીને તત્કાલ નવી પોલિસી ઘડી નાખે છે. SWOT એનાલીસીસ એક સમયે બજારોનો નાયક હતી, પણ આજના જમાનામાં ડેટા-આધારિત યુગમાં એક જૂની યાદગીરી જેવું લાગે છે.

આજે ભલે નાના વ્યવસાયો, પરંપરાગત વ્યવસાય, શૈક્ષણિક સંદર્ભો અને નોન ટેક્નિકલ ક્ષેત્રોમાં SWOT એક મર્યાદિત પરંતુ ઉપયોગી સાધન છે એ ખરું, પણ ૨૦૩૦ સુધીમાં તો AI અને ક્વોન્ટમ કમ્પ્યુટિંગ SWOTને ભૂંસી નાખશે. ■

**ધ એન્ડ :**

જૂના નાયકો ભૂલાય છે, પરંતુ એમની વાર્તાઓ નવા નાયકોને પ્રેરણા આપે છે.

તસવીરની આરપાર
ભાટી એન.
feedback@bombaysamachar.com

# પર્યાવરણને બચાવવા પ્રાણી-પક્ષી પ્રેમી બનો...







કુદરતી વન્ય સૃષ્ટિનું મૂલ્યાંકન કરવા જઈએ તો કુદરતની અમાપ કલાનાં દર્શન માનવીને થશે જ કારણ માણસ ચતુર છે તે વિચારોથી બધું મૂલ્યાંકન કરે છે. જી હા તે પોતાનું જ વિચારે છે કદી પર્યાવરણ તરફ મીટ સુધ્ધાં નથી માંડતો તેના પાપે આજે પર્યાવરણ ડામાડોળ છે, માનવી આજે રૂપિયાની સાહેબીમાં ગાડી,બહુમાળી બિલ્ડિંગો,બંગલા, ફેક્ટરીઓ અત્યાધુનિક સુવિધાની લાઈમાં ભૂસંપદા કાઢતો જ જાય છે, પછી આપણી શું વલે થશે તેની કલ્પના સુધ્ધાં કરી નથી. તેના લીધે જ્યાં જુઓ ત્યાં બહુમાળી બિલ્ડિંગો દ્રષ્ટિગોચર થાય છે. આથી વન્ય પ્રાણીઓ લુપ્ત થવાની કતાર પર આવી ગયા છે. એ માટે મારાં મુંબઈ સમાચારનાં ગુણિયલ વાંચકોને નમ્ર અપીલ કરું છું કે આપના આંગણે વૃક્ષો વાવજો તો શુદ્ધ ઓક્સિજન મળશે, અને વૃક્ષમાં કલરવ થશે તો કોયલ, ચકલી, કાગડો, કે પોપટ ટહુકા કરતા સાંભળવા મળશે. તો આજે લીલો, પોપટી, કે રંગીન પોપટ વિશે વિસ્તૃત જાણકારી હાસિલ કરીએ. પોપટ એક સુંદર પક્ષી છે. પોપટ ઘણા પ્રકારનાં હોય છે. પોપટને બે પગ પર ચાર આંગળીઓ હોય છે. બધા પોપટ ફળ, ફૂલો, કળીઓ, બદામ, બીજ, મરચાં અને નાના જંતુઓ ખાય છે.

પોપટ વિશ્વના તમામ ગરમ આબોહવામાં જોવા મળે છે. તેઓ ઓસ્ટ્રેલિયા, મધ્ય અમેરિકા અને દક્ષિણ અમેરિકામાં વિવિધ પ્રકારના જોવા મળે છે. તેઓ બુદ્ધિશાળી, પ્રભાવશાળી, રંગબેરંગી અને સંગીત માટે લોકપ્રિય છે. કેટલાક પોપટ માનવ ભાષણ સહિત ઘણા અવાજોની નકલ કરી શકે છે.

પોપટ - કાગડા, જે અને મેગપીઝ સાથે - સૌથી બુદ્ધિશાળી પક્ષીઓમાંના એક છે, અને કેટલીક પ્રજાતિઓની માનવ વાણીનું અનુકરણ કરવાની ક્ષમતા પાલતુ પ્રાણીઓ તરીકે તેમની લોકપ્રિયતામાં વધારો કરે છે. તેઓ લંબાઈની દ્રષ્ટિએ સૌથી વધુ વૈવિધ્યસભર કદના પક્ષી ક્રમ બનાવે છે; ઘણા તેજસ્વી રંગીન હોય છે અને કેટલાક, બહુ રંગીન. મોટાભાગના પોપટ દ્રશ્ય સ્પેક્ટ્રમમાં બહુ ઓછા અથવા બિલકુલ જાતીય દ્વિરૂપતા દર્શાવે છે.

મોટાભાગના પોપટના ખોરાકના સૌથી મહત્ત્વપૂર્ણ ઘટકો બીજ, બદામ, ફળ, કળીઓ અને અન્ય વનસ્પતિ સામગ્રી છે. કેટલીક પ્રજાતિઓ ક્યારેક પ્રાણીઓ અને કેરિયન ખાય છે, જ્યારે લોરી અને લોરીકીટ ફૂલોના રસ અને નરમ ફળો ખાવા માટે વિશિષ્ટ છે.

લગભગ બધા પોપટ ઝાડના હોલોમાં (અથવા કેદમાં માળાના બોક્સમાં) માળો બનાવે છે, અને સફેદ ઇંડા મૂકે છે જેમાંથી ઉચ્ચ બચ્ચા બહાર નીકળે છે. પાલતુ પ્રાણીઓના વેપાર માટે જંગલી પોપટને ફસાવવા, તેમ જ શિકાર, રહેઠાણનું નુકસાન અને આક્રમક પ્રજાતિઓ તરફથી સ્પર્ધાને કારણે જંગલી વસતિમાં ઘટાડો થયો છે. પોપટ અન્ય કોઈપણ જંગલી પક્ષીઓના જૂથ કરતાં વધુ શોષણનો ભોગ બને છે. ૨૦૨૧ સુધીમાં, લગભગ ૫૦ મિલિયન પોપટ (બધા પોપટના અડધા) કેદમાં છે, જેમાંથી મોટાભાગના લોકોનાં ઘરોમાં પાલતુ તરીકે રહે છે. કેટલીક હાઇ-પ્રોફાઇલ કરિશ્માઈ પ્રજાતિઓના રહેઠાણોને બચાવવા માટે લેવામાં આવેલા પગલાંએ સમાન ઇકોસિસ્ટમમાં રહેતી ઘણી ઓછી કરિશ્માઈ પ્રજાતિઓનું પણ રક્ષણ કર્યું છે.

પોપટ એકમાત્ર એવા જીવો છે જે સાચા ત્રિપદીવાદનું પ્રદર્શન કરે છે, તેઓ તેમની ગરદન અને ચાંચનો ઉપયોગ અંગો તરીકે કરે છે,

સૌથી સ્પષ્ટ શારીરિક લાક્ષણિકતા મજબૂત, વક્ર, પહોળી ચાંચ છે. નીચે તરફ વળે છે અને એક બિંદુ સુધી પહોંચે છે. તે ખોપરી સાથે જોડાયેલ નથી, જે તેને સ્વતંત્ર રીતે ખસેડવાની મંજૂરી આપે છે, અને પક્ષીઓ દ્વારા કરવામાં આવતા જબરદસ્ત કરડવાના દબાણમાં ફાળો આપે છે. ઉદાહરણ તરીકે, ૨ મોટા મકાઉમાં ૩૫ કિગ્રા/સેમી (૫૦૦ પાઉન્ડ/ચોરસ ઇંચ) ની ડંખ શક્તિ હોય છે, જે મોટા કૂતરાની નજીક હોય છે. નીચેનો જાંઘિયો ટૂંકો હોય છે, જેમાં તીક્ષ્ણ, ઉપર તરફની કટિંગ ધાર હોય છે, જે ઉપલા જાંઘિયોના સપાટ ભાગ સામે એરણ જેવી રીતે ખસે છે.

સ્પર્શ રીસેપ્ટર્સ કેરાટિનાઇઝ્ડ ચાંચની આંતરિક ધાર સાથે થાય છે, જેને સામૂહિક રીતે 'ચાંચિયો ટીપ ઓર્ગન' તરીકે ઓળખવામાં આવે છે, જે ખૂબ જ કુશળ મેનિપ્યુલેશન્સ માટે પરવાનગી આપે છે. બીજ ખાનારા પોપટની જીભ મજબૂત હોય છે (ચાંચિયો ટીપ ઓર્ગનમાં રહેલા જેવા જ સ્પર્શ રીસેપ્ટર્સ ધરાવે છે), જે બીજને ચાલાકી કરવામાં અથવા ચાંચમાં બદામને સ્થાન આપવામાં મદદ કરે છે જેથી ચાંચિયો યોગ્ય ક્રેકિંગ બળ લાગુ કરી શકે. માથું મોટું હોય છે, આંખો ખોપરીમાં ઊંચી હોય છે, તેથી પોપટનું દ્રશ્ય ક્ષેત્ર અન્ય પક્ષીઓથી વિપરીત હોય છે. માથું ફેરવ્યા વિના, પોપટ તેની ચાંચની ટોચની નીચેથી, તેના માથા ઉપરથી અને તેના માથાની પાછળથી ખૂબ દૂર સુધી જોઈ શકે છે.

પોપટ પાસે ખૂબ પહોળું આગળનું બાયનોક્યુલર ક્ષેત્ર પણ હોય છે, જોકે આ પ્રાઈમેટ બાયનોક્યુલર દ્રશ્ય ક્ષેત્ર જેટલું મોટું નથી. મનુષ્યોથી વિપરીત, પોપટની દ્રષ્ટિ પણ અલ્ટ્રાવાયોલેટ પ્રકાશ પ્રત્યે સંવેદનશીલ હોય છે, આવા પોપટ વિશે જાણકારી મેળવી પક્ષી, પ્રાણી પ્રેમી બનીએ અને પર્યાવરણ બચાવીએ. ■

શરદ જોશી સ્પીકિંગ
સંજય છેલ
feedback@bombaysamachar.com

# તૌબા...તૌબા... યે બંબઇ કી બારિશ!




મુંબઈનો વરસાદ ફક્ત કવિતાનો જ વિષય નથી હોતો! મુંબઈનો વરસાદ 'બ્રેકિંગ ન્યૂઝ' અને ડરાવના ફોટોગ્રાફ્સનો પણ વિષય હોય છે. મુંબઈનો વરસાદ જાતજાતની વોર્નિંગ આપતી માહિતીઓથી ભરેલી એક ભયાનક ઘટના છે. જેમ કે એક બોરિંગ ખાડો છે, જે અખબારમાં દેખાય છે, (આ વોર્નિંગ આપતી માહિતી છે.) મુંબઈના વરસાદમાં કોઈ કવિ બહાર નથી આવતો. કાળા ઘેરાયેલાં વાદળ-વાદળોનો ગડગડાટ-વીજળીના ચમકારા- વરસાદનાં ટીપાં... આ બધું માણવાને બદલે કવિને એ જાણવાની ઉત્સુકતા હોય છે કે રસ્તાઓ ક્યાં ક્યાં બંધ છે અને ક્યાં ક્યાં કમર સુધી ઊંડા પાણી ભરાયા છે?!

મુંબઈનો વરસાદ મુંબઈના લોકોમાં હિંમત જગાવે છે. લોકલ ટ્રેન બંધ હોવા છતાં, 'ચાલો, ઘરે ચાલતા પહોંચી જવાશે,' એમ વિચારીને લોકો પોતાના ઘર તરફ ચાલવા માંડે છે, કારણે એ લોકોને ખબર છે કે કાલે ઘરેથી પાછા ઓફિસ પણ આવવાનું છે! પુરુષો પેન્ટને ઊંચું ચઢાવી પાણીમાંથી પસાર થાય છે તો સ્ત્રીઓ ઘરમાં આખો દિવસ ભોંય પર કપડું ફેરવે છે ને એને ડોલમાં નીચોવે રાખે છે. મુંબઈનો વરસાદ બસ અખબારમાં વાંચવાને લાયક હોય છે, મોજ માણવાને લાયક નહીં!

મુંબઈનો વરસાદ મહાકવિ કાલિદાસની જેમ કોઈને મેઘદૂત લખવા માટે પ્રેરણા નથી આપતો, કારણ કે મેઘદૂતમાં તો વિરહ પ્રસંગ લખવામાં આવ્યા છે એ વિરહ પ્રસંગ મુંબઈમાં પોસિબલ જ નથી.

મુંબઈની સ્ત્રીઓ જાણે છે કે વરસાદના કારણે પુરુષો અંધેરી કે દાદર સ્ટેશનથી આગળ વધીને જઈ જ નહીં શકે. એ જ્યાં છે ત્યાંથી પાછા ફરવું એ જ એના નસીબમાં છે.

મુંબઈનો વરસાદ એટલે 'એક મેટ્રોપોલિટન સિટીની પોલ ખૂલી જવી!' મુંબઈ એક એવું મેટ્રોપોલિટન સિટી છે જેની પાસે બધું હોવા છતાં, આ શહેર વરસાદની સામે સાવ લાચાર છે અને અશક્ત પણ છે. મકાનોની છત પહેલા જ વરસાદમાં ટપકવા લાગે છે. કુદરતની આ મજાક તો મકાનો સાથે બહુ જૂની છે. અહીં પાણી એક કલાક વરસે, પરંતુ છત આખી રાત!

મુંબઈમાં પાણી ખુલ્લા દરવાજામાંથી (મેન ગેટમાંથી) પ્રવેશ કરી સીધા ઘરના લોકોના પગ અને ઘૂંટણને સ્પર્શ કરવા આવે છે.

મુંબઈમાં ઝૂંપડપટ્ટી ભલે પૈસાદાર, બિલ્ડરો અને ભ્રષ્ટ નેતાઓને માટે નફરતનો વિષય હોય, પરંતુ વરસાદમાં પાણી ઝૂંપડીઓમાં પૂરી સમાનતાથી ફેલાય છે. ઘરોમાં કમર સુધીના પાણી હોય છે તો પણ સ્ત્રીઓ એમના પરિવાર માટે ટેબલ પર ચઢીને જમવાનું બનાવે છે-પીરસે છે અને બધા આરોગે પણ છે!!

મુંબઈના વરસાદમાં અકસ્માતો થવા એક કોમન વાત છે. બધાં જ જાણે છે કે વરસાદ પડ્યો એટલે કોઈને કોઈ જૂનું મકાન તો નક્કી પડવાનું જ! લોકો ચોક્કસ એ મકાન નીચે દબાઈ જશે ને દર વરસની જેમ મરી જશે પછી એ મકાનના કાટમાળમાંથી લાશો બહાર કાઢવામાં આવશે.

ભાઈ, વરસાદ છે તો આ બધું તો ચોક્કસ થશે જને? સરકારી અધિકારી આખું વર્ષ જૂના મકાનોની સામે એ વિશ્વાસથી જોયા કરે છે કે આ વર્ષે વરસાદમાં આ મકાન પડી જાય. ભલેને અકસ્માત થાય, પરંતુ ભવિષ્યમાં અહીંયા એક હાઈરાઈઝ ઊંચું નવું બિલ્ડિંગ બનાવવાની તક ઊભી થશે. લોકો અકસ્માતોના સમાચાર વાંચતા રહે છે અને મકાનમાલિક અને બિલ્ડરોના પ્લાનિંગ સતત ચાલ્યા કરે છે.

મુંબઈનો વરસાદ બેરહેમ છે અને એ કન્સ્ટ્રક્શનના ધંધામાં જાણ્યે-અજાણ્યે બિલ્ડરોનો કોઇ પાર્ટનર હોય એમ મદદગાર બની જાય છે.

મુંબઈમાં વરસાદનો અર્થ એટલે ટ્રેનો બંધ થવી, મકાનો પડી જવા, રસ્તાઓ બંધ થવા, બસ-ટેક્સીઓ ચાલતી બંધ થવી, ટ્રાફિક જામ થવો, વાહનોની ગતિ ધીમી થઈ જવી, વિમાનોને ઉડવાની ના પાડવી, મકાન, ગલી, કોલોનીઓ, ઉપનગરોનું પાણીમાં ગરકાવ થવું, છત્રી અને રેઈનકોટનું હોવું સાવ નકામું સાબિત થવું...

એટલે જ મુંબઈનો વરસાદ ક્યારેય કવિતાનો વિષય નથી હોતો. એ હંમેશાં બ્રેકિંગ ન્યૂઝ જ હોય છે, ભલભલાના ઈરાદાઓને ઊથલાવવાવાળો જાલિમ હોય છે. મુંબઈની ભાષામાં કહીએ તો મુંબઈનો વરસાદ એ 'ધમાલ' છે અને ઉત્તર ભારતની ભાષામાં કહીએ તો એ એક 'કમાલ' છે! ■

# અજબ ગજબની દુનિયા

હેન્રી શાસ્ત્રી henry.shastri@bombaysamachar.com

## બાપના કર્યા બાળકોને વાગ્યા...



જાણે-અજાણે કોઈ વ્યક્તિ ભૂલ કરી બેસે અને પછી એનું ફળ ભોગવવું પડે ત્યારે 'હાથના કર્યા હૈયે વાગ્યા' કહેવતનો ઉપયોગ થાય છે. જોકે, સાહિત્ય, સિનેમા અને સંગીત માટે ખ્યાતનામ ઈટલીમાં એક પિતાની વધુ પડતી સાવચેતીના કારણે સંતાનોને સહન કરવાનો વારો આવ્યો હોવાથી 'બાપના કર્યા બાળકોને વાગ્યા' કહેવત કહેવી જોઈએ. થયું છે એવું કે કોવિડ-૧૯ની મહામારી દરમિયાન વાઈરસથી સાવચેતી રાખવા અને વેક્સિનેશનથી બચવા ડચ પિતાશ્રીએ ઈટલીના પિડમોન્ટ નામના પ્રાંતમાં વસવાટ કર્યો. વાઈરસ બાળકોને ભરખી જશે એ ભયથી ડચ ડેડીએ બાળકોને સ્કૂલમાં પણ દાખલ ન કર્યા અને પ્રાંતના છેવાડે એકલવાયા વિસ્તારમાં વસવાટ કર્યો અને બાળકોને માનવ વસતિથી સતત દૂર રાખ્યા. અલબત્ત, ખાણીપીણી તેમજ રમકડાં - પુસ્તક જેવી બધી જરૂરિયાતો પૂરી કરી,પણ એકાંતવાસનું એવું વિપરીત પરિણામ આવ્યું કે નવ વર્ષના પુત્ર અને છ વર્ષની પુત્રીને લખતા - વાંચતા તો નથી જ આવડતું, વાતચીત કરવા પણ એ લોકો અસમર્થ છે. બહારની દુનિયા સાથે સંપર્ક તૂટી જવાથી 'ભૂત' જેવી એમની અવસ્થા બની ગઈ છે. આ આખી વાત જાહેર થયા બાદ અદાલતે મા- બાપ બાળકોની સારસંભાળ રાખી શકે એમ નથી એવું જણાવી દીધું છે અને બાળકોનો કબજો એક સંસ્થાને સોંપી દેવામાં આવ્યો છે.

## મશીન માટે માણસનું મમત્વ



જીવન સરળ બનાવવા માણસે મશીનની રચના કરી. ઔદ્યોગિક મશીનરીનો પ્રારંભ ૧૭૭૦ની આસપાસ થયો. ૨૫૦ વર્ષમાં મશીને એવી પ્રગતિ કરી છે કે મનુષ્યને બદલે એને પ્રાધાન્ય મળી રહ્યું છે. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ- AIનો કરિશ્મા તો એ હદે છવાઈ મનુષ્ય જીવનમાં એન્ટ્રી લઈ રહ્યો છે કે કુછ ભી હો સકતા હૈ. અનેક ક્ષેત્રે જબરદસ્ત હરણફાળ ભરી રહેલું ચીન પુરુષોની સોકરની રમતમાં ગોકળગાય સાબિત થયું છે. ૯૦ વર્ષમાં વર્લ્ડ કપમાં રમવા ચીનની પુરુષોની ટીમ એક જ વાર પાત્ર ઠરી છે. આ પરિસ્થિતિમાં રોબોટ ટીમ દ્વારા સોકરની રમત બીજિંગના ખેલકૂદ ચાહકોમાં લોકપ્રિય બની રહી છે. AI ની મદદથી રમાયેલી સોકર મેચોમાં ચાર ટીમનો સહભાગ હતો. માનવીય દેખરેખ કે હસ્તક્ષેપ વગરની આ સોકર મેચોમાં રોબોટ માનવ ખેલાડીઓ જેવી અને ક્યારેક વધુ કુશળતાનું પ્રદર્શન કરી રમ્યા અને મેદાન પર માનવ ખેલાડીઓ દરમિયાન થતી હરકતો પણ જોવા મળી હતી. આ મુકાબલા જોવા માટે ચાઈનીઝ લોકોમાં જબરદસ્ત ઉત્સાહ જોવા મળતા આવતા મહિને બીજિંગમાં આયોજિત વિશ્વના પ્રથમ વર્લ્ડ હ્યુમનોઈડ રોબોટ ગેમ્સમાં સોકરને પણ સામેલ કરવામાં આવ્યું છે. ભવિષ્યમાં કાળા માથાના માનવી અને કાળા રંગના રોબોટ વચ્ચે પણ મેચ રમાડવાની યોજના છે. મનુષ્યના દિમાગ અને યાંત્રિક દિમાગ વચ્ચેનો મુકાબલો રસપ્રદ સાબિત થશે.

## AI है तो ખોળાનો ખૂંદનાર મુમકિન है!



AI -આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સની સગવડો કુટુંબ કલ્યાણમાં વધારો કરી રહી છે એવા અનેક કિસ્સા જાણ્યા પછી નવી નક્કોર વાત એ છે કે આ ટેક્નોલોજી હવે કુટુંબ વિસ્તારમાં સુદ્ધાં મદદરૂપ થઈ રહી છે. લગ્નના ૧૮ વર્ષમાં અનેક કોશિશ કરવા છતાં ખોળાનો ખૂંદનારથી વંચિત રહેલા યુગલના ઘરમાં AIની મદદથી કિલકિલાટ સાંભળવા મળશે. સંતાન જન્મ માટે નિમિત્ત બનતા પુરુષના વીર્યમાં રહેલા શુક્રાણુની સંખ્યા ઓછી હોવાથી સ્ત્રી ગર્ભવતી નહોતી બની રહી. ટેક્નોલોજીની મદદથી સંતાઈ રહેલું શુક્રાણુ શોધી કાઢી એને પત્નીના રજ:પિંડ સાથે મિલન કરવામાં સફળતા મળતા સ્ત્રી પ્રેગ્નન્ટ બની છે. 'સ્પર્મ ટ્રેકિંગ એન્ડ રિકવરી' તરીકે ઓળખાતી આ પદ્ધતિથી વિશ્વમાં પહેલીવાર ગર્ભધારણ શક્ય બન્યું છે. 'AI હૈ તો મુમકિન હૈ...' ૧૮ વર્ષ સુધી ફાંફાં માર્યા બાદ અંતે ગર્ભવતી બની હોવાની વાત ગળે ઉતરતા સ્ત્રીને બે દિવસ લાગ્યા. નરસિંહ મહેતાની જેમ 'જાગીને જોઉં તો માનવામાં આવે નહીં કે હું પ્રેગ્નન્ટ છું' જેવી લાગણી પત્નીએ અનુભવી અને સ્કેન રિપોર્ટ જોયા પછી જ પોતે મા બનવાની છે એની ખાતરી થઈ ગઈ.

## મન હોય તો માળવે જવાય



રિ- ડેવલપમેન્ટને કારણે વિસ્તારમાં થતા નવા બાંધકામ અન્ય રહેવાસીઓ માટે કેવી મુશ્કેલી ઊભી કરે છે એ વાતથી મુંબઈગરા સુપેરે વાકેફ છે. વાતાવરણમાં ફેલાઈ જતા ધૂળના રજકણો, એને કારણે થતું પ્રદૂષણ અને કાન ફાડી નાખે એવો ઘોંઘાટ અનિવાર્ય દૂષણ છે. અલબત્ત, માનવ જીવનના ઉત્કર્ષ માટે અનેક બાબતે અગ્રસર રહેતા ચીનમાં કન્સ્ટ્રક્શન સાઈટ પર પ્રદૂષણ અને ઘોંઘાટની સમસ્યા ઘટાડવા માટે એક અનોખી પહેલ જોવા મળી રહી છે.

૫૦ મીટર ઊંચાઈનો હવા ભરેલો ગુંબજ ચીનના જિનાન શહેરનો વીસ હજાર ચોરસ મીટર વિસ્તાર આવરી લે છે. આ બલૂન નેગેટિવ પ્રેશર અને આધુનિક એર ફિલ્ટરેશન ટેકનિકથી બાંધકામને કારણે થતી ધૂળ નજીકના વિસ્તારમાં જતી અટકાવે છે. એટલું જ નહીં, સાઈટ પર કામ કરતા મજૂરોના ફેફસાંમાં જતી હવાની સ્વચ્છતાની પણ તકેદારી રાખે છે. ઘોંઘાટ પણ ઘટાડે છે. બાંધકામમાં પારદર્શી મટિરિયલ વાપરવામાં આવ્યું હોવાથી ગુંબજ હેઠળના વિસ્તારમાં પૂરતો સૂર્યપ્રકાશ રહે છે અને દિવસ દરમિયાન કૃત્રિમ લાઈટનો ઉપયોગ નથી કરવો પડતો. આ ગુંબજ ઊભો કરવો કે સમેટી લેવું અત્યંત આસાન હોવાથી બાંધકામ પૂર્ણ થયા પછી અન્ય સ્થળે આસાનીથી લઈ જઈ ઉપયોગમાં લઈ શકાય છે. પ્રાયોગિક ધોરણે શરૂ કરવામાં આવેલા અખતરાને સફળતા મળશે તો સમગ્ર ચીનમાં એનો ઉપયોગ જોવા મળશે. અને ચાઈનીઝ પ્રોડક્ટ મોટેપાયે વાપરતા આપણા દેશમાં પણ એના પગલાં થશે એમાં કોઈ શંકા નથી.

## લ્યો કરો વાત

ચાહકો ક્રિકેટરના હોય કે ફિલ્મ સ્ટારના કે અન્ય કોઈ સેલિબ્રિટીના, એક અનોખું ગાંડપણ એમના પર સવાર હોય છે. આ સેલિબ્રિટીની અંગત વસ્તુ મેળવવાની તીવ્ર ઘેલછા ચાહકોમાં હોય છે. ૧૯૫૪માં હોલિવૂડની ચર્ચાસ્પદ અને વિવાદાસ્પદ હીરોઈન મેરેલિન મનરોએ પાસપોર્ટ માટે પડાવેલા અઢી ઈંચના ફોટોગ્રાફની તાજેતરમાં હરાજી થઈ અને કોઈ મિસ્ટર ઘેલારામે ૨૧,૬૬૫ ડૉલર (આશરે ૧૮ લાખ રૂપિયા) ચૂકવી ખરીદી લીધો. લગ્ન પછી હનીમૂન માટે જાપાન જવું હતું એટલે પાસપોર્ટ બનાવવા આ ફોટોગ્રાફ પાડવામાં આવ્યો હતો. જોકે, કોઈ કારણસર એ પાસપોર્ટ અધિકારી પાસે જ રહી ગયો અને ૭૦ વર્ષ પછી એની લીલામી થઈ. ■

# સટ્ટાક સવાલ... ફટ્ટાક જવાબ

## રમૂજી સવાલના મનમોજી જવાબ

દર્શન ભાવસાર

**બત્રીસ લક્ષણાને કોણ હંફાવી શકે?**
* એક અપલખણો...
**વડીલની કઈ બુદ્ધિની ટીકા થાય?**
* બાળ બુદ્ધિની...
**હાથીના ખાવાના અને ચાવવાના દાંત જુદા કેમ હોય?**
* એનું ચોકઠું બનતું નથી એટલે...
**ગામ ગધેડે ચઢે. તો ઘોડા પર કેમ નહીં?**
* ઘોડો તો વરઘોડામાં બિઝી હોયને!
**વચન આપીને ફરી જનારા ક્યાં જતા હશે?**
* લોકો ઝટ શોધી ના શકે ત્યાં...
**માણસને અગર ઊડવાની શક્તિ મળે તો?**
* પછી પક્ષીને પણ કનડવાનું શરૂ કરે...
**ઝાઝા હાથ રળિયામણા. અને એકલવીર થાય તો?**
*અળખામણાં...
**પાણી ઉપરાંત શેનાથી નાહી શકાય?**
* પૈસા ગુમાવીને!
**ક્રિકેટની જેમ ગરબા પર સટ્ટો રમાય?**
* ગરબાવાળીને ખબર પડે તો દાંડિયાવાળી થઈ શકે.
**પ્રેમ કહાની ક્યારે પૂરી થાય?**
* છોકરીના બાપા કે ભાઈની અચાનક એન્ટ્રી થાય ત્યારે!
* રડતી વખતે આંખમાંથી ગંગા-જમુના વહે. સાબરમતી **કેમ નહીં?**
*સાબરમતી પ્રદૂષિત છે, વારંવાર સૂકાઈ જાય છે!
**ગળે કોણ પડે?**
* જે પગે પાડી ન શકે એ...
**ડિવોર્સ વોર કેવું હોય?**
* ઘરવાળાને જોવું ન ગમે, પણ બહારવાળા જોવે એવું.
**કોઈના બાર વાગ્યાની ક્યારે ખબર પડે?**
* જ્યારે કોઈની બોલતી બંધ થઈ જાય ત્યારે...
**પાગલ પ્રેમી ક્યારે સાજો થાય?**
* માંદો પડ્યો હોય એ પ્રેમિકા ડોક્ટર બનીને આવે ત્યારે!
**દેખાડો...કેવો ખાડો છે?**
* કૂવા અને ભૂવાથી વધુ ઊંડો...
**પેટનું પાણી ક્યારે હલે નહીં?**
* પેટ ભરાયેલું હોય ત્યારે...

## મગજ મંથન

વિઠ્ઠલ વઘાસિયા
feedback@bombaysamachar.com



# ઈશ્વર સાથે જોડાવાનું સબળ સાધન છે : પ્રાર્થના

### પ્રાર્થના એક શબ્દની હોય અથવા તો શબ્દો વિના મૌન પણ હોઈ શકે...

પ્રાર્થના એ આપણી લાગણી- દુઃખ- દર્દ- આશા અને અભિલાષા સાફ અને નિર્મળ અવાજ છે, જે સીધો ઈશ્વર સુધી પહોંચે છે. પ્રાર્થનામાં શબ્દો કરતાં ભાવની અસર વધારે હોય છે. સાચી પ્રાર્થના એ છે, જેમાં આપણી અંદરથી સંપૂર્ણ શ્રદ્ધા, ભક્તિ અને એકાગ્રતા સાથે ઈશ્વરનું સંસ્મરણ થાય છે.

પ્રાર્થનાનું મહત્ત્વ આંકીએ એટલું ઓછું. પ્રાર્થના માનવ મનને શાંત કરે છે અને ચિંતાને ઓછી કરે છે. આધ્યાત્મિક રીતે જોઈએ તો પ્રાર્થના ઈશ્વર સાથે જોડાવાનું સબળ સાધન છે. પ્રાર્થના કરતી વખતે આપણે પોતાની ખામીઓ સ્વીકારીએ છીએ અને ઈશ્વર આગળ નમ્રતાથી પોતાની વાત રજૂ કરીએ છીએ.

સામાજિક દ્રષ્ટિકોણથી જોઈએ તો પ્રાર્થના વ્યક્તિને નમ્ર અને સંયમી બનાવે છે. પરિવારમાં સામૂહિક રીતે થતી પ્રાર્થના સૌના સંબંધોને મજબૂત બનાવે છે. શાળાઓમાં કરવામાં આવતી પ્રાર્થના વિદ્યાર્થીઓમાં એકાગ્રતા, શિસ્ત અને સંયમની ભાવના જગાવે છે. અનેક સ્થળે લોકો ભેગા થઈને સમૂહ પ્રાર્થના પણ કરે છે, જે સામૂહિક એકતા દર્શાવે છે. સામૂહિક પ્રાર્થનામાં એક સાથે હજારો માણસોની ઓરા મળે છે.

ઈતિહાસ સાક્ષી છે કે મહાત્મા ગાંધી જેવા મહામાનવ પણ દરરોજ પ્રાર્થના સભામાં ભાગ લેતા. ગાંધીજીએ સ્વીકાર્યું છે કે પ્રાર્થના કરવાથી મને અચૂક જવાબ મળ્યો છે. એ માનતા કે પ્રાર્થનાથી આત્મશક્તિ વધે છે અને દિશા મળે છે.

આજના દોડધામ ભર્યા જીવનમાં જ્યારે તણાવ, ચિંતા અને અસુરક્ષા વધતાં જાય છે ત્યારે પ્રાર્થના માણસને આંતરિક શાંતિ અને આશ્વાસન આપે છે.

પ્રાર્થના એ ફકત ભારતીય સંસ્કૃતિનું જ નહીં, બલકે તમામ સંસ્કૃતિનું આગવું અને અગત્યનું અંગ રહ્યું છે. દરેક ધર્મમાં એનું મહત્ત્વ સ્વીકારાયું છે. બાળક બોલતાં શીખે ત્યારથી એને એક કે બીજી રીતે પ્રાર્થના કે કોઈ શ્લોક શીખવાડવામાં આવે છે, જેનું જીવનપર્યંત રટણ થયા કરે છે.

પ્રાર્થના એક શબ્દની હોઈ શકે કે લાંબી પણ હોઈ શકે. અથવા તો શબ્દો વિના મૌન પણ હોઈ શકે. નાસ્તિક માણસને પણ જીવનમાં એકાદ ક્ષણે તો કોઈ અદ્રશ્ય અસ્તિત્વની અનુભૂતિ થાય જ છે. સંકટ સમયે અનાયાસે આપોઆપ અંદરથી નીકળી આવતા શબ્દો પણ પ્રાર્થનાનું જ સ્વરૂપ છે.

પ્રાર્થનાથી સમય કે સંજોગો બદલાય કે ન બદલાય પરંતુ જો દિલથી સાચી પ્રાર્થના કરવામાં આવે તો આપણે અંદરથી ચોક્કસ બદલાઈએ છીએ.આ બદલાયેલું મન સમય અને સંજોગો બદલવા સમર્થ બને છે. આત્મવિશ્વાસ અને શ્રદ્ધા જાગે છે. આમ,ભીતરી શક્તિનો સંચાર થતા સંજોગો સામે ઝઝૂમવાની તાકાત આવે છે.

જીવનમાં ક્યારેક આપણને એવું લાગે છે કે ઈશ્વર આપણી કોઈ પ્રાર્થના સાંભળતો જ નથી. આપણા કોઈ પ્રશ્નો ઉકેલાતા જ નથી! આવા સમયે આપણને ઈશ્વરમાં શ્રદ્ધા રહેતી નથી. એક તબક્કે આપણે પ્રાર્થના કરતા બંધ પણ થઈ જઈએ છીએ.

આ અંગે એક લોક કથા જાણવા જેવી છે:

એક માણસને એક વાર સપનું આવ્યું કે દેવદૂત એને સ્વર્ગની મુલાકાતે લઈ જાય છે.ત્યાં દેવદૂત એને એક પછી એક ઓરડામાં ફેરવે છે. એક ઓરડામાંથી પસાર થતા માણસે ત્યાં પડેલાં જુદાં જુદાં પ્રકારનાં અનેક બોક્સ પડેલાં જોયાં. જે બધા પેક-અકબંધ હતાં.

દરેક બોક્સ પર 'ભેટ' એવા શબ્દો લખાયેલા હતા. માણસને આશ્ચર્ય થયું આટલાં બધાં સુંદર ગિફ્ટ બોક્સ! એણે દેવદૂતને પૂછયું, 'આ બધું શું છે? આટલી બધી ભેટ કોની છે? આ કોને આપવા માટેના બોક્સ છે?'

દેવદૂતે જવાબ આપ્યો, 'અનેક લોકો પોતાને જોઈતી વસ્તુ માટે પ્રાર્થના કરતા હોય છે. માગણી કરતા હોય છે. એમને એમની પ્રાર્થનાનો જવાબ આપવા માટે અર્થાત્ એમની માગણી મુજબની એ બધી વસ્તુઓ પહોંચાડવા માટે અમે આ ભેટ તૈયાર કરીએ છીએ, પણ હજુ એ ભેટ અમારા તરફથી પૂરી તૈયાર થાય અને એ પહોંચાડી શકીએ એ પહેલાં જ એ લોકો પ્રાર્થના કરવાનું છોડી દે છે અને અમારા પરથી વિશ્વાસ ઉઠાવી લે છે. એમનો ભરોસો તૂટી જાય છે. લોકો થોડી ધીરજ રાખીને રાહ જોવા તૈયાર નથી.

જ્યારે આટલા બધા લોકોની પ્રાર્થના સાંભળવાની હોય, એમની માગણીઓ, અપેક્ષાઓ પર ધ્યાન આપવાનું હોય ત્યારે વિલંબ તો થવાનો જ... પણ એ સમજયા સિવાય લોકો પ્રાર્થના ચાલુ રાખવાને બદલે છોડી દે છે. તેથી તેમના માટે તૈયાર થયેલી ભેટ અહીં જ પડી રહે છે. આ બધી એ ભેટોના બોક્સ છે. જો એમણે ધીરજ રાખીને પ્રાર્થના ચાલુ રાખી હોત તો અમે એમને આ ભેટો તૈયાર કરીને અચૂક પહોંચાડી શકયા હોત, પણ...!' ■

## કચ્છી ચોવક

કિશોર વ્યાસ
kishor.vyas@bombaysamachar.com

# એ ત્રણ અક્ષરમાં સમાઈ જાય તેટલી ટૂંકી ને ગજ જેટલી લાંબી પણ હોય છે...

કચ્છી ભાષાના એકાક્ષરી શબ્દોની માફક ચોવકો પણ ઘણીવાર ત્રણ અક્ષરમાં સમાઈ જાય તેટલી ટૂંકી અને ઘણી ચોવકો ગજ જેટલી લાંબી હોય છે. 'જી યે રા' એ ટૂંકી ચોવક છે, જેનો અર્થ થાય છે 'રાજા ઘણું જીવો' અને લો, આ રહ્યું મસમોટી લાંબી ચોવકનું એક ઉદાહરણ: 'નાં કુરો? ત ચેં જીવો, કમ કુરો કરીયેં? ત ચેં સપેં જે ડરેં મેં હથ વિજાં, ત ચેં જીયો તેડ઼ો ન જીયો' સંક્ષિપ્તમાં તેનો અર્થ કરવા જઈએં તો 'વ્યર્થ' કહી શકાય, પણ આખી ચોવકનો ગુજરાતીમાં શબ્દશઃ અનુવાદ કરીએં તો, આવો રસપ્રદ અનુવાદ થાય:

નામ શું? તો કહે જીવો. કામ શું કરે છે? તો કહે સાપના દરમાં હાથ નાખવાનું! અરે! ભગવાન, હવે તમે જીવો કે ન જીવો! (વ્યર્થતા)

ચોવકો અને રૂઢિપ્રયોગો એ લોક જીવનમાંથી સાહિત્યમાં પ્રવેશેલી એક વિદ્યા છે, જેના કારણે સાહિત્ય સંપન્ન અને સજીવ બન્યું છે. સાહિત્ય લોક જીવનના શ્વાસોચ્છવાસથી ધબકતું રહ્યું છે, એમ કહેવામાં પણ કોઈ અતિશયોક્તિ નથી. તેમાં લોકોની જીવન પ્રણાલિ અને ખાસીયતો પણ ડોકાતી જોવા મળે છે. જેમ કે કચ્છમાં પશુપાલનનો વ્યવસાય કરતા માલધારીઓ ઘણી વાર કહેતા હોય છે કે: 'ઉન ઉતારી ગિનણી' ઘેટાં-બકરાંની ઊન ઉતારી તેનો યોગ્ય ઉપયોગ કરવો એ તેમના જીવનની એક પ્રવૃત્તિ છે. કાળક્રમે એ ચોવક રૂઢ બની ગઈ. લાક્ષણિક રૂપે ભાષામાં તેનો ઉપયોગ થવા લાગ્યો અને પ્રગટરૂપે તેનો અર્થ થયો: 'કસ કાઢી લેવો.' આવી કાર્યપ્રવૃત્તિ સાથે સંકળાયેલી ઘણી ચોવકો રૂઢિપ્રયોગ બની ગઈ છે. જેમ કે: 'કત્તર હલાયણી' (કાતર ચલાવવી) મતલબ કે, કોઈની માલ-મિલકત પચાવી પાડવી!

ગામડે રહ્યા હશે તેમણે વાસણોને 'કલઈ' કરાવતા જોયું હશે. એ કાર્યપ્રવૃત્તિ કઈ રીતે રૂઢિપ્રયોગમાં વણાઈ ગઈ તેનું સુંદર ઉદાહરણ છે: 'કલઈ કરાયણી'' (કલઈ કરાવવી) પણ વપરાય છે શાના માટે? જ્યારે વ્યર્થ રીતે પૈસા ગુમાવવાનો વખત આવે ત્યારે તેનો પ્રયોગ થાય છે. 'કલઈ થઈ વઈ'. આ રૂઢ શબ્દોનો ઉપયોગ આજે પણ કચ્છી ભાષાના પ્રેમીઓ બોલચાલમાં કરતા હોય છે, એ બધા પ્રયોગો લોક પ્રવૃત્તિમાંથી ઉદ્ભવેલા છે.

ઈશુની અઢારમી સદીમાં કે ત્યાર પછી - સાહિત્યમાં રૂઢિપ્રયોગોના ઉપયોગ કરવાની પરંપરા શરૂ થઈ હોવાનાં તારણ મળે છે. જ્યારે ચોવકોની ઉત્પતિનો છેડો હજુ સુધી કોઈને જોવા મળ્યો નથી! ચોવક, આદી અનાદીકાળથી બોલાતો રહેલો, સાહિત્યનો એક બળુકો પ્રકાર છે.

આ માણસ પોતાની તબિયત પ્રત્યે ખૂબ જ બેદરકાર છે, નથી ડૉક્ટર પાસે જતો કે નથી કોઈ પણ ઉપચાર કરતો... આવા શબ્દો આપણે સમાજમાં ઘણી વાર સાંભળતા હોઈએ છીએ. તેના માટે એક મિઠડી ચોવક પ્રચલિત છે: 'ઓસડ઼ કે ઓડો ન થીયે, નેં વૈધ જો ગ઼િને ન વા'. હવે આ ચોવકમાં પણ બીજી પણ એક ચોવક સમાયેલી છે: 'વા ન ગ઼િનણું' એટલે કે કોઈનો ભરોસો ન કરવો.

લોકો મોટાભાગે સ્વાર્થી હોય છે. બીજાની તેમને કોઈ કિંમત જ નથી હોતી. તેમના માટે કહેવાયું છે કે, 'પાડ઼ોશી પિતરજા, ને ગામ જા છોરા ગારે જા' મર્યાદાનો સુંદર ઉપદેશ આપતી ચોવક છે: 'પન જો ય પડ઼ધોખાસો' મતલબ કે પાંદડાંનો પણ પરદો તો રાખવો! એટલે કે, થોડી પણ મર્યાદા જાળવવી.

# ચોથી ટેસ્ટ માટેની ઈંગ્લૅન્ડની ટીમમાંથી ઈન્જર્ડ બશીર આઉટ, લિયામ ડૉવસન ઈન

લંડનઃ ભારત સામેની ત્રીજી ટેસ્ટમાં જીત બાદ ઈંગ્લેન્ડની ટીમમાં ફેરફાર કરવામાં આવ્યો છે. ઈજાગ્રસ્ત સ્પિનર શોએબ બશીરના બદલે ડાબોડી સ્પિનર લિયામ ડૉવસનને ટીમમાં સામેલ કરવામાં આવ્યો છે. લિયામ ડૉવસનની આઠ વર્ષ બાદ ઈંગ્લેન્ડની ટેસ્ટ ટીમમાં વાપસી થઇ છે. ૨૩ જૂલાઈથી માન્ચેસ્ટરમાં ભારત સામે શરૂ થનારી ચોથી ટેસ્ટ મેચ માટે ઈજાગ્રસ્ત શોએબ બશીરના સ્થાને તેને ટીમમાં સામેલ કરવામાં આવ્યો છે.

ત્રીજી ટેસ્ટ મેચમાં ભારતની પહેલી ઇનિંગ દરમિયાન ફિલ્ડિંગ કરતી વખતે બશીરને ડાબા હાથમાં ફ્રેક્ચર થયું હતું. ઈંગ્લેન્ડે આ મેચ ૨૨ રનથી જીતી હતી. ઈજા છતાં બશીરે ભારતની બીજી ઇનિંગમાં બોલિંગ કરી અને મોહમ્મદ સિરાજને આઉટ કરીને પોતાની ટીમને રોમાંચક જીત અપાવવામાં મદદ કરી હતી.

૩૫ વર્ષીય ડૉવસન ૨૦૧૭માં દક્ષિણ આફ્રિકા સામેની પોતાની ત્રણ ટેસ્ટ મેચમાંથી છેલ્લી મેચ રમી હતી. તેણે સાત વિકેટ ઝડપી હતી. ઉપરાંત, તેણે ઈંગ્લેન્ડ માટે છ વનડે અને ૧૪ ટી-૨૦ આંતરરાષ્ટ્રીય મેચ પણ રમી છે. તે ઘણા વર્ષોથી હેમ્પશાયર માટે સતત સારું પ્રદર્શન કરી રહ્યો છે અને ૨૦૨૩ અને ૨૦૨૪માં તેને પીસીએ પ્લેયર ઓફ ધ યર તરીકે પસંદ કરવામાં આવ્યો હતો.

ડૉવસન અત્યાર સુધી ૨૧૨ ફર્સ્ટ-ક્લાસ મેચોમાં ૩૭૧ વિકેટ લીધી છે. તેણે ફર્સ્ટ-ક્લાસ ક્રિકેટમાં ૧૦,૦૦૦થી વધુ રન કર્યા છે જેમાં ૧૮ સદીનો સમાવેશ થાય છે. ઈંગ્લેન્ડના પસંદગીકાર લ્યૂક રાઈટે કહ્યું હતું કે, ‘‘લિયામ ડૉવસન ટીમમાં સામેલ થવાને લાયક હતો. કાઉન્ટી ચેમ્પિયનશિપમાં તેમનું પ્રદર્શન ઉત્તમ રહ્યું છે અને તેણે હેમ્પશાયર માટે સતત સારું પ્રદર્શન કર્યું છે.’’

### ઈંગ્લેન્ડની ટેસ્ટ ટીમ

બેન સ્ટોક્સ (કેપ્ટન), જોફ્રા આર્ચર, ગસ એટકિન્સન, જેકબ બેથેલ, હેરી બ્રુક, બ્રાયડન કાર્સ, જેક ક્રોલી, લિયામ ડૉવસન, બેન ડકેટ, ઓલી પોપ, જો રૂટ, જેમી સ્મિથ, જોશ ટંગ, ક્રિસ વોક્સ. ■

# લોર્ડ્સમાં ભારતની હારનાં છ કારણઃ પંતનો રનઆઉટ મોટો ટર્નિંગ પોઈન્ટ

લંડનઃ ઍન્ડરસન-તેન્ડુલકર ટ્રોફી તરીકે રમાતી પાંચ ટેસ્ટની સિરીઝમાં લીડ્સના પ્રથમ મુકાબલામાં યજમાન ઇંગ્લેન્ડની ટીમ પાંચમા દિવસે ૩૭૧નો મોટો લક્ષ્યાંક ૫/૩૭૩ના સ્કોર સાથે મેળવવામાં સફળ થઈ હતી, પરંતુ સોમવારે લોર્ડ્સમાં ભારતીયો પાંચમા દિવસે ૧૯૩ રનનો સાધારણ ટાર્ગેટ પણ ન મેળવી શક્યા અને ઇંગ્લેન્ડનો માત્ર ૨૨ રનના તફાવતથી વિજય થયો હતો. ભારત મુખ્ય છ કારણસર હાર્યું.

કેપ્ટન શુભમન ગિલે પરાજય બાદ રવીન્દ્ર જાડેજા (૬૧ અણનમ, ૨૬૬ મિનિટ, ૧૮૧ બોલ, એક સિક્સર, ચાર ફોર)ની તેમ જ પૂછડિયા બેટ્સમેનો જસપ્રીત બુમરાહ અને મોહમ્મદ સિરાજની ભારોભાર પ્રશંસા કર્યા બાદ કહ્યું હતું કે ‘રિષભ પંતે પ્રથમ દાવમાં રનઆઉટમાં વિકેટ ગુમાવી એ અમારા માટે સૌથી મોટો ટર્નિંગ પોઇન્ટ હતો. અમે ૫૦થી ૧૦૦ રનની સરસાઈની આશા રાખી હતી. થોડી ઘણી લીડ મેળવી લઈએ તો બીજા દાવમાં હરીફ ટીમ પર પ્રેશર આવી જાય. જોકે અમે લીડ લેવામાં નિષ્ફળ રહ્યા હતા.’

પહેલા દાવમાં ઇંગ્લેન્ડના ૩૮૭ રનના જવાબમાં ભારતે પણ ૩૮૭ રન કર્યા હતા. બંને ટીમના પ્રથમ દાવના એકસરખા સ્કોરનો આ નવમો કિસ્સો હતો.

રવીન્દ્ર જાડેજાએ મેચની છેલ્લી ક્ષણો દરમિયાન બાથરૂમ જવા થોડો સમયનો બ્રેક લેવો પડ્યો હતો.

જાડેજાની આ યાદગાર ઇનિંગ્સ તેની પત્ની અને બીજેપીની વિધાનસભ્ય રિવાબાએ લોર્ડ્સના એક સ્ટેન્ડમાં બેસીને જોઈ હતી.

### ટીમ ઇન્ડિયાની હારના મુખ્ય છ કારણ

(૧) ભારતને ૧૯૩ રનનો સાધારણ લક્ષ્યાંક મળ્યો હતો. વિદેશી ધરતી પર પાંચમા દિવસે ચોથા દાવમાં રન બનાવવા આસાન નથી, પણ ભારતીય બેટ્સમેનોએ ટી-૨૦ના આજના જમાનામાં શરૂઆતથી આક્રમકને બદલે સાવ ડિફેન્સિવ અપ્રોચ રાખ્યો હતો. ભારતીયોના નબળા શોટ સિલેક્શનને લીધે ઇંગ્લેન્ડના ખેલાડીઓ પ્રભુત્વ જમાવતા ગયા હતા અને ભારતીય બેટ્સમેનો વિકેટ ગુમાવતા રહ્યા હતા. ઇંગ્લેન્ડના પેસ આક્રમણ સામે જાડેજા, રાહુલ તેમ જ બુમરાહ અને સિરાજ સિવાય બીજા કોઈ બેટ્સમેન ક્રીઝમાં લાંબો સમય નહોતા ટકી શક્યા.

(૨) વાઇસ કેપ્ટન રિષભ પંત આ સિરીઝમાં ખૂબ સારું રમી રહ્યો છે. તેણે પહેલા દાવમાં હાથની આંગળીની ઈજા છતાં લડાયક ૭૪ રન કર્યા હતા. રાહુલને લંચ પહેલાં સેન્ચુરી પૂરી કરાવી આપવાની ઉતાવળમાં પંત રનઆઉટમાં પોતાની વિકેટ ગુમાવી બેઠો હતો.

(૩) ભારતને બંને દાવમાં ટોપ-ઑર્ડરની નિષ્ફળતા પણ ખૂબ નડી હતી. વનડાઉનમાં કરુણ નાયર એકંદરે આ સિરીઝમાં ખરાબ રમ્યો છે, પણ તેણે લોર્ડ્સની ટેસ્ટના પ્રથમ દાવમાં લડાયક પર્ફોર્મન્સમાં ૪૦ રન કર્યા હતા, જ્યારે ઓપનર યશસ્વી જયસ્વાલ બંને દાવમાં (૧૩ અને ૦) સદંતર ફ્લોપ હતો. એકંદરે ભારતીય બેટ્સમેનોનો કટોકટીના સમયે ધબડકો થયો હતો.

(૪) પ્રથમ દાવમાં વિકેટકીપર જેમી સ્મિથનો તેની ઇનિંગ્સની શરૂઆતમાં જ કે. એલ. રાહુલે કેચ છોડ્યો હતો. ત્યાર પછી સ્મિથ ૫૧ રન કરી રહ્યો હતો. તેણે ઇંગ્લેન્ડનો સ્કોર ૫/૨૫૫ પરથી ૭/૩૫૫ સુધી પહોંચાડ્યો હતો.

(૫) ભૂતપૂર્વ કેપ્ટન રવિ શાસ્ત્રીએ કહ્યું છે કે ‘જાડેજાએ ધૈર્યપૂર્વક રમીને પૂછડિયા બેટ્સમેનો બુમરાહ અને સિરાજ સાથે જબરદસ્ત ભાગીદારીઓ કરી, પરંતુ આ બે લાંબી પાર્ટનરશિપ દરમ્યાન જાડેજાએ આક્રમક અભિગમ અપનાવી ફટકાબાજી કરીને થોડા વધુ રન કરવા જોઈતા હતા. જો તેણે એવું કર્યું હોત તો ઇંગ્લેન્ડના ખેલાડીઓ પર માનસિક દબાણ આવ્યું હોત જેનો જાડેજા અને તેના સાથી બેટ્સમેનોને જ ફાયદો થયો હોત.

(૬) ભારતીય બોલર્સે પહેલા દાવમાં ૩૧ અને બીજા દાવમાં ૩૨ એક્સ્ટ્રા રન આપ્યા હતા. બ્રિટિશરોને બંને દાવ મળીને કુલ ૬૩ એક્સ્ટ્રા રન ભેટમાં મળ્યા એને લીધે પણ ભારતનું જીતવું મુશ્કેલ થઈ ગયું હતું. ■

# લંડનમાં કિંગ ચાર્લ્સને મળી ભારતીય પુરુષ અને મહિલા ક્રિકેટ ટીમ



લંડનઃ ભારતની પુરુષ અને મહિલા ટીમો હાલમાં ઇંગ્લેન્ડના પ્રવાસે છે. પુરુષ ટીમ પાંચ મેચની ટેસ્ટ શ્રેણી રમી રહી છે, તો બીજી તરફ મહિલા ટીમ ત્રણ મેચની વન-ડે સીરિઝ રમી રહી છે. બંને ટીમોએ લંડનના સેન્ટ જેમ્સ પેલેસમાં કિંગ ચાર્લ્સ તૃતીય સાથે મુલાકાત કરી હતી.

કિંગ ચાર્લ્સ તૃતીયને મળવા અંગે ટીમ ઇન્ડિયાના કેપ્ટન શુભમન ગિલે કહ્યું હતું કે, ‘કિંગ ચાર્લ્સ તૃતીયને મળવું ખૂબ જ સારું રહ્યું અને તેમણે અમને ફોન કરીને ખૂબ જ ઉદારતા દર્શાવી હતી. અમારી વાતચીત ખૂબ સારી રહી હતી. કિંગ ચાર્લ્સે અમને કહ્યું હતું કે છેલ્લી ટેસ્ટ મેચમાં અમારો છેલ્લો બેટ્સમેન જે રીતે આઉટ થયો તે ખૂબ જ દુર્ભાગ્યપૂર્ણ હતું, બોલ સ્ટમ્પને ટકરાયો હતો. અમે તેમને કહ્યું કે તે અમારા માટે એક કમનસીબ મેચ હતી અને તેનું પરિણામ બંનેમાંથી કોઇ તરફ જઈ શકે તેમ હતું. આશા છે કે આગામી બે મેચમાં અમારું નસીબ સારું રહેશે.’ ■

# ત્રીજી ટેસ્ટમાં ફક્ત ૨૭ રનમાં ઓલઆઉટ વેસ્ટ ઈન્ડિઝ, ઓસ્ટ્રેલિયાનો ૧૭૬ રનથી વિજય

જમૈકાઃ ઓસ્ટ્રેલિયાએ જમૈકાના કિંગ્સ્ટનમાં રમાયેલી ત્રીજી ટેસ્ટ મેચમાં ઈતિહાસ રચ્યો હતો. તેણે વેસ્ટ ઈન્ડિઝને બીજી ઇનિંગમાં ૨૭ રનમાં ઓલઆઉટ કરી દીધું હતું, જે ટેસ્ટ ઇતિહાસનો બીજો સૌથી નાનો સ્કોર છે. આ વેસ્ટ ઈન્ડિઝના ટેસ્ટ ઇતિહાસનો સૌથી ઓછો સ્કોર છે. વેસ્ટ ઈન્ડિઝની ટીમ ૨૦૪ રનના લક્ષ્યનો પીછો કરી રહી હતી. કાંગારુઓએ મેચ ૧૭૬ રનથી જીતી હતી. આ ડે-નાઈટ (પિંક બોલ) ટેસ્ટ મેચ હતી. ઓસ્ટ્રેલિયાએ ત્રણ મેચની ટેસ્ટ શ્રેણીમાં વેસ્ટ ઈન્ડિઝનો ૩-૦થી વ્હાઇટવોશ કર્યો હતો. ઓસ્ટ્રેલિયાએ પહેલી ટેસ્ટ ૧૫૯ રનથી અને બીજી ટેસ્ટ ૧૩૩ રનથી જીતી હતી. મિશેલ સ્ટાર્કને ત્રીજી ટેસ્ટમાં પ્લેયર ઓફ ધ મેચનો એવોર્ડ મળ્યો હતો. તેને પ્લેયર ઓફ ધ સીરિઝ એવોર્ડ અપાયો હતો. બોલેન્ડે હેટ્રિક લઈને ટેસ્ટને વધુ રોમાંચક બનાવી હતી. તેણે વેસ્ટ ઈન્ડિઝની બીજી ઇનિંગમાં ૧૪મી ઓવરના પહેલા, બીજા અને ત્રીજા બોલ પર ગ્રીવ્સ, શમર અને વીરિકનને પેવેલિયન મોકલ્યા હતા.

ઓસ્ટ્રેલિયાએ પહેલી ઇનિંગમાં ૨૨૫ રન કર્યા હતા. કેમરૂન ગ્રીને ૪૬ અને સ્ટીવ સ્મિથે ૪૮ રન કર્યા હતા. આ સિવાય કોઈ બેટ્સમેન સારુ પ્રદર્શન કરી શક્યો નહોતો. વેસ્ટ ઈન્ડિઝ તરફથી શામર જોસેફે ચાર વિકેટ ઝડપી હતી જ્યારે જેડન સીલ્સ અને જસ્ટિન ગ્રીવ્સે ત્રણ-ત્રણ વિકેટ લીધી હતી. જેના જવાબમાં વેસ્ટ ઈન્ડિઝ પહેલા દાવમાં ૧૪૩ રનમાં ઓલઆઉટ થઈ ગયું હતું. જોન કેમ્પબેલે સૌથી વધુ ૩૬ રન કર્યા હતા. આ ઉપરાંત શાઈ હોપે ૨૩ રનની ઈનિંગ રમી હતી. ઓસ્ટ્રેલિયા તરફથી સ્કોટ બોલેન્ડે ત્રણ વિકેટ લીધી હતી જ્યારે જોશ હેઝલવુડ અને પેટ કમિન્સે બે-બે વિકેટ લીધી હતી. ■

# ક્રિકેટર યશ દયાલની હાલ ધરપકડ નહીં

પ્રયાગરાજ : ક્રિકેટર યશ દયાલને હાલ માટે અલાહાબાદ હાઈ કોર્ટમાંથી રાહત મળી હતી. કોર્ટે તેમની સામે નોંધાયેલી એફઆઇઆર પર કોઈપણ પ્રકારની પોલીસ કાર્યવાહી પર રોક લગાવી હતી. તેમજ ફરિયાદીને નોટિસ ફટકારીને જવાબ માગવામાં આવ્યો છે. આ કેસની સુનાવણી જસ્ટિસ સિદ્ધાર્થ વર્મા અને જસ્ટિસ અનિલ કુમારની ડિવિઝન બેન્ચ દ્વારા કરવામાં આવી હતી.

ગાઝિયાબાદના ઇન્દિરાપુરમ પોલીસ સ્ટેશનમાં એક છોકરીએ યશ દયાલ વિરુદ્ધ લગ્નનું વચન આપીને જાતીય સતામણીનો આરોપ લગાવીને એફઆઇઆર નોંધાવી હતી. ક્રિકેટર યશ દયાલે ફરિયાદને હાઇ કોર્ટમાં પડકારી હતી. તેની માગ હતી કે ધરપકડ પર રોક લગાવતા નોંધાયેલ એફઆઇઆર રદ કરવામાં આવે. ■

# નિયમિત દોડવું એ જ ફૌજા સિંગની ફિટનેસનું રહસ્યઃ ૧૧૪ વર્ષના આ મેરથન રનરના મૃત્યુથી શોક

જલંધરઃ સોમવારે પંજાબના જલંધર-પઠાણકોટ હાઇવે પર એક માર્ગ અકસ્માતમાં દોડવીર ફૌજા સિંહ ગંભીર રીતે ઘાયલ થયા હતા, સારવાર દરમિયાન તેમનું અવસાન થયું. ફૌજા સિંહ ૧૧૪ વર્ષનું લાંબુ આયુષ્ય ભોગવી એ મૃત્યુ પામ્યા. તેઓ વિશ્વના સૌથી મોટી ઉંમરના મૅરથન રનર હતાં, તેઓ ‘ટર્બન્ડ ટોર્નેડો’ તરીકે જાણીતા હતાં. ફૌજા સિંહના આટલા લાંબા આયુષ્ય અને મોટી ઉંમરે શારીરિક સ્વસ્થતા અંગે લોકોને આશ્ચર્ય થઇ રહ્યું છે.

ફૌજા સિંહનો જન્મ ૧ એપ્રિલ ૧૯૧૧ના રોજ પંજાબના જલંધર જિલ્લાના બિયાસ પિંડમાં થયો હતો. તેઓ બાળપણમાં સામાન્ય બાળક જેવા સ્વસ્થ ન હતાં, તેમના પગ ખૂબ જ નબળા હતા. પાંચ વર્ષ સુધી તેઓ સરખી રીતે ચાલી પણ શકતા ન હતાં. એવામાં આ બાળક મૅરથન રનર બને એવી કલ્પના જ ના કરી શકાય.

અહેવાલ મુજબ ફૌજા સિંહે ૮૯ વર્ષની ઉંમરે દોડવાનું શરૂ કર્યું હતું. તેના થોડા સમય પહેલા તેનો તેમની પત્ની જ્ઞાન કૌર અને પુત્ર કુલદીપના મૃત્યુને કારણે ડિપ્રેશનથી પીડાતા હતા. આ મુશ્કેલ સમયમાં તેમણે દોડવાનું શરૂ કર્યું, જેને કારણે ધીમે ધીમે માનસિક રીતે સ્વસ્થ બન્યા, સાથે તેમની શારીરિક સ્થિતિ પણ મજબૂત થઇ. ત્યાર બાદ સકારાત્મક જીવનશૈલી, સંતુલિત આહાર અને નિયમિત કસરતને રોજીંદા જીવનનો ભાગ બનાવી તેઓ મૅરથન દોડવા સક્ષમ બન્યા અને વિશ્વના સૌથી વૃદ્ધ મૅરથન દોડવીર બન્યા

ફૌજા સિંહે એક ઇન્ટરવ્યુમાં તેમની ફિટનેસનું રહસ્ય જણાવ્યું હતું. તેમણે કહ્યું કે તેઓ હંમેશાં ખુશ રહે છે, દરરોજ પંજાબી પિન્ની થાય છે અને પછી હૂંફાળું પાણી પીવે છે. તેમને જણાવ્યું કે તેઓ રાત્રે સૂતા પહેલા એક ગ્લાસ દૂધ અને કોઇપણ સિઝનમાં દહીં ખાય છે. ઈન્ટરવ્યુ દરમિયાન તેમણે યુવાનોને જંક ફૂડ ટાળવા અને નિયમિત ચાલવા અને કસરત કરવાની સલાહ આપી હતી.

ફૌજા સિંહના ડોક્ટરના જણાવ્યા અનુસાર, શારીરિક અને માનસિક શક્તિને કારણે તેઓ આટલું લાંબું જીવી શક્યા. દરરોજ દોડવું, ધ્યાન કરવું અને સંતુલિત આહાર લેવો તેમનો નિયમ હતો. માનસિક તણાવ ટાળવા માટે તેઓ હંમેશા સકારાત્મક વલણ દાખવતા. ■

## ફન વર્લ્ડ

‘મુંબઈ સમાચાર’ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી બુધવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ **funworld1822@gmail.com** પર મોકલવાના રહેશે.

### ભાષા વૈભવ...

અંગ્રેજી - ગુજરાતી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| RICE | ઊઠવું |
| RISE | ઉખાણું |
| RAISE | વીંછળવું |
| RINSE | ચોખા |
| RIDDLE | વધારવું |

### ઓળખાણ પડી?



ટેસ્ટ ક્રિકેટના ઈતિહાસમાં ૮૦૦ વિકેટ મેળવવાની સિદ્ધિ મેળવનારા એકમાત્ર ક્રિકેટરની ઓળખાણ પડે છે ખરી?

અ) શેન વોર્ન બ) મુરલીધરન ક) જેમ્સ એન્ડરસન ડ) શોન પોલોક

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ પો | પાં | ૨ બા | ૩ ઇ | નું | ૪ રા | ૫ જ | | ૬ ખ | ૭ મો |
| ત | | ૮ હો | શ | | ૯ જ | મા | ૧૦ ત | | ળા |
| ૧૧ પો | ૧૨ ટા | શ | | ૧૩ થ | કા | વ | ટ | | ક |
| ૧૪ તા | ઇ | | ૧૫ સ | | ર | | ૧૬ સ્થ | ૧૭ ગિ | ત |
| નું | | ૧૮ ઓ | ળ | ૨૦ ખા | ણ | | | ટા | |
| | ૨૧ ન | | ૨૨ વ | ટ | | ૨૩ અ | ૨૪ ચ | ર | ૨૫ જ |
| ૨૬ પ | ર | વા | ળા | | ૨૭ ક | છો | રુ | | યા |
| ૨૮ ન | વા | | ટ | | ૨૯ મો | ડા | | ૩૦ કા | પા |
| ઘ | | ૩૧ છાં | | ૩૨ બે | સ | વા | | ૩૩ પ | ર્વ |
| ૩૪ ટ | પો | ટ | પ | | મી | | ૩૫ પ | ડ | તી |

### શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | | ૩ | | ૪ | | ૫ | |
| | | | | ૬ | ૭ | | | | |
| | | ૮ | ૯ | | | | ૧૦ | | ૧૧ |
| | ૧૨ | | | | ૧૩ | | | | |
| ૧૪ | | | ૧૫ | | | | | ૧૬ | |
| ૧૭ | | | | | | | ૧૮ | | |
| ૧૯ | | | ૨૦ | ૨૧ | | ૨૨ | | | |
| ૨૩ | | ૨૪ | | | | ૨૫ | | ૨૬ | |
| | | | | | ૨૭ | | | ૨૮ | ૨૯ |
| | ૩૦ | | | | | | ૩૧ | | |

**આડી ચાવી**

૧. વિશાળ હૃદયનો, ઉદાર દિલ (૫)
૪. પરાધીન, દબાયેલા, શરમિંદા (૪)
૬. રૂ કાંતવાનું સાદું સાધન (૩)
૮. ગાવું તે (૨)
૧૨. --- વીરચક્ર શ્રેષ્ઠ સૈનિકને અપાય છે, (૩)
૧૩. યવન સ્ત્રી (૩)
૧૪. સ્કૂલમાં કાગળના --- ઊડાવતા (૨)
૧૫. ચોળી, કંચુકી (૩)
૧૬. ચામડું (૨)
૧૭. એક વિજ્ઞાની ઋષિ (૩)
૧૮. લાજ, લજ્જા (૩)
૧૯. સુધી (૨)
૨૦. વિઘ્ન, પીડા, દુઃખ (૨)
૨૨. --- મહાદેવ (૨,૨)
૨૩. મુખ્ય પ્રધાન, પેશવા (૫)
૨૫. --- માં કમળ ખીલે (૩)
૨૭. સોમથી શનિ (૨)
૨૮. અવાજ (૨)
૩૦. વિચિત્ર સ્વભાવ-વર્તન (૫)
૩૧. હુકમ, ઓર્ડર (૩)

**ઊભી ચાવી**

૧. કૃપાળુ (૩)
૨. ન ભૂલાય એવું (૪)
૩. આદત, ટેવ (૨)
૪. પેલી (૨)
૫. દોસ્તી, ભાઇબંધી (૨)
૭. ઝઘડા કરનાર (૫)
૯. મીઠું, સબરસ (૩)
૧૦. અતિપ્રિય, એક અટક (૨)
૧૧. ઓછી અક્કલવાળો (૫)
૧૨. આગતા સ્વાગતા (૫)
૧૪. એકાકી, એકલસૂરો (૫)
૧૬. દ્વેષ, ઇર્ષ્યા (૨)
૧૮. નવરાત્રિ--- ઋતુમાં આવે (૩)
૨૦. માનતા, આખડી (૨)
૨૧. અનાજ (૨)
૨૨. એકવાર તો હા પાડી (૩)
૨૪. બાળકના જન્મની પ્રક્રિયા (૩)
૨૬. --- વીણાવાદિની --- (૩)
૨૭. ઘરની પાછળનો ભાગ (૨)
૨૯. કાબૂમાં, તાબામાં (૨)

### ચતુર આપો જવાબ — અર્થ જણાવો

‘બીજા વિગ્રહમાં ઘણી તીવ્રતા જોવા મળી’ પંક્તિમાં વિગ્રહ શબ્દનો અર્થ જણાવો.

અ) ચર્ચા બ) લડાઈ ક) વિવાદ ડ) વિપદા

### માતૃભાષાની મહેક

બળ એટલે કૌવત, તાકાત, જોર, શક્તિ, સામર્થ્ય. બળ ત્રણ પ્રકારનાં છેઃ સહજબળ, કાલકૃતબળ અને યુક્તિકૃતબળ. આમાં શરીર અને મનના કુદરતી બળને સહજબળ કહે છે. અવસ્થાથી આવતું બળ કાલકૃતબળ ને ખોરાક દ્વારા અગર તો કસરત દ્વારા યા તો કોઈ પણ દવા મારફત મેળવેલા બળને યુક્તિકૃતબળ કહે છે.

### સુડોકુ-૯૦૪૧

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | ૪ | | | ૭ | |
| ૭ | | ૪ | ૨ | | ૬ | | ૯ | |
| | ૯ | | | | ૭ | | | ૧ |
| ૪ | ૧ | | ૭ | ૬ | | | ૮ | ૯ |
| ૬ | | | | | | | | ૩ |
| ૯ | ૭ | | | ૩ | ૮ | | ૪ | ૨ |
| ૮ | | | ૬ | | | | ૨ | |
| | ૩ | | ૪ | | ૯ | ૮ | | ૬ |
| | ૫ | | | ૭ | | | | |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

### સુડોકુ-૯૦૪૦

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૭ | ૯ | ૬ | ૫ | ૮ | ૩ | ૨ | ૪ |
| ૬ | ૪ | ૫ | ૨ | ૩ | ૯ | ૮ | ૧ | ૭ |
| ૩ | ૨ | ૮ | ૭ | ૪ | ૧ | ૫ | ૯ | ૬ |
| ૮ | ૩ | ૪ | ૧ | ૨ | ૫ | ૭ | ૬ | ૯ |
| ૯ | ૧ | ૭ | ૮ | ૬ | ૪ | ૨ | ૫ | ૩ |
| ૫ | ૬ | ૨ | ૩ | ૯ | ૭ | ૪ | ૮ | ૧ |
| ૭ | ૯ | ૩ | ૫ | ૮ | ૬ | ૧ | ૪ | ૨ |
| ૨ | ૫ | ૬ | ૪ | ૧ | ૩ | ૯ | ૭ | ૮ |
| ૪ | ૮ | ૧ | ૯ | ૭ | ૨ | ૬ | ૩ | ૫ |

### ગુજરાત મોરી મોરી રે

બે શહેરની વિશિષ્ટતાનું વર્ણન કરતી કહેવતના શબ્દો આડાઅવળા થઈ ગયા છે જે યોગ્ય રીતે ગોઠવી કહેવત જણાવો.

પહાડ ને ધોળકામાં નહીં નહીં ધાડ ધંધૂકામાં

### ઈર્શાદ

હૃદયના શુદ્ધ પ્રેમીને નિગમના જ્ઞાન ઓછાં છે,
ન પરવા માનની તો ય બધા સન્માન ઓછાં છે.

- પ્રભુલાલ દ્વિવેદી

### માઈન્ડ ગેમ

વિશ્વના કેટલાક દેશ ટાપુના દેશ છે. કયા દેશમાં સૌથી વધુ ટાપુ આવેલા છે એ આપેલા વિકલ્પમાંથી શોધી કાઢો.

અ) ઓસ્ટ્રેલિયા બ) નેધરલેન્ડ્સ ક) સ્વીડન ડ) ડેનમાર્ક

### ગયા બુધવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| RIP | ચીરવું |
| REAP | કાપણી, લણણી |
| RIPE | પાકેલું |
| REST | વિશ્રામ |
| WREST | આંચકી લેવું |

ગુજરાત મોરી મોરી રે
બકરી બાંધીને ભેંસ છોડી જવી

ઓળખાણ પડી?
ચાર્લી ગ્રિફિથ

માઈન્ડ ગેમ
કોયલ

ચતુર આપો જવાબ
અર્થ જણાવો
રૂપિયા

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) મુલરાજ કપૂર (૨) ભારતી બુચ (૩) કિશોરકુમાર જીવણદાસ વેદ (૪) સુભાષ મોમાયા (૫) નીતા દેસાઈ (૬) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૭) હર્ષા મહેતા (૮) ખુશરૂ કાપડિયા (૯) પુષ્પા પટેલ (૧૦) તાહેર ઔરંગાબાદવાલા (૧૧) શીરીન ઔરંગાબાદવાલા (૧૨) અબ્દુલ્લા એફ. મુનીમ (૧૩) જ્યોતિ ખાંડવાલા (૧૪) લજિતા ખોના (૧૫) ભારતી પ્રકાશ કટકિયા (૧૬) શ્રદ્ધા આશર (૧૭) મહેશ દોશી (૧૮) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૧૯) નિખિલ બંગાળી (૨૦) અમીશી બંગાળી (૨૧) મહેશ સંઘવી (૨૨) નૂતન વિપીન શાહ (૨૩) મનીષા શેઠ (૨૪) ફાલ્ગુની શેઠ (૨૫) અરવિંદ કામદાર (૨૬) અંજુ ટોલિયા (૨૭) દેવેન્દ્ર સંપટ (૨૮) અલકા વાણી (૩૦) ભાવના કર્વે (૩૧) કિશોર સંઘરાજકા (૩૨) મીનળ કાપડિયા (૩૩) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૪) ડાયના સંતોકે (૩૫) અંબરીષ ઓઝા (૩૬) પુષ્પા ખોના (૩૭) શીલ્પા શ્રોફ (૩૮) જ્યોત્સના ગાંધી (૩૯) નયના ગિરીશ મિસ્ત્રી (૪૦) નિતીન જયંતિલાલ બજરિયા (૪૧) હિના દલાલ (૪૨) રમેશ દલાલ (૪૩) ઈનાક્ષી દલાલ (૪૪) ધીરેન્દ્ર ઉદેશી (૪૫) ગીતા ઉદેશી (૪૬) પ્રતિમા પમાણી (૪૭) ડો. પ્રકાશ કટિકયા (૪૮) પ્રવીણ વોરા (૪૯) વીણા સંપટ (૫૦) દેવેન્દ્ર સંપટ (૫૧) હરીશ મનુભાઈ ભટ્ટ (૫૨) જયવંત પદમશી ચિખલ (૫૩) દિલીપ મટાલીયા

# ઓટો અને ફાર્મા શૅરોના સુધારા સાથે સેન્સેક્સે ચાર દિવસની પીછેહઠને બ્રેક મારીઃ નિફ્ટી ૨૫,૧૫૦ની ઉપર

મુંબઇઃ વૈશ્વિક ઇક્વિટી બજારના એકંદર સુધારા અને સ્થાનિક સ્તરે રિટેલ ઇન્ફ્લેશનમાં જોવા મળેલા ઘટાડાને કારણે સુધરેલા સેન્ટિમેન્ટ વચ્ચે સેન્સેક્સે ઓટો અને ફાર્મા શેરોના સુધારા સાથે મંગળવારે ચાર દિવસની પીછેહઠને બ્રેક મારીને ૩૧૭ પોઈન્ટનો સુધારો નોંધાવ્યો હતો, જ્યારે નિફ્ટી ૨૫,૧૫૦ની ઉપર પહોંચ્યો હતો. રિટેલ ફુગાવો છ વર્ષના નીચલા સ્તરે, આરબીઆઈના કમ્ફર્ટ ઝોનની નજીક પહોંચ્યો હોવાથી બજારના સેન્ટિમેન્ટમાં સુધારો જોવા મળ્યો હતો.

ત્રીસ શેર ધરાવતો બીએસઈ સેન્સેક્સ ૩૧૭.૪૫ પોઈન્ટ અથવા ૦.૩૯ ટકા વધીને ૮૨,૫૭૦.૯૧ના સ્તર પર સ્થિર થયો. દિવસ દરમિયાન, તે ૪૯૦.૧૬ પોઈન્ટ અથવા ૦.૫૯ ટકા વધીને ૮૨,૭૪૩.૬૨ પોઇન્ટની સપાટીને અથડાયો હતો. જ્યારે પચાસ શેર ધરાવતો એનએસઈ બેન્ચમાર્ક નિફ્ટી ૧૧૩.૫૦ પોઈન્ટ અથવા ૦.૪૫ ટકા વધીને ૨૫,૧૯૫.૮૦ પોઇન્ટના સ્તર પર બંધ થયો હતો. નોંધવું રહ્યું કે પાછલા ચાર ટ્રેડિંગ સત્રમાં, સેન્સેક્સે ૧,૪૫૯.૦૫ પોઈન્ટ અથવા ૧.૭૪ ટકા જ્યારે નિફ્ટીએ ૪૪૦ પોઈન્ટ અથવા ૧.૭૨ ટકા ગુમાવ્યા છે. વ્યાપક ચોમાસાને કારણે શાકભાજી સહિત ખાદ્ય ચીજવસ્તુઓના ભાવમાં ઘટાડો થવાને કારણે જૂનમાં છૂટક ફુગાવો ઘટીને ૨.૧ ટકાના છ વર્ષના નીચલા સ્તરે પહોંચ્યો હતો, જે આરબીઆઇના કમ્ફર્ટ ઝોનની નજીક હતો. ગ્રાહક ભાવ સૂચકાંક આધારિત ફુગાવો મે મહિનામાં ૨.૮૨ ટકા અને જૂન ૨૦૨૪માં ૫.૦૮ ટકા હતો. નવેમ્બર ૨૦૨૪થી ફુગાવો ઘટી રહ્યો છે. વૈશ્વિક અને સ્થાનિક વિકાસના મિશ્ર પરિબળો વચ્ચે બજારના માનસમાં સુધારાના સંકેતો દેખાઈ રહ્યા છે. અમેરિકા સાથે વચગાળાના વેપાર કરારની શક્યતા અંગે આશાવાદ વધી રહ્યો છે, જે ટેરિફ-સંબંધિત જોખમોમાં ઘટાડો લાવી શકે છે. સમાંતર રીતે, સ્થાનિક ફુગાવો છ વર્ષના નીચલા સ્તરે આવી ગયો છે, જે આરબીઆઈ દ્વારા વધુ દર ઘટાડાની અપેક્ષાઓને મજબૂત બનાવે છે. સંભવિત રીતે ભવિષ્યના આર્થિક વિકાસને વેગ આપે છે, જે હાલમાં સુધારાના સંકેતો દર્શાવે છે, એમ જિયોજિત ઇન્વેસ્ટમેન્ટ્સ લિમિટેડના સંશોધન વડા વિનોદ નાયરે જણાવ્યું હતું.

સન ફાર્મા, ટ્રેન્ટ, ટાટા મોટર્સ, બજાજ ફિનસર્વ, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા અને બજાજ ફાઇનાન્સ સેન્સેક્સ કંપનીઓમાં મુખ્ય સૌથી વધુ વધનારા શેર રહ્યાં હતા. જ્યારે, આઇટી સર્વિસિસ ફર્મે જૂન ક્વાર્ટરમાં કોન્સોલિડેટેડ ચોખ્ખા નફામાં ૯.૭ ટકાનો ઘટાડો નોંધાવ્યા બાદ એચસીએલ ટેકનોલોજીના શેરમાં ૩.૩૧ ટકાનો ઘટાડો થયો હતો, અન્ય સૌથી વધુ ઘટનારા ટોચના શેરોમાં ઇટર્નલ, ટાટા સ્ટીલ, કોટક મહિન્દ્રા બેંક અને એક્સિસ બેંકનો સમાવેશ હતો. બેન્ક ઓફ મહારાષ્ટ્રનો પ્રથમ ક્વાર્ટરનો ચોખ્ખો નફો ૨૩ ટકા વધીને રૂ. ૧૫૯૩ કરોડ નોંધાયો હતો. વીવર્ક ઇન્ડિયાને આઇપીઓ માટે સેબીની મંજૂરી મળી ગઇ છે.

ક્યુપિડ લિમિટેડ, ક્યુપિડ લિમિટેડે ગલ્ફ ઇસ્લામિક ઇન્વેસ્ટમેન્ટ્સ (જીઆઇઆઇ) દ્વારા સંચાલિત હેલ્થકેર સેન્ટ્રિક ઇન્વેસ્ટમેન્ટ વ્હીકલ, જીઆઇઆઇ હેલ્થકેર ઇન્વેસ્ટમેન્ટ લિમિટેડમાં વ્યૂહાત્મક રોકાણ જાહેર કર્યું છે. ક્યુપિડ ડિઓડરન્ટ્સ, પરફ્યુમ, પર્સનલ લુબ્રિકન્ટ્સ, બોડી ઓઇલ, પેટ્રોલિયમ જેલી સહિત અન્ય એફએમસીજી ઉત્પાદનોની અગ્રણી ઉત્પાદક અને બ્રાન્ડ છે. સંચાલન હેઠળની સંપત્તિ ૠજ ૩.૫ બિલિયનથી વધુ છે અને તેની હાજરી સાઉદી અરેબિયા, ૠઅઊ, યુરોપ, ૠજીૠ અને ભારતમાં છે. એન્થમ બાયોસાયન્સનું રૂ. ૩૩૯૫ કરોડનું જાહેર ભરણું બીજી દિવસે જ સંપૂર્ણ છલકાઇ ગયું છે. આઇપ્રુ એએમસી અને પ્રોપર્ટી શેરે સેબી પાસે ડીઆરએચપી ફાઇલ કર્યુ છે. એશિયન બજારોમાં, દક્ષિણ કોરિયાનો કોસ્પી, જાપાનનો નિક્કી ૨૨૫ ઇન્ડેક્સ અને હોંગકોંગનો હેંગ સેંગ સકારાત્મક ક્ષેત્રમાં સ્થિર થયો જ્યારે શાંઘાઈનો એસએસઇ કમ્પોઝિટ ઇન્ડેક્સ નીચો રહ્યો હતો. યુરોપિયન બજારો રેડ ઝોનમાં ટ્રેડ કરી રહ્યા હતા. સોમવારે યુએસ બજારો હકારાત્મક ક્ષેત્રમાં બંધ થયા હતા. ગ્લોબલ ઓઇલ બેન્ચમાર્ક બ્રેન્ટ ક્રૂડ ૦.૧૭ ટકા ઘટીને ૬૯.૦૯ ડોલર પ્રતિ બેરલ.

એક્સચેન્જ ડેટા અનુસાર, સોમવારે વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફઆઇઆઇ)એ રૂ. ૧,૬૧૪.૩૨ કરોડના શેર વેચ્યા હતા, જ્યારે સ્થાનિક સંસ્થાકીય રોકાણકારો (ડીઆઇઆઇ)એ રૂ. ૧,૭૮૭.૬૮ કરોડના શેર ખરીદ્યા હતા. સોમવારે, સેન્સેક્સ ૨૪૭.૦૧ પોઈન્ટ અથવા ૦.૩૦ ટકા ઘટીને ૮૨,૨૫૩.૪૬ પર સ્થિર થયો. નિફ્ટી ૬૭.૫૫ પોઈન્ટ અથવા ૦.૨૭ ટકા ઘટીને ૨૫,૦૮૨.૩૦ પર બંધ થયો.

જુન મહિનામાં રિટેલ ઇન્ફ્લેશન ૨.૧ ટકાની છ વર્ષની નીચી સપાટીએ પહોંચ્યું છે, જ્યારે જથ્થાબંધ ફુગવો ૧૯ મહિના પછી નકારાત્મક ઝોનમાં સરક્યો છે. કન્ઝ્યુમર પ્રાઇસ ઇન્ડેક્સ મે મહિનામાં ૨.૮૨ ટકા અને જૂન ૨૦૨૪માં ૫.૦૮ ટકાના સ્તરે હતું. જોકે, મે મહિનાની સામે રિટેલ ઇન્ફ્લેશનમાં માત્ર ૭૨ બેસિસ પોઇન્ટનો ઘટાડો થયો છે. એ જ રીતે, જૂનમાં જથ્થાબંધ ભાવ પર આધારિત ફુગાવો (ડબલ્યુપીઆઇ) ૦.૧૩ ટકા ઘટીને ૧૯ મહિના પછી નકારાત્મક બન્યો હતો. એનએસઓની માહિતી અનુસાર પ્રોડક્શન કોસ્ટમાં પણ ઘટાડો થવાથી હોલસેલ પ્રાઇસ ઇન્ડેક્સમાં ૦.૧૩ ટકાનો ઘટાડો થયો હતો.

# વિશ્વ બજારથી વિપરીત ચાંદીમાં નફારૂપી વેચવાલીએ ₹ ૧૮૭૦નો ઘટાડો, રૂપિયો બાઉન્સબૅક થતાં સોનામાં ₹ ૩૮૭ની નરમાઈ

મુંબઈઃ અમેરિકી ટૅરિફની અનિશ્ચિતતાના માહોલ અને અમેરિકાના જૂન મહિનાના ફુગાવાની આજે મોડી સાંજે થનારી જાહેરાત પૂર્વે લંડન ખાતે સત્રના આરંભે સોના અને ચાંદીમાં સુધારાતરફી વલણ જળવાઈ રહ્યું હોવાના અહેવાલ છતાં સ્થાનિક ઝવેરી બજારમાં આજે ખાસ કરીને ચાંદીમાં ઊંચા મથાળેથી નફારૂપી વેચવાલીનું દબાણ રહેતાં ભાવમાં કિલોદીઠ રૂ. ૧૮૭૦નો ઘટાડો આવ્યો હતો. વધુમાં આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયામાં નવ પૈસાનો સુધારો આવ્યો હોવાથી સોનાની આયાત પડતરો ઘટી આવતા ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૩૮૫થી ૩૮૭ ઘટી આવ્યા હતા.

૯૯૯ ટચ ચાંદીમાં ગઈકાલે કિલોદીઠ રૂ. ૩૫૭૭નો તોતિંગ ઉછાળો આવ્યા બાદ આજે ઊંચા મથાળેથી સ્ટોકિસ્ટોની નફારૂપી વેચવાલીના દબાણ સામે નવી લેવાલીનો અભાવ ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારો તથા જ્વેલરી ઉત્પાદકોની માગ ખપપૂરતી રહેતાં વેરારહિત ધોરણે ભાવ ગઈકાલના બંધ સામે કિલોદીઠ રૂ. ૧૮૭૦ના ઘટાડા સાથે રૂ. ૧,૧૧,૯૯૭ની સપાટીએ રહ્યા હતા. વધુમાં આજે સોનામાં પણ ખાસ કરીને રૂપિયામાં ઘટ્યા મથાળેથી સુધારો જોવા મળ્યો હોવાથી આયાત પડતરો ઘટી આવતા વેરારહિત ધોરણે ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ગઈકાલના બંધ સામે ૧૦ ગ્રામદીઠ રૂ. ૩૮૫ ઘટીને રૂ. ૯૭,૫૨૪ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૩૮૭ ઘટીને રૂ. ૯૭,૯૧૬ના મથાળે રહ્યા હતા. જોકે, ઊંચા મથાળેથી સ્ટોકિસ્ટો અને રોકાણકારો ઉપરાંત જ્વેલરી ઉત્પાદકો અને રિટેલ સ્તરની માગ પણ શુષ્ક રહી હતી.

દરમિયાન આજે લંડન ખાતે સત્રના આરંભે વૈશ્વિક સ્તરે વેપારને લગતા તણાવને ધ્યાનમાં લેતા સોનામાં સલામતી માટેની માગ જળવાઈ રહેતાં હાજરમાં ભાવ ગઈકાલના બંધ સામે ૦.૬ ટકા વધીને ઔંસદીઠ ૩૩૬૧.૯૯ ડૉલર અને વાયદામાં ભાવ ૦.૪ ટકા વધીને ૩૩૭૧.૩૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. તેમ જ હાજરમાં ચાંદીના ભાવ ગઈકાલે એક તબક્કે વધીને ૧૪ વર્ષની ટોચેથી પાછા ફર્યા બાદ આજે પુનઃ ઘટ્યા મથાળેથી ૦.૪ ટકા વધીને ઔંસદીઠ ૩૮.૨૮ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

તાજેતરમાં સોનાને ટૅરિફનાં તણાવને ધ્યાનમાં લેતા સલામત અસ્ક્યામત તરીકેનાં સાધન તરીકેનો ટેકો મળી રહ્યો હોવાથી ઔંસદીઠ ૩૩૫૦ ડૉલરની સપાટી પાર કરી ગયા છે અને તેજી આગળ ધપી શકે તેમ હોવાનું કેસીએમ ટ્રેડનાં એનાલિસ્ટ ટીમ વૉટરરે જણાવતા ઉમેર્યું હતું કે હાલની સોનાની તેજીમાં ડૉલર અને અમેરિકી ટ્રેઝરીની યિલ્ડની મજબૂતી અવરોધક ન બને તો ભાવ ૩૪૦૦ ડૉલર સુધી પહોંચી શકે છે. ગત શનિવારે અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે ધમકી ઉચ્ચારી હતી કે જો ટ્રેડ ડીલ નહીં થાય તો આગામી પહેલી ઑગસ્ટથી મેક્સિકો અને યુરોપિયન યુનિયનથી થતી આયાત સામે ૩૦ ટકા ટૅરિફ લાદવામાં આવશે. અમેરિકી ફેડરલ રિઝર્વની આગામી નીતિવિષયક બેઠક ૨૯-૩૦ જુલાઈના રોજ યોજાનાર છે અને નીતિવિષયક નિર્ણયપર અસર કરનાર અમેરિકાના જૂન મહિનાના ફુગાવાની આજે મોડી સાંજે જાહેર થનાર હોવાથી રોકાણકારોની મીટ ફુગાવાના ડેટા પર મંડાયેલી છે.

# પેસેન્જર વાહનોનું વેચાણ ૧.૪ ટકા ઘટીને ૧૦.૧૧ લાખ યુનિટ

મુંબઈઃ સ્થાનિક પેસેન્જર વાહનોનું વેચાણ ચાલુ નાણાકીય વર્ષના પ્રથમ ક્વાર્ટરમાં ૧.૪ ટકા ઘટીને ૧૦,૧૧,૮૮૨ યુનિટ નોંધાયું છે, જે ગયા નાણાકીય વર્ષના સમાન ક્વાર્ટરમાં ૧૦,૨૬,૦૦૬ હતું, એમ સોસાયટી ઓફ ઇન્ડિયન ઓટોમોબાઇલ મેન્યુફેક્ચરર્સ (સિઆમ)એ મંગળવારે જણાવ્યું હતું.

એપ્રિલ-જૂન ક્વાર્ટર દરમિયાન કુલ ટુ-વ્હીલરનું વેચાણ પણ ૬.૨ ટકા ઘટીને ૪૬,૭૪,૫૬૨ યુનિટ થયું છે, જે એક વર્ષ અગાઉના વર્ષના સમાન ગાળામાં ૪૯,૮૫,૬૩૧ યુનિટ હતું. કમર્શિયલ વાહનનું વેચાણ ચાલુ નાણાકીય વર્ષના જૂન ક્વાર્ટરમાં નજીવું ૦.૬ ટકા ઘટીને ૨,૨૩,૨૧૫ યુનિટ થયું છે, જે ગયા નાણાકીય વર્ષના પ્રથમ ક્વાર્ટરમાં ૨,૨૪,૫૭૫ યુનિટ હતું. જોકે, નાણાકીય વર્ષ ૨૦૨૬ના પ્રથમ ક્વાર્ટરમાં થ્રી-વ્હીલર સેગમેન્ટમાં ૧,૬૫,૦૮૧ યુનિટ સામે ૦.૧ ટકાનો નજીવો વધારો થયો છે, જે ગયા નાણાકીય વર્ષના એપ્રિલ-જૂન સમયગાળામાં ૧,૬૫,૨૧૧ યુનિટ હતો, એમ સિઆમે અહીં એક મીડિયા બ્રીફિંગમાં જણાવ્યું હતું.

# ડાંગરના વાવેતર વિસ્તારમાં ૧૧ ટકાનો વધારો

નવી દિલ્હીઃ ગત જૂન મહિનાથી શરૂ થયેલી વર્તમાન ખરીફ મોસમમાં ગત ૧૧મી જુલાઈ સુધી દેશમાં ડાંગરનું વાવેતર ગત સાલના સમાનગાળાના ૧૧૧.૮૫ લાખ હેક્ટર સામે ૧૧ ટકા વધીને ૧૨૩.૬૮ લાખ હેક્ટરમાં થયું હોવાનું કૃષિ વિભાગે તાજેતરમાં સંકલિત કરેલી આંકડાકીય માહિતીમાં જણાવ્યું છે.

એકંદરે ડાંગરના વાવેતર વિસ્તારમાં વધારો થવાની સાથે ગત ૧૧મી જુલાઈ સુધીમાં કુલ ખરીફ વાવેતર વિસ્તાર ગત સાલના સમાનગાળાના ૫૬૦.૫૯ લાખ હેક્ટર સામે વધીને ૫૯૭.૮૬ લાખ હેક્ટર રહ્યો હોવાનું માહિતીમાં ઉમેર્યું હતું.

સમીક્ષા હેઠળના સમયગાળામાં કઠોળનો વાવેતર વિસ્તાર વધીને ૬૭.૦૯ લાખ હેક્ટર (૫૩.૩૯ લાખ હેક્ટર) રહ્યો હતો. આ ઉપરાંત જાડા અથવા તો કડ ધાન્ય અથવા તો શ્રી અન્નનો વાવેતર વિસ્તાર ગત સાલના સમાનગાળાના ૯૯.૭૮ લાખ હેક્ટર સામે વધીને ૧૧૬.૩૦ લાખ હેક્ટર રહ્યો હતો.

વધુમાં અખાદ્યાન્નની શ્રેણી અંતર્ગતના પાકમાં તેલીબિયાનો વાવેતર વિસ્તાર ગત સાલના સમાનગાળાના ૧૩૯.૮૨ લાખ હેક્ટર સામે ઘટીને ૧૩૭.૨૭ લાખ હેક્ટર, શેરડીનો વાવેતર વિસ્તાર ગત સાલના સમાનગાળાના ૫૪.૮૮ લાખ હેક્ટર સામે વધીને ૫૫.૧૬ લાખ હેક્ટર અને કપાસનો વાવેતર વિસ્તાર ગત સાલના સમાનગાળાના ૯૫.૨૨ લાખ હેક્ટર સામે ઘટીને ૯૨.૮૩ લાખ હેક્ટરની સપાટીએ રહ્યો હોવાનું આંકડાકીય માહિતીમાં ઉમેર્યું હતું.

# જૂન મહિનામાં વેપાર ખાધ ૧૮.૭૮ અબજ ડૉલરની સપાટીએ

નવી દિલ્હીઃ ગત જૂન મહિનામાં દેશની નિકાસ જૂન, ૨૦૨૪નાં ૩૫.૧૬ અબજ ડૉલર સામે સાધારણ ઘટાડા સાથે ૩૫.૧૪ અબજ ડૉલરની સપાટીએ રહી હતી, જ્યારે આયાત જૂન, ૨૦૨૪ની તુલનામાં ૩.૭૧ ટકાના ઘટાડા સાથે ૫૩.૯૨ અબજ ડૉલરની સપાટીએ રહેતાં વેપાર ખાધ ૧૮.૭૮ અબજ ડૉલરના સ્તરે રહી હોવાનું સરકારી આંકડાકીય માહિતીમાં જણાવ્યું છે. સરકારી આંકડાકીય માહિતી અનુસાર વર્તમાન નાણાકીય વર્ષનાં પહેલા ત્રિમાસિકગાળામાં અથવા તો ગત એપ્રિલથી જૂન દરમિયાન દેશની નિકાસ ગત સાલના સમાનગાળાની તુલનામાં ૧.૯૨ ટકા વધીને ૧૧૨.૧૭ અબજ ડૉલરના સ્તરે અને આયાત ૪.૨૪ ટકા વધીને ૧૭૯.૪૪ અબજ ડૉલરની સપાટીએ રહી હોવાનું જણાવાયું હતું.

# ડૉલર સામે રૂપિયો પાંચ પૈસા વધ્યો

મુંબઈઃ વૈશ્વિક વિનિમય બજારમાં ડૉલર ઈન્ડેક્સ તથા બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં જોવા મળેલા ઘટાડા ઉપરાંત સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં સુધારાતરફી વલણ રહ્યું હોવાથી આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો ઘટ્યા મથાળેથી પાંચ પૈસા વધીને ૮૫.૮૭ના મથાળે બંધ રહ્યો હતો. જોકે, ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં વધુ રૂ. ૧૪૧૪.૩૨ કરોડની ચોખ્ખી વેચવાલી રહી હોવાના અહેવાલને ધ્યાનમાં લેતા રૂપિયામાં સુધારો સીમિત રહ્યો હોવાનું ફોરેક્સ ટ્રેડરોએ જણાવ્યું હતું. અમેરિકા સાથે પ્રસ્તાવિત દ્વીપક્ષીય કરારની વાટાઘાટના બીજા રાઉન્ડ માટે ભારતીય વાણિજ્ય મંત્રાલયની ટીમ વૉશિંગ્ટન રવાના થઈ છે અને સોમવારથી ચાલુ હોવાના અહેવાલ છે અને વાટાઘાટ આગામી ગુરુવારે સમાપન થશે, એમ સૂત્રોએ ઉમેર્યું હતું. આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૮૫.૯૨ના બંધ સામે નરમાઈના અન્ડરટોને ૮૫.૯૭ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૫.૯૭ અને ઉપરમાં ૮૫.૭૫ની રેન્જમાં રહ્યા બાદ અંતે પાંચ પૈસાના સુધારા સાથે ૮૫.૮૭ના મથાળે બંધ રહ્યો હતો. આજે (બુધવારે) ડૉલર સામે રૂપિયો ૮૬ની સપાટીની ઉપર ખૂલે તેવી શક્યતાને ધ્યાનમાં લેતા રૂપિયાને વધુ ગબડતો અટકાવવા આજે શક્યતઃ રિઝર્વ બૅન્કનો ટેકો મળ્યો હોવાનું ફિનરેક્સ ટ્રેઝરી એડવાઈઝર્સના વિશ્લેષક અનિલ ભણસાલીએ જણાવતાં ઉમેર્યું હતું કે અમારા મતે આગામી સમયગાળા દરમિયાન ડૉલર સામે રૂપિયાની રેન્જ ૮૫.૫૦થી ૮૬.૧૦ આસપાસની જોવા મળે તેવી શક્યતા છે.


## પશ્ચિમ રેલવે

### સિગ્નલિંગ કામ

Sr.DSTE/નોર્થ/ મુંબઈ સેન્ટ્રલ ૨જો માળ, ડિવિઝનલ રેલવે, મેનેજરની ઓફિસ, મુંબઈ સેન્ટ્રલ, મુંબઈ-૮, ટેન્ડર નં. SG_૨૧૬_૨_૧૧૪_WA_ST, તા. ૧૪.૦૭.૨૦૨૫ મંગાવે છે. કામ અને સ્થળઃ મુંબઈ ડિવિઝનના વિરાર-સુરત સેક્શનના ADSTE / સુરતના અધિકારક્ષેત્ર હેઠળ ડિફેક્ટિવ/ઓવરેજેડ મિડલાઈફ સિગ્નલિંગ ગીયર્સની રિલેબીલીટી સુધારણા અને બદલીનું કામ સાથેના સંબંધમાં સિગ્નલિંગ આઈટમોની સપ્લાય, ઇન્સ્ટોલેશન, ટેસ્ટિંગ અને કમિશનિંગ. કામની અંદા. કિંમતઃ ₹ ૨,૩૩,૫૧,૬૬૧.૫૩. બારડીઃ ₹ ૨,૬૬,૮૦૦/-. સુપ્રતિની તારીખ & સમયઃ ૧૧.૦૮.૨૦૨૫, ૧૫.૦૦ ક. સુધી. ખોલવાની તારીખ & સમયઃ ૧૧.૦૮.૨૦૨૫ના ૧૫.૩૦ ક. વધુ વિગતો માટે કૃપયા કરીને અમારી વેબસાઈટ www.ireps.gov.in ની મુલાકાત લો. 0400

અમને લાઈક કરોઃ facebook.com/WesternRly



BRIHANMUMBAI MAHANAGARPALIKA

(લાઈસન્સિંગ અતિક્રમણ નાબૂદી વિભાગ, M/પૂર્વ વોર્ડ)

નં. ACME/OD/૨૪૪/En. Rem. તા. ૧૪-૦૭-૨૦૨૫

**હિતની અભિવ્યક્તિ જાહેરાત**

વિષયઃ- ૦૧.૦૮.૨૦૨૫ થી ૩૧.૦૧.૨૦૨૬ સુધીની મુદત માટે M/પૂર્વ વોર્ડમાં અતિક્રમણ નાબૂદી વાહનો પર બિન-સરકારી એજન્સી પાસેથી કામદારો લેવા અંગે,

બિન-સરકારી એજન્સીની પસંદગી માટે M/પૂર્વ વોર્ડમાં અતિક્રમણ નાબૂદી વાહન પર બિન-સરકારી એજન્સી પાસેથી કામદારો લેવા અંગે, M/પૂર્વ વોર્ડ ઓફિસના અધિકારક્ષેત્રમાં નોંધાયેલ અને સદર વાહન પર કામ કરવાનો અનુભવ ધરાવતા હોય અથવા અન્ય મ્યુનિસિપલ વિભાગમાં મજૂર સપ્લાય કરવાનો અનુભવ ધરાવતા ઈચ્છુક સ્થાનિક નોંધાયેલ બિન-સરકારી સંસ્થાએ, નોંધાયેલ શ્રમ સહકારી મંડળીઓ, સેવા સહકારી મંડળીઓ, રોજગાર સહકારી સંસ્થાઓ, ઔદ્યોગિક સેવા સહકારી સંસ્થાઓ વગેરે પાસેથી લોટરી સિસ્ટમ દ્વારા પસંદગી કરીને કામ કરવા માટે અને યોગ્યતા યાદી બનાવવા માટે અરજીઓ મંગાવે છે. સ. ૦૭.૦૦ ક. થી રા. ૧૦.૦૦ ક. (સવારની પાળી /સાંજની પાળી અથવા બ્રેક ડ્યુટી પણ) સુધી ૮ કલાક માટે દરેક દિવસ કામ કરવા માટે આવી પસંદ કરેલી એજન્સીમાંથી કુલ ૧૨ નં. કામદારોની જરૂર પડશે. અરજીનો પર્ફોમા ૧૬.૦૭.૨૦૨૫ થી ૨૩.૦૭.૨૦૨૫ સ. ૧૦.૩૦ ક. થી બ. ૦૧.૦૦ ક. (રવિવાર અને જાહેર રજા સિવાય) સુધી રોકડમાં (રીફંડ પાત્ર નથી) ઓફિસ અંદા. (એટલે કે રૂ. ૨૪૪૧/-) વત્તા ૧૮% GSTના રૂપિયાના ૦.૧૨ ટકા ચૂકવીને M/પૂર્વ વોર્ડ ઓફિસના બીજા માળે રૂમ નં. ૨૦૬ પર સિનિયર ઈન્સ્પેક્ટરની ઓફિસમાંથી (લાઈસન્સ અતિક્રમણ દૂર કરવા) મેળવી શકાય છે. અરજીઓ ૧૬.૦૭.૨૦૨૫ થી ૨૨.૦૭.૨૦૨૫ સુધી કામકાજના દિવસે સ. ૧૦.૩૦ થી સાં. ૫.૩૦ ક. સુધી (રવિવાર અને જાહેર રજા સિવાય) અને ૧૯.૦૭.૨૦૨૫ અને ૨૩.૦૭.૨૦૨૫ના સ. ૧૦.૩૦ થી બ. ૧.૦૦ ક. સુધી જ સુપ્રત કરી શકાશે. નિર્ધારિત સમયગાળા પછી પ્રાપ્ત અરજીઓ પર વિચાર કરવામાં આવશે નહીં.

માપદંડ મુજબ લાયક એજન્સીઓની યાદીમાંથી લોટરી સિસ્ટમ દ્વારા સફળ એજન્સીને કામની ફાળવણી સ્કીમના નિયમો અને શરતો અનુસાર M/પૂર્વ વોર્ડના આસીસ્ટન્ટ કમિશનર દ્વારા કરવામાં આવશે. ઉપરોક્ત માપદંડોને પૂર્ણ ન કરતા અરજદારોને કોઈપણ કારણ આપ્યા વિના ગેરલાયક ઠેરવવામાં આવશે.

આસીસ્ટન્ટ કમિશનર, M/પૂર્વ વોર્ડ પાસે લોટરી સિસ્ટમ પરિણામ પ્રક્રિયા રદ કરવાનો અધિકાર રહેશે.

અરજી સુપ્રત કરવાની છેલ્લી તારીખ ૨૩.૦૭.૨૦૨૫ બ. ૦૧.૦૦ ક. સુધી.

લોટરી ૨૩.૦૭.૨૦૨૫ના બ. ૦૩.૦૦ ક. ખૂલશે.

સહી/-
આસીસ્ટન્ટ કમિશનર M/પૂર્વ વોર્ડ

PRO/992/ADV./2025-26

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.



BRIHANMUMBAI MAHANAGARPALIKA

એંજીનીયરીંગ હબ બિલ્ડીંગ, ગ્રાઉન્ડ ફ્લોર, વરલી નાકા પાસે, ડૉ. ઈ. મોઝીસ રોડ, વરલી, મુંબઈ-૧૮

ક્ર. DyChEng/૨૮૦૩/૩૦૧૯/ટ્રાફિક, તા. ૧૪.૦૭.૨૦૨૫નો

**ઈ-ટેન્ડર નોટીસ**

બૃહન્મુંબઈ મહાનગરપાલિકાના કમિશનર નીચે જણાવેલા કામ માટે સીલબંધ ટેન્ડર મંગાવે છે.

| ક્ર. નં. | કામનું નામ | વૉર્ડ | અંદાજિત ખર્ચ રૂા.માં | બીડ નં. | કરાર સમય | બારડી રૂા. | ટેન્ડર ફી રૂા.માં |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | "A" વોર્ડમાં નગીનદાસ માસ્ટર લેન અને એશ લેન ખાતે ઓનસ્ટ્રીટ પે એન્ડ પાર્ક માટે ટેન્ડર. મહિલા બચત ગટ/ સંયુક્ત મહારાષ્ટ્ર ચળવળના શહીદોના કાયદેસર વારસદારો માટે કેટેગરી-B. | A | રૂા. ૨૨,૨૨,૮૮૦/- | ૨૦૨૫_MCGM_૧૧૯૮૨૧૩_૧ | ૨ વર્ષ | રૂા. ૪૪,૪૫૮/- | રૂા. ૩૬૩૦/- +૧૮% GST |
| ૨ | F ઉત્તર વોર્ડ મુંબઈમાં એન્ટોપ હીલ ખાતે માટુંગા વિભાગના C.S. નં. ૪/૩૫૬ અને સોલ્ટ પાન વિભાગના C.S. નં. ૨A/૧૧૬ અને ૪/૧૧૬ ધરાવતા પબ્લીક પાર્કીંગ લોટના સંચાલન જાળવણી અને વ્યવસ્થાપન માટે ઈ-ટેન્ડરનું આમંત્રણ. | F/ઉત્તર | રૂા. ૨,૯૦,૯૫,૭૪૦/- | ૨૦૨૫_MCGM_૧૧૯૬૨૮૭_૧ | ૫ વર્ષ | રૂા. ૫,૮૧,૯૧૫/- | રૂા. ૧૮,૧૫૦/- +૧૮% GST |

ઉપરોક્ત બીડ માટે, બીડ શરૂ તા. ૧૬.૦૭.૨૦૨૫

વધુ વિગતો માટે મહાટેન્ડર પોર્ટલ (http://mahatenders.gov.in) પર લોગ ઓન કરો.

સહી/-
Dy.Ch.E (ટ્રાફિક)

PRO/1014/ADV./2025-26

વૃક્ષો વાવો, વૃક્ષો બચાવો.



PUBLIC NOTICE પબ્લિક નોટીસ

BRIHANMUMBAI MAHANAGARPALIKA

હિન્દુ હૃદય સમ્રાટ બાળાસાહેબ ઠાકરે મેડિકલ કૉલેજ અને
ડૉ. આર. એન. કૂપર મ્યુનિસિપલ જનરલ હોસ્પિટલ, જુહુ, મુંબઈ-૪૦૦૦૫૬.
નં. એચઓ/૩૨૨૭/RNCH તા. ૧૫-૭-૨૦૨૫

**જનરલ નર્સીંગ એન્ડ મીડવાઈઝરી કોર્સ માટે જાહેરાત**

નીચે જણાવેલ મ્યુનિસિપલ હોસ્પિટલ્સને સંલગ્ન સ્કૂલ ઓફ નર્સીંગ ખાતે ૧-૮-૨૦૨૫થી શરૂ થનાર જનરલ નર્સીંગ અને મીડવાઈઝરી કોર્સમાં ટ્રેનિંગ કરવા માટે મહિલા ઉમેદવારો પાસેથી નિયત પત્રકમાં અરજીઓ મંગાવવામાં આવે છે. કૃપયા નોંધ લેવી કે એડમિશન પ્રક્રિયા અને ટાઈમ શેડ્યુલ અંગેની માહિતી ૧૬-૭-૨૦૨૫થી **GNM નર્સીંગ એડમિશન 2025-2026** ટાઈટલ હેઠળ ઓનલાઈન સર્વિસ ડોમેન ખાતે **https://portal.mcgm.gov.in** ઉપર પ્રદર્શિત કરાશે. ન્યૂઝ પેપર જાહેરાત તા. ૧૬-૭-૨૦૨૫. **ઓનલાઈન એડમિશન ફોર્મ ભરવાની તા. ૧૭-૭-૨૦૨૫થી ૨૭-૭-૨૦૨૫**

૧) ડૉ. R. N. કૂપર હૉસ્પિટલ, જુહુ વિલેપાર્લા, મુંબઈ-૫૬
૨) શ્રી હરિલાલ ભગવતી હૉસ્પિટલ, બોરીવલી, મુંબઈ-૧૦૩
૩) K.E.M. હૉસ્પિટલ, પરેલ, મુંબઈ-૧૨
૪) B.Y.L. નાયર ચેરી. હૉસ્પિટલ, મું. સેન્ટ્રલ, મુંબઈ-૮
૫) L.T.M.G. હૉસ્પિટલ, સાયન, મુંબઈ-૨૨

પસંદ કરાયેલ ઉમેદવારોએ જનરલ નર્સિંગના ફૂલ કોર્સ કમ્યુનિટી હેલ્થ એન્ડ મીડવાઈઝરી & ઈન્ટરશિપ સહિત ૩ વર્ષની મુદત માટે કરવાનો રહેશે. (કોર્સ ડ્યુરેશન અને સીલેબસ ઈન્ડિયન નર્સીંગ કાઉન્સિલ અને મહારાષ્ટ્ર નર્સીંગ કાઉન્સિલ રીઝોલ્યુશન્સને આધીન ફેરફાર થઈ શકે છે.)

મહિલા ઉમેદવારોએ સંબંધિત હોસ્પિટલને સંલગ્ન નર્સીસ હોસ્ટેલમાં રહેવાનું ફરજિયાત છે.

**સ્ટાયપંડઃ-** રૂ. ૧૦૦-૧૦-૧૨૦ વત્તા રૂ. ૬૮૦/- U.A. વત્તા રૂ. ૩૦૦/- W.A. દર માસ વત્તા ફ્રી હોસ્ટેલ એકોમોડેશન વત્તા ફ્રી મેસીંગ.

**લાયકાતઃ**

(૧) ઉમેદવારોએ મહારાષ્ટ્ર સ્ટેટ બોર્ડ ઓફ હાયર સેકન્ડરી એજ્યુકેશનનો હાયર સેકન્ડરી સ્કૂલ સર્ટીફીકેટ પરીક્ષા (૧૦+૨) અથવા સમકક્ષ પરીક્ષા વધુ કરી વિજ્ઞાન વિષય (P.C.B.) સાથે મહારાષ્ટ્ર રાજ્યમાં કોઈ પણ ઈન્સ્ટિટ્યૂશનમાંથી પાસ કરેલ હોવી જરૂરી છે અને આ પરીક્ષામાં લઘુતમ ૪૦% માર્ક્સ મેળવેલ હોવા જોઈશે.

(એ) જો ઉપરોક્ત જરૂરી પાત્રતાવાળા ઉમેદવારો પૂરતી સંખ્યામાં ઉપલબ્ધ નહીં થાય તો ઉમેદવારોએ જેમણે મહારાષ્ટ્ર સ્ટેટ બોર્ડ ઓફ હાયર સેકન્ડરી એજ્યુકેશનની XII ધોરણ (૧૦+૨) પરીક્ષા કોઈ પણ વિષયમાં અને/કે આર્ટ સ્ટ્રીમમાં અને ત્યાર પછી કોમર્સ સ્ટ્રીમમાં પાસ કરેલ હશે અને લઘુતમ ૪૦% તથા અનામત કેટેગરી માટે લઘુતમ ૩૫% માર્ક્સ મેળવેલ હશે તેમની વિચારણા કરવામાં આવશે.

(૨) ઉપલબ્ધ સીટોના ૫% એવા ઉમેદવારો માટે અનામત છે જેઓએ ઓક્ઝીલીઅરી નર્સ મિડવાઈઝરી (AVM) કોર્સ પાસ કરેલ હોઈ, કોર્સ માટે દર્શાવેલ અન્ય તમામ શરતો સંતોષતા અને તેઓએ જરૂરી શરતો (૧૦+૨) ધરાવતા હોવા જોઈશે. આ અનામત સીટો પર ડેપ્યુટેડ ઈન-સર્વિસ ઉમેદવારો કોઈ પણ પ્રકારના સ્ટાયપેન્ડ માટે હક્કદાર રહેશે નહીં. જોકે કોઈ પણ જગ્યાએ કામ ન કરતા ઉમેદવારે મુકરર પ્રોફોર્મામાં તે બાબતમાં જરૂરી નિવેદનની સુપ્રતિને આધિન સ્ટાયપેન્ડ માટે લાયક રહેશે. આ વેકેન્સીસ માટે જો આવા ઉમેદવારો ઉપલબ્ધ નહીં થાય તો બાકીની સીટ્સમાં ઉમેરવામાં આવશે.

(૩) ૫% સીટો દિવ્યાંગજન ઉમેદવારો માટે અનામત છે. જો જરૂરી સંખ્યા માટે આવા ઉમેદવારો ઉપલબ્ધ નહીં થાય તો ખાલી જગ્યા અન્ય કેટેગરી દ્વારા ભરવામાં આવશે.

(૪) ઉમેદવારોએ સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર બોર્ડ ઓફ હાયર સેકન્ડરીમાં ૧૦મા અને ૧૨મા ધોરણની પરીક્ષા અથવા સમકક્ષ પરીક્ષાઓ પાસ કરી હોવી જોઈશે.

(૫) ઉમેદવારોએ મહારાષ્ટ્ર સ્ટેટ બોર્ડ ઓફ હાયર સેકન્ડરી એજ્યુકેશન (હાયર સ્ટાન્ડર્ડ/ લોઅર સ્ટાન્ડર્ડ)ના ૧૦મા કે ૧૨મા ધોરણ (૧૦+૨)માં ૫૦ માર્ક્સ સાથે સબ્જેક્ટ પેપરના એક તરીકે મરાઠી સાથે પાસ કરી હોવી જોઈશે. તેણી કડકડાટ રીતે મરાઠી વાંચી, લખી અને બોલી શકવા માટે સક્ષમ હોવી જોઈશે.

(૬) સીટોની સંખ્યામાં ફેરફાર થઈ શકે છે.

**વયમર્યાદાઃ** ૧૭ થી ૩૫ વર્ષ વચ્ચે ૩૧.૦૭.૨૦૨૫ના મુજબ ફક્ત ૦૧.૦૮.૧૯૯૦ થી ૩૧.૦૭.૨૦૦૮ વચ્ચે જન્મેલા ઉમેદવારો લાયક છે.

**કાઉન્સેલિંગઃ** ઉમેદવારોએ તેના પોતાના ખર્ચે કાઉન્સેલિંગ માટે તમામ આવશ્યક અસલ દસ્તાવેજો, ઓનલાઈન અરજીપત્ર પ્રીન્ટ અને પેમેન્ટ રસીદ સાથે હાજર રહેવાનું રહેશે. કાઉન્સેલીંગ માટે પસંદ કરાયેલ લાયક ઉમેદવારોની યાદી અને કાઉન્સેલીંગ માટે તારીખ અને સમય MCGM વેબસાઈટ પર પ્રદર્શિત કરાશે. કાઉન્સેલીંગમાં હાજર રહેવા માટે ઉમેદવારોને વ્યક્તિગત કોલ લેટર્સ મોકલાશે નહીં. કાઉન્સેલીંગ ડો. R. N. કૂપર હોસ્પિટલ, જુહુ ખાતે યોજાશે.

**સર્વિસ કંડિશન્સઃ** પસંદ થયેલા ઉમેદવારો સ્ટુડન્ટ નર્સીસ માટેના રૂલ્સ અને રેગ્યુલેશન્સ અને મ્યુનિસિપલ કોર્પોરેશન રૂલ્સ ઓફ કન્ડકટ એન્ડ ડિસિપ્લિનરી દ્વારા બાધિત રહેશે.

એક વખત દાખલ થયેલ ઉમેદવારને કોર્સ છોડી દેવાની પરવાનગી નથી જો તે દંડના રૂા. ૧૧,૮૨૨/- ચૂકવે નહીં તો.

(એ) સ્ટુડન્ટ નર્સિસના એડમિશન માટે સીટોની
કુલ સંખ્યાઃ- ૩૫૦

(બી) ઉમેદવારો માટેનું આરક્ષણ સરકારની માર્ગદર્શક સૂચનાઓ મુજબ નીચે મુજબ રહેશેઃ-

| કેટેગરી | SC | ST | VJ(એ) | NT(બી) | NT(સી) | NT(ડી) | SBC | OBC | SEBC | EWS | ઓપન |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| રીઝર્વેશન | ૧૩% | ૭% | ૩% | ૨.૫% | ૩.૫% | ૨% | ૨% | ૧૯% | ૧૦% | ૧૦% | ૨૮% |
| આરક્ષિત સીટ | ૪૫ | ૨૪ | ૧૧ | ૯ | ૧૨ | ૭ | ૭ | ૬૭ | ૩૫ | ૩૫ | ૯૮ |

સરકારી નિર્દેશન મુજબ ૧) રીઝર્વ કેટેગરીસના ઉમેદવારોએ કાસ્ટ સર્ટિફિકેટ અને કાસ્ટ વેલિડિટી સર્ટિફિકેટ રજૂ કરવાના રહેશે. (૨) ''નોન ક્રીમી લેયર'' સર્ટિફિકેટ VJ(A), NT(B), NT(C), NT(D), સ્પેસિઅલ B.C., O.B.C. / EWS કેટેગરીસ ઉમેદવારોને લાગુ પડે છે અને આવા ઉમેદવારોએ અરજીપત્રક સાથે કોમ્પીટંટ ઓથોરિટી પાસેથી છેલ્લામાં છેલ્લું અદ્યતન નોન ક્રીમી લેયર સર્ટિફિકેટ રજૂ કરવાનું રહેશે. (૨૦૨૪-૨૦૨૫નું)

VJ(A), NT(B), NT(C), NT(D), સંબંધીત અનામત ઈન્ટરચેન્જેબલ છે. જો લાયક ઉમેદવારો કોઈપણ અનામત કેટેગરીમાંથી ઉપલબ્ધ નહીં થાય, તે કેટેગરીસમાંથી વધારાની સીટો મેરીટ પર અન્ય અનામત કેટેગરીસને ઓફર કરવામાં આવશે. તેમ છતાં જો લાયક ઉમેદવારો ઉપલબ્ધ નહીં થાય તો ઉમેદવારો મેરીટ પર ઓપન કેટેગરીસમાંથી લેવામાં આવશે.

અરજીપત્ર MCGM વેબસાઈટ પરથી ઉપલબ્ધ થશે જે આરક્ષિત કેટેગરી માટે દરેક રૂા. ૪૮૫/- (સહિત + GST ૧૮%) અને જનરલ કેટેગરી માટે દરેક રૂા. ૭૨૭/-(સહિત + GST ૧૮%)ની ચૂકવણી કરવા પર ઉપલબ્ધ થશે. ઉમેદવારો માટે ફરજિયાત છે કે વેબસાઈટ પર MCGM દ્વારા સમય સમયે જોગવાઈ કરાયેલ ઓનલાઈન નોટીફીકેશનો ફોલો કરે. જોગવાઈ કરાયેલ માર્ગદર્શિકા મુજબ ફોર્મની પૂર્ણતા અંગેની સંપૂર્ણ જવાબદારી ઉમેદવારની રહેશે. પ્રવેશ પ્રક્રિયા અંગેનું વિગતવાર માહિતીનું બ્રોશર MCGM વેબસાઈટ પરથી મળશે.

**વિશેષ નોંધઃ**

જો અરજીઓ નિયત ફોર્મેટમાં નહીં હોય, અધૂરા ફોર્મેટમાં હશે તેમજ સુપ્રતિની પાકતી તારીખ બાદ મળેલ હશે તેની વિચારણા થશે નહીં.

જનરલ નર્સીંગ કોર્સની મુદત અને સીલેબસ ઈન્ડીયન નર્સીંગ કાઉન્સીલ અને મહારાષ્ટ્ર સ્ટેટ બોર્ડ ઓફ નર્સીંગ એન્ડ પેરામેડીકલ એજ્યુકેશન નોર્મ્સ મુજબ ફેરફાર થઈ શકશે.

સહી/- **પ્રિન્સીપાલ** ડૉ. R.N. કૂપર હોસ્પિટલ, જુહુ

સહી/- મેટ્રન ડૉ. R.N. કૂપર હોસ્પિટલ, જુહુ

સહી/- મેડીકલ સુપ્રિન્ટેન્ડેન્ટ H.B.T. મેડીકલ કોલેજ & ડૉ. R.N. કૂપર હોસ્પિટલ, જુહુ

સહી/- ડીન H.B.T. મેડીકલ કોલેજ & ડૉ. R.N. કૂપર હોસ્પિટલ, જુહુ

PRO/1017/ADV./2025-26

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.




મુંબઈ સમાચાર
ફોન નં. ૨૨૦૪૫૫૩૧-૩૩
રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, હોર્નિમન સર્કલ, ફોર્ટ, મુંબઈ-૪૦૦૦૦૧.

ધ દાંગટ ન્યૂઝપેપર એજન્સી
ગ્રાઉન્ડ ફ્લોર, દાંગટ સદન, ૬૩, મોદી સ્ટ્રીટ, ફોર્ટ, મુંબઈ-૪૦૦૦૦૧.
ફોનઃ (૦૨૨) ૪૩૪૪૭૭૭૭, ફેક્ષઃ (૦૨૨) ૨૨૬૯૧૨૩૬


**મહારાષ્ટ્રના રાજકારણમાં ફરી ઊથલપાથલના સંકેત?**

# ઉદ્ધવ ઠાકરે અને ભાજપના દરેકર વચ્ચે મૈત્રીપૂર્ણ વાતચીત, હાથ મિલાવવાની ઓફર

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ મહારાષ્ટ્ર વિધાનસભામાં ઉદ્ધવ ઠાકરે અને ભાજપના વિધાન પરિષદના જૂથનેતા અને દેવેન્દ્ર ફડણવીસના અત્યંત નજીકના માનવામાં આવતા પ્રવીણ દરેકર વચ્ચે હળવા વાતાવરણમાં થયેલી વાતચીતને કારણે રાજકીય ગલિયારાઓમાં જૂના સાથીદારો ફરી એક સાથે આવવાની ચર્ચા વધુ તીવ્ર બની છે. દરેકરે પોતાને બાળ ઠાકરેના સાચા શિવસૈનિક ગણાવ્યા હતા, જેના જવાબમાં ઉદ્ધવ ઠાકરેએ કહ્યું હતું કે 'જો તમે મરાઠી લોકો માટે પ્રામાણિકપણે કામ કરવા માંગતા હો, તો શિવસેનામાં પાછા ફરો.'

મહારાષ્ટ્રના રાજકારણમાં દરેક જગ્યાએ કડવાશ અને આરોપો અને પ્રતિ-આરોપો ચાલી રહ્યા છે, પરંતુ વિધાનસભા પરિસરમાં એક હળવી અને મૈત્રીપૂર્ણ ક્ષણ જોવા મળી હતી. વિધાનસભાનું ચોમાસુ સત્ર ચાલી રહ્યું છે ત્યારે દરમિયાન શિવસેના (યુબીટી)ના વડા ઉદ્ધવ ઠાકરે અને ભાજપના પ્રવીણ દરેકર વચ્ચે થયેલી વાતચીતે બધાનું ધ્યાન ખેંચ્યુ હતું. એક સમયે શિવસેનામાં રહેલા દરેકરે પોતાને બાળ ઠાકરેના '૧૦૦ ટકા સાચા શિવસૈનિક' ગણાવ્યા હતા, જેના પર ઉદ્ધવે તેમને 'પાછા ફરવા'નું આમંત્રણ આપ્યું હતું.

આ બેઠક વિધાનભવનમાં થઈ હતી જ્યારે પ્રવીણ દરેકર ઉદ્ધવ ઠાકરેને સમિતિનો અહેવાલ સુપરત કરવા પહોંચ્યા હતા. આ અહેવાલ સ્વ-પુનઃવિકાસ પ્રોજેક્ટ પર આધારિત હતો. આ દરમિયાન વાતચીત શરૂ થઈ અને ટૂંક સમયમાં તે અનૌપચારિક અને મજાક-મસ્તીમાં ફેરવાઈ ગઈ.

(જુઓ પાનું ૪) ▶▶

'ચાર આરડીએક્સ આઇઈડી પ્લાન્ટ કર્યા છે'

# બીએસઇ બિલ્ડિંગને બોમ્બથી ફૂંકી મારવાની ધમકી

## દક્ષિણ ભારતના રાજકીય નેતાના નામનો ઉલ્લેખ કરતા આઇડી પરથી મોકલાયો ઇમેઇલ

મુંબઈઃ દક્ષિણ મુંબઈમાં બોમ્બ સ્ટોક એક્સચેન્જ (બીએસઇ) બિલ્ડિંગને બોમ્બથી ફૂંકી મારવાની ધમકી આપતો ઇ-મેઇલ મળતાં ખળભળાટ મચી ગયો હતો. દક્ષિણ ભારતના રાજકીય નેતાના નામનો ઉલ્લેખ કરતા ઇમેઇલ આઇડી પરથી મોકલવામાં આવેલા ઇ-મેઇલમાં બીએસઇ બિલ્ડિંગમાં ચાર આરડીએક્સ આઇઇડી પ્લાન્ટ કર્યા હોવાનું જણાવાયું હતું. પોલીસ ટીમ અને બોમ્બ સ્કવૉડે ઘટનાસ્થળે સઘન તપાસ કરી હતી, પણ કોઇ શંકાસ્પદ વસ્તુ મળી આવી નહોતી. એમઆરએ માર્ગ

(જુઓ પાનું ૪) ▶▶

# ૩૧,૯૫૫ કરોડના પમ્પ્ડ હાઇડ્રોપાવર પ્રોજેક્ટ્સ

## એમઓયુ પર હસ્તાક્ષર કર્યા, ૬,૪૫૦ મેગાવોટ વીજળી અને ૧૫,૦૦૦ નોકરીઓ તૈયાર થશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્ર સરકારે મંગળવારે ખાનગી કંપનીઓ સાથે ૩૧,૯૫૫ કરોડ રૂપિયાના રોકાણ સાથે પમ્પ્ડ સ્ટોરેજ હાઇડ્રોઇલેક્ટ્રિક પ્રોજેક્ટ્સ (પીએસપી) વિકસાવવા માટે ચાર સમજૂતી કરાર (એમઓયુ) પર હસ્તાક્ષર કર્યા હતા, જેના દ્વારા ૬,૪૫૦ મેગાવોટ વીજળી અને ૧૫,૦૦૦ નોકરીઓનું રાજ્યમાં ઉપલબ્ધ થશે. મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસની હાજરીમાં અહીંના રાજ્ય વિધાન ભવનમાં આ એમઓયુ પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. આ

(જુઓ પાનું ૪) ▶▶

# મુંબઈમાં સવારે ધોધમાર વરસાદ, સાંજે જોર ઘટ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈમાં મંગળવારે સવારના ૧૧ વાગ્યાથી બપોરના એક વાગ્યા સુધીમાં ધોધમાર વરસાદ પડ્યો હતો. હજી એક દિવસ પહેલા જ મંગળવાર માટે ગ્રીન અલર્ટ આપીને હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી હતી પણ મંગળવારે સવારના અચાકન ભારે પવન ફૂંકાવાની સાથે જ ભારેથી અતિભારે વરસાદ પડ્યો હતો અને હવામાન વિભાગે ગ્રીન અલર્ટને ઓરેન્જ અલર્ટમાં અપગ્રેડ કરી નાખી હતી.

મંગળવાર સવારના અચાનક આવી પડેલા ભારે વરસાદને કારણે મુંબઈના અનેક નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા હતા. રસ્તાઓ પર પાણી ભરાઈ જવાને કારણે ઠેર ઠેર ટ્રાફિકની સમસ્યા સર્જાઈ હતી. તો મુંબઈની લોકલ ટ્રેનોને પણ વરસાદને કારણે ફટકો પડયો હતો.

મંગળવારે સવારના હવામાન વિભાગ દ્વારા જાહેર કરવામાં આવેલી ચેતવણીમાં ત્રણ કલાક માટે રેડ એલર્ટ આપવામાં આવ્યું હતું, જેમાં ભારે વરસાદનો સંકેત આપવામાં આવ્યો હતો. મંગળવારે સવારે ૧૧ વાગ્યાથી બપોરના એક વાગ્યા સુધી માત્ર બે કલાકમાં ભારે વરસાદને કારણે શહેરના અનેક વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા બાદ આ ચેતવણી જાહેર કરવામાં આવી હતી.

સવારના બે કલાકના સમયમાં મુંબઈના પૂર્વ ઉપનગરના વિક્રોલીમાં ૬૦ મિ.મી, પવઈ ને ઘાટકોપરમાં ૬૮ મિ.મી., માનખુર્દમાં ૫૧ મિ.મી. અને ગોવંડીમાં ૬૧ મિ.મી. વરસાદ નોંધાયો હતો.

મંગળવારે સવારના ૮.૩૦ વાગે પૂરા થયેલા ૧૨ કલાકમાં કોલાબામાં ૪.૪ મિ.મી. અને સાંતાક્રુઝમાં ૫૪.૨ મિ.મી. વરસાદ નોંધાયો હતો. હવામાન વિભાગના ઉચ્ચ અધિકારી શુભાંગી ભુતેએ જણાવ્યું હતું કે મધ્યપ્રદેશ પર લો પ્રેશર સર્જાયુ હોવાને કારણે કોંકણ પ્રદેશ પર પવનની ગતિ વધી છે, જેને કારણે મુંબઈ સહિત થાણે અને કોંકણપટ્ટીના વિસ્તારમાં ભારે વરસાદ પડયો હતો. ■

# મલેરિયા, ડેન્ગ્યૂ અને ચિકનગુનિયાના કેસમાં વધારો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈમાં આ વર્ષે મે મહિનામાં જ ચોમાસાનું આગમન થવાને કારણે ગયા વર્ષની સરખામણીમાં આ વર્ષે મલેરિયા, ડેન્ગ્યૂ અને ચિકનગુનિયા જેવી બીમારીના કેસમાં વધારો નોંધાયો છે.

ગયા વર્ષે જાન્યુઆરીથી જુલાઈ સુધીના છ મહિનામાં મલેરિયાના ૨,૮૫૨ કેસ સામે આ વર્ષે જાન્યુઆરીથી ૧૫ જુલાઈ સુધીના સમયગાળામાં ૩,૪૯૦ કેસ નોંધાયા છે. ગયા વર્ષે આ સમયગાળામાં ડેન્ગ્યૂના ૯૬૬ કેસ સામે આ વર્ષે ૭૩૪, ચિકનગુનિયાના ૪૬ સામે આ વર્ષે ૧૭૯ કેસ નોંધાયા છે. તો લેપ્ટોના ગયા વર્ષે જાન્યુઆરીથી જુલાઈ સુધીમાં ૨૮૧, ગૅસ્ટ્રોના ૫,૪૩૯, હેપેટાઈટિસના ૪૯૩ અને કોવિડના ૧,૬૪૬ કેસ નોંધાયા હતા. તેની

સામે આ વર્ષે આ સમયગાળામાં લેપ્ટોના ૧૩૬, ગૅસ્ટ્રોના ૪,૮૩૧, હેપેટાઈટિસના ૪૭૭ અને કોવિડના ૧,૦૪૯ કેસ નોંધાયા છે.

જુલાઈ મહિનામાં 'ઝીરો મોસ્ક્યુટો બ્રિડીંગ કૅમ્પેઈનને મલમાં મૂકવામાં આવ્યું હતું. આ દરમ્યાન પાલિકાના આરોગ્ય ખાતા દ્વારા પહેલી

(જુઓ પાનું ૪) ▶▶

# ટ્રેન સેવાઓ ખોરવાઈઃ લોકલ ૫૦ મિનિટ મોડી પડી

મુંબઈઃ મુંબઈ મહાનગરમાં સોમવારે સાંજથી શરૂ થયેલા વરસાદે મંગળવારે જોર પકડ્યું હતું જેની માઠી અસર ઉપનગરીય સેવાઓ પર પડી હતી. સવારથી મુંબઈ શહેર અને ઉપનગરોમાં પડી રહેલા ભારે વરસાદને કારણે ઓફિસ જતા લોકોને મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો. વરસાદને કારણે વિઝિબિલિટી ઓછી થવાને કારણે લોકલ ટ્રેનોની ગતિ ધીમી પડી ગઈ હતી. મધ્ય રેલવે પર લોકલ ટ્રેનો નિર્ધારિત સમય કરતાં ૩૦ થી ૪૦ મિનિટ મોડી દોડી રહી હતી,આ કારણે મુસાફરોને ઓફિસ પહોંચવામાં ભારે વિલંબ થયો હતો.

પશ્ચિમ રેલવે પર લોકલ સેવાઓ ૧૦ થી ૧૫ મિનિટ મોડી દોડી રહી હતી. ■


॥ શ્રી ભોમિયા દાદાય નમઃ ॥
શ્રી શિખરજી મહાયાત્રા બારેમાસ
૨ હોય, ૧૨ હોય કે ૧૨૦૦ ....
અયોધ્યાઃ ૬૬ કલ્યાણક ભૂમિઓની યાત્રા
મોનસૂન કેરલા | સાઉથ | વિયેતનામ | શ્રીલંકા | રોયલ નેપાલ | ભૂતાન | દુબઈ | કેન્યા
Pioneer in Modern Pilgrimage Tours
TAN MAN TOUR & TRAVELS
022-25903514/ 15/ 16 /
95945 60708, 93233 60708
Email : tanmantour@gmail.com

આનંદ ગ્રુપ ચેમ્બુર
❒ શુટીંગ ❒ શર્ટીંગ્સ ❒ જેન્ટ્સ વેઅરના
શો રૂમમાં મોટી સંખ્યામાં સ્ટાફ જોઈએ છે.
પગાર : રૂા. 20,000 થી રૂા. 50,000 + કમીશન
• કામકાજનો સમય : ૧૦.૩૦ થી ૯.૦૦
• સોમવારે બંધ
• કાયમી નોકરી • રહેવાની સગવડ
તા.ક. નવી ભરતી પણ ચાલુ છે.
પગાર ધોરણ : રૂા. 15,000
મળો : માવજી પી. ગાલા
મો. 8080702040
આનંદ શો રૂમ
રેલ્વે સ્ટેશનની સામે, રોડ નં.૧, ચેમ્બુર (ઈસ્ટ), મુંબઈ-૭૧.

PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in CANADA, UK, USA & WORLD WIDE including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with SPECIAL rates.
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"


# બાળકોના અપહરણ માટે ફરતી શંકાસ્પદ કારથી પાલઘરમાં દહેશત

## પોલીસ બ્લૅક સ્કોર્પિયોની શોધમાં લાગીઃ બાળકોને શાળામાં એકલા આવ-જા ન કરવાની પોલીસની સૂચના

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ પાલઘર જિલ્લાના દહાણુ નજીક શાળામાંથી છૂટેલા બાળકોનું બ્લૅક સ્કોર્પિયોમાં અપહરણનો પ્રયાસ કરાયાની માહિતીને પોલીસે ગંભીરતાથી લઈ દરેક પોલીસ સ્ટેશનનોને અલર્ટ કરી દીધાં છે. અપહરણના પ્રયાસનો મેસેજ સોશ્યલ મીડિયા પર ઝડપભેર ફેલાઈ રહ્યો હોવાથી વાલીઓમાં ડરનો માહોલ ઊભો થયો છે. દહાણુ સહિત અન્ય વિસ્તારોમાંથી પણ આ પ્રકારની માહિતી મળી રહી હોવાથી પોલીસ શંકાસ્પદ કારની શોધમાં લાગી છે અને બાળકોને શાળામાં એકલા આવ-જા ન કરવાની સૂચના આપવામાં આવી છે.

પાલઘર જિલ્લાના સુપરિન્ટેન્ડેન્ટ ઑફ પોલીસ યતીશ દેશમુખે વૉટ્સઍપ પર એક વીડિયો પોસ્ટ કર્યો છે, જેમાં નાગરિકોને સતર્ક રહેવાની વિનંતી કરાઈ છે. શંકાસ્પદ બ્લૅક સ્કોર્પિયો કે શંકાસ્પદ વ્યક્તિ નજરે પડે તો તાત્કાલિક નજીકના પોલીસ સ્ટેશન અથવા ૧૧૨ નંબર પર પોલીસ કન્ટ્રોલ રૂમનો સંપર્ક સાધવાનું દેશમુખે વીડિયોમાં જણાવ્યું છે. પોલીસના જણાવ્યા મુજબ સોશ્યલ મીડિયા પર મેસેજ વાયરલ

(જુઓ પાનું ૪) ▶▶

# બિસ્કિટ અને ચૉકલેટનાં બૉક્સમાંથી કોકેન જપ્તઃ દોહાથી આવેલી મહિલાની ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈના છત્રપતિ શિવાજી મહારાજ ઈન્ટરનૅશનલ ઍરપોર્ટ પર દોહાથી આવેલી મહિલાની ધરપકડ કરી ડિરેક્ટરેટ ઑફ રેવેન્યૂ ઈન્ટલિજન્સે (ડીઆરઆઈ) અંદાજે ૬૨ કરોડ રૂપિયાનું કોકેન જપ્ત કર્યું હતું. પાલઘર જિલ્લામાં રહેતી આરોપી મહિલાએ ડ્રગ્સ ભરેલી ૩૦૦ કૅપ્સ્યૂલ્સ બિસ્કિટ અને ચૉકલેટનાં બૉક્સમાં સંતાડી હતી.

ડીઆરઆઈએ પકડી પાડેલી મહિલાની ઓળખ પૂજા લવપ્રીત લાલ (૪૨) તરીકે થઈ હતી. પાલઘરના જુચંદ્ર ખાતે રહેતી પૂજા સોમવારના મળસકે ત્રણ વાગ્યાની

(જુઓ પાનું ૪) ▶▶

# વિધાનસભામાં શિવસેના (યુબીટી)ના વિધાનસભ્યો અને પ્રધાન શંભુરાજ દેસાઈ આમને-સામને

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ બાંદ્રામાં સંરક્ષણ ખાતાની જમીન પરના અતિક્રમણ દૂર કરવા અને ઝૂંપડપટ્ટીમાં રહેતા લોકોના પુનર્વસન માટે કેન્દ્ર સરકારની મંજૂરી મેળવવામાં 'વિલંબ' પર શિવસેના (યુબીટી)ના વિધાનસભ્યો અને મહારાષ્ટ્રના શિંદે સેનાના પ્રધાન શંભુરાજ દેસાઈ વચ્ચે મંગળવારે વિધાનસભામાં સામ સામી બોલાચાલી અને ધમાલ થઈ હતી.

બાંદ્રા પૂર્વના શિવસેના (યુબીટી)ના વિધાનસભ્ય વરુણ સરદેસાઈ જણાવ્યું હતું કે તેમના મતવિસ્તારમાં ૪૨ એકર સંરક્ષણ વિભાગની જમીન પર ૯,૪૮૩ ઝૂંપડીઓનો પુનર્વિકાસ અટકી ગયો છે કારણ કે કેન્દ્ર સરકારે આ જમીન રાજ્ય સરકારને

(જુઓ પાનું ૪) ▶▶

# મુલુંડમાં શનિવારે ૧૨ કલાક પાણીપુરવઠો બંધ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુલુંડ (પશ્ચિમ)માં વીણા નગરમાં નવી પાઈપલાઈનનું જોડાણનું કામ હાથ ધરવામાં આવવાનું હોવાથી શનિવારે ૧૨ કલાક માટે પાણીપુરવઠો બંધ રહેશે. તેથી નાગરિકોને આ સમય દરમ્યાન પાણી સંભાળીને વાપરવાની અપીલ કરવામાં આવી છે.

મુલુંડમાં વીણા નગરમાં યોગી હિલ રોડ પર પ્રસ્તાવિત ડેવલપમેન્ટ પ્લાનિંગ (ડીપી) રોડ પર ૬૦૦ મિલીમીટર વ્યાસની પાઈપલાઈનનું જોડાણનું કામ પ્રસ્તાવિત છે. શનિવાર ૧૯ જુલાઈ, ૨૦૨૫ના રોજ સવારના ૧૦ વાગ્યાથી રાતના ૧૦ વાગ્યા સુધીના ૧૨ કલાકના

(જુઓ પાનું ૪) ▶▶

# મુંબઈમાં શોરૂમ સાથે ભારતમાં ટેસ્લાની એન્ટ્રી

## મહારાષ્ટ્રને પાર્ટનર બનાવવા ફડણવીસની રજૂઆત

મુંબઈઃઅમેરિકા સ્થિત ઇલેક્ટ્રિક વ્હીકલ (ઇવી) ઉત્પાદક ટેસ્લાએ મંગળવારે મુંબઈમાં પોતાનો પ્રથમ શોરૂમ ખોલીને ભારતમાં એન્ટ્રી લઈ લીધી છે. મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે એલોન મસ્કની આગેવાની હેઠળની કંપનીને રાજ્યને ભાગીદાર તરીકે ધ્યાનમાં લેવા જણાવ્યું હતું.

બાન્દ્રા કુર્લા કોમ્પ્લેક્સ (બીકેસી) ખાતે ભારતમાં કંપનીના પ્રથમ 'એક્સપિરિયન્સ સેન્ટર'ના ઉદઘાટન પ્રસંગે ફડણવીસે નોંધ્યું હતું કે ટેસ્લાને દેશમાં તેની સંશોધન અને વિકાસ અને ઉત્પાદન સુવિધાઓ અંગે મહારાષ્ટ્ર શુભેચ્છા આપે છે. 'તમારા સાહસમાં મહારાષ્ટ્રને ભાગીદાર બનાવો' એવી દરખાસ્ત રજૂ કરી મુખ્ય પ્રધાને ઉમેર્યું હતું કે 'કાર

(જુઓ પાનું ૪) ▶▶

# શશિકાંત શિંદે મહારાષ્ટ્ર એનસીપી (એસપી)ના નવા પ્રદેશ પ્રમુખ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્રના ભૂતપૂર્વ પ્રધાન અને વિધાનપરિષદના સભ્ય શશિકાંત શિંદેને મંગળવારે જયંત પાટીલના સ્થાને એનસીપી (એસપી)ના રાજ્ય એકમના નવા પ્રમુખ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા. એનસીપી (એસપી)ના પ્રવક્તા ક્લાઈડ ક્રાસ્ટોએ જણાવ્યું હતું કે, અહીં પાર્ટીની સામાન્ય સભામાં એનસીપી (એસપી)ના પ્રમુખ શરદ પવાર દ્વારા શિંદેની નિમણૂકની જાહેરાત કરવામાં આવી હતી. તેમનું નામ ભૂતપૂર્વ પ્રધાન અનિલ દેશમુખ દ્વારા પ્રસ્તાવિત કરવામાં આવ્યું હતું અને શિરુરના સાંસદ અમોલ કોલ્હે અને ભૂતપૂર્વ વિધાનસભ્ય સુનીલ ભુસારાએ તેને સમર્થન આપ્યું હતું. બાદમાં, શરદ પવારે માઈક લીધું હતું અને કહ્યું હતું કે તેમને આ પદ માટે એક જ નામ મળ્યું છે,

(જુઓ પાનું ૪) ▶▶

# મેટ્રો-ટૂએ અને મેટ્રો-૭માં આજથી સર્વિસમાં વધારો

મુંબઈઃ મેટ્રો- ટૂએ અને મેટ્રો-૭માં પ્રવાસ કરનારા પ્રવાસીઓ માટે મહત્ત્વના સમાચાર સામે આવ્યા છે. મુંબઈગરાનો પ્રવાસ સુખદ બનાવવા માટે દહીંસર-અંધેરી વેસ્ટ મેટ્રો-ટૂએ અને દહીંસર-ગુંડવલી વચ્ચે દોડતી મેટ્રો-૭ રૂટ એમએમઆરડીએ અને એમએમએમઓસીએલ પર સર્વિસ વધારવાનો નિર્યણ લીધો છે.

મેટ્રો-ટૂએ અને મેટ્રો-૭ આ બંને રૂટ ઉપનગરમાં રહેતાં લોકો માટે ખૂબ જ જરૂરી છે. આ રૂટ પર પ્રવાસીઓ કરનારા પ્રવાસીઓની સંખ્યા પણ વધી રહી છે. જ્યારથી આ મેટ્રો લોન્ચ કરવામાં આવી છે ત્યારે દિવસમાં માત્ર ૩૦,૦૦૦ પ્રવાસીઓ પ્રવાસ કરતાં હતા, પણ ૨૦૨૪થી આ સંખ્યા વધતી ગઈ. હવે આ રૂટ પર દિવસના અઢીથી ત્રણ લાખ પ્રવાસીઓ પ્રવાસ કરે છે.

બંને રૂટ પર પ્રવાસીઓની વધતી સંખ્યાને ધ્યાનમાં લેતાં એમએમઆરડીએ અને એમએમએમઓસીએલ દ્વારા વધુને

(જુઓ પાનું ૪) ▶▶


કુલીન કુમાર હોલિડેઝ - એક માત્ર ટૂર કંપની "Word of Mouth" થી પ્રગતિના પંથે
ચાહો તે પસંદ કરો.
બનશે પ્રવાસ આયોજન યાદગાર.

AUTUMN SPECIAL જાપાન ૧૧ રાત્રી / ૧૨ દિવસ

ટોકિયો, હિરોશિમા, ઓસાકા, ક્યોટો, નાગોયા, માઉન્ટ ફુજી
નિયમીત પ્રસ્થાન સપ્ટેમ્બરથી ઓક્ટોબર

વિયેતનામ ૧૧ રાત્રી / ૧૨ દિવસ

હો ચિ મિન, સાપા, ફૂ કોક, દ નાંગ, હેનોઈ, હા લૉંગ બે
નિયમીત પ્રસ્થાન સપ્ટેમ્બરથી માર્ચ

AUTUMN SPECIAL અમેરિકા ૧૬ રાત્રી / ૧૭ દિવસ

સાન ફ્રાન્સિસ્કો, લેક તાહો, લોસ એન્જલસ, લાસ વેગાસ, નાયગરા ફોલ, વોશિંગ્ટન ડીસી, ન્યૂ યોર્ક
નિયમીત પ્રસ્થાન સપ્ટેમ્બરથી ઓક્ટોબર

AUTUMN SPECIAL સાઉથ કોરીયા ૦૯ રાત્રી / ૧૦ દિવસ

સિઓલ, જેજુ આયલેન્ડ, બુસાન, ગ્યોન્જુ
પ્રસ્થાનઃ ઓક્ટોબર

ટૂર ની વિશેષતા
▶▶ ભરપુર સાઈટ સીઈંગનો સમાવેશ
▶▶ દરરોજ બ્રેકફાસ્ટ, લંચ અને ડીનર રાજસ્થાની રસોઈયા દ્વારા
▶▶ ગુજરાતી, હિન્દી, ઈંગ્લીશ બોલતા નિષ્ણાંત ટૂર લીડર
▶▶ લક્ઝરી હાયટેક એ.સી. બસમાં મુસાફરી
▶▶ ટૂર કિંમત કોઈપણ છુપા ખર્ચ વગર
▶▶ સ્પષ્ટ ટૂર પ્રોગ્રામ તથા પ્રામાણિક વ્યવહાર

SCAN ME
NO GIMMICKS. NO HYPE. SINCE 1976.
KULIN KUMAR HOLIDAYS
Head Office: Opera House, Mumbai. Tel.: +91-22-4355 5555
sales@kulinkumar.com | www.kulinkumar.com | Toll Free: 1800 103 8055
Ahmedabad: 079-40036900 | Surat: 0261-4883555 | Pune: 020-25537344 | Mulund: 022-25695500
Follow us on @kulinkumarholidays for live tour moments!


"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1563/1957.** ''મુંબઈ સમાચાર'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨,દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલઃ **samachar.bombay@gmail.com** ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1563/1957.**